
અક્ષરના હસ્તાક્ષર



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૨

અક્ષરના હસ્તાક્ષર

(પ્રમુખસ્વામી મહારાજના પત્ર વ્યવહારની એક સમીક્ષા)

સાધુ પ્રિયદર્શનદાસ

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

અક્ષરના હસ્તાક્ષર
(પ્રમુખસ્વામી મહારાજના પત્ર વ્યવહારની એક સમીક્ષા)

તૃતીય આવૃત્તિ :
નવેમ્બર, ૧૯૯૫.

પ્રત :
૧૦,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
રૂા. ૭-૫૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

હૃદયોર્મિ...

સ્વામી !
આપ સ્વયં અમૃત છો.
આપના અમૃત સભર અમૃત મહોત્સવે,
સૌ અમૃત સંતાનો,
અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.
આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે
આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !
'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'
આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્ગારો અમને યાદ છે.
આપ સંમતિ આપતા જ નહોતા !
છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !
આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !
ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના
જયંતી મહોત્સવની ઊજવણી વખતે
આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !
આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.
સ્વયંસહજ ભગવાનના ધારક છો.
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !
એટલે જ,
આ એક અમૃત મહોત્સવ તો શું ?
અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે
એવું આપનું વ્યક્તિત્વ છે,

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી

સાધુ કેશવજીવનદાસ

(મહંત સ્વામી)



આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ધ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિવને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતા આ પ્રત્યેક પ્રકાશન શ્રેણીના લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિવને સમજવા માટે જુદાં ચક્ષુ, જુદી દૃષ્ટિ જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય અત્યંત વામણું પુરવાર થાય છે એવા સ્વામીશ્રીના વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકાના લેખક પૂજ્ય પ્રિયદર્શન સ્વામીનો અમે હૃદયપૂવક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ

સ્વામિનારાયણ અક્ષર

અક્ષરના હસ્તાક્ષર

અનુક્રમ

પત્ર : વિરાટ વ્યક્તિત્વનો દસ્તાવેજ ૫
એક વાસ્તવિક છતાં, દંતકથા સમું વિશ્લેષણ ૧૨
'સૌના ભલામાં સ્વનું ભલું....' ૧૩
ગતિ સાતત્યનું રહસ્ય ૧૭
આત્મીયતાનાં એ અમીઝરણાં ૨૦
વિવિધા ૨૫
કાળજડે કોરાયું નામ ૨૭
સ્વામીશ્રી અને સમાજ ૩૦
કર્મઠતા ૩૫
ચીવટ ૩૭
સાદાઈ ૩૯
કરકસર ૪૦
શતાવધાન વૃત્તિ ૪૨
સરળતા ૪૩
નિર્વૈર ૪૫
સ્વરૂપ દર્શન ૪૬
સ્મરણશક્તિ ૪૭
સ્વામીશ્રી અને બાળકો ૪૮
સ્વામીશ્રી અને યુવાનો ૫૦
સૌના સુહૃદ ૫૩
અગમપથના ભોમિયા ૫૬
આદર્શ શિલ્પી ૬૩
આ મૂર્તિના ચમત્કાર ૬૭
સ્વામીશ્રીનાં ચિત્રો ૬૮
નમું પત્રમૂર્તિ.... ....૭૧
એક અનોખું દર્શન ૭૩

પત્ર : વિરાટ વ્યક્તિત્વનો દસ્તાવેજ

રક્ષાબંધનના એ પુણ્યપર્વે
સ્વામીશ્રીના હસ્તે રક્ષા મેળવવા માટે એટલો ધસારો હતો કે કોણ ક્યાં ફંગોળાતું એની ખબર જ ન પડે.
એક નાનકડા બાળકના એ જ હાલ હતા.
ઊંચા આસને બિરાજેલા સ્વામીશ્રીના સ્પર્શને પામવા માટે એ સહેજ નજીક આવે, એના પગ સ્થિર થાય ન થાય અને ફંગોળાય.
એક વાર,
બે વાર,
અને ત્રીજી વાર પણ એ જ દશા.
બધું જ વિફળ.
સ્પર્શને પામવું એ બાળમાનસની ઝંખના હતી.
આ ઝંખનાને સફળ કરવાનો ઉપાય પણ એણે શોધી કાઢ્યો.
એણે સ્વામીશ્રીના નામે એક નાનકડી ચબરખી લખી. અને ધસારો હળવો થયો ત્યારે એ સ્વામીશ્રી પાસે પહોંચ્યો.
પગના પંજે ઊંચો થઈ, અને બે હાથ ઊંચા કર્યા.
સ્વામીશ્રીની દૃષ્ટિ એના ઉપર પડી. થોડા નીચા નમીને જાતે જ એ ચબરખી લઈ લીધી. આશીર્વાદ આપ્યા.
સભા પૂરી થઈ અને સ્વામીશ્રી ઉતારે પધાર્યા.
અત્યાર સુધી સાચવી રાખેલી પેલી ચબરખી વાંચીને રૂમમાં પડેલી પોતાની પાઘમાં સરકાવી દીધી.

બે દિવસ વીત્યા પછી ત્રીજા દિવસે રાત્રે જમી રહ્યા પછી સ્થાનિક વ્યવસ્થાપક સંતોને બોલાવ્યા. પેલી ચબરખી પણ મંગાવીને સંતોને આપતા કહ્યું : 'લ્યો ! વાંચો આ....'

સંતો એ ચબરખીને ખોલે એ પહેલાં જ સ્વામીશ્રી બોલવા માંડ્યા : 'તમને એમ કે સ્વામીને ઊંચા આસને બેસાડીએ એટલે એમનો મોભો વધે. પણ એવા ઠઠારા શું કરવાના ? આસને કરીને ઓછી મોટપ છે ? અમે અને બાળક એકબીજાને સરળતાથી મળી શકીએ એવું અમારું આસન રાખવું. ઊંચા આસનથી કંઈ મોટા થઈ નથી જવાના.'

સ્વામીશ્રીના આ આદેશમાં કંઈક આક્રોશ હતો. કારણ કે એમની જીવનશૈલીથી આ તદ્દન વિપરિત હતું. ભગવાનના અખંડ આનંદમાં સદા નિમગ્ન રહેવા છતાં કેવળ આપણા માટે, આપણા જેવા થઈને આપણે પહોંચી શકીએ એવા આસન ઉપર જ સ્વામીશ્રીએ હંમેશાં પોતાની બેઠક બનાવી છે.

આ કરુણા જ એમની જીવનશૈલી છે.

સૌના અંતરના આસને બિરાજવા માટે તેઓ સૌના થઈને રહ્યા છે.

નાનામાં નાની વ્યક્તિ પોતાને પામી શકે અને પોતે પણ સૌનાં અંતરને સ્પર્શી શકે એ માટે તેઓએ પોતાનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રાખ્યાં છે.

પત્ર એ સ્વામીશ્રીને પામવાનું સુગમદ્વાર છે.

પત્રના સહજ આસને બિરાજીને સ્વામીશ્રી સૌને મળ્યા છે. મળી રહ્યા છે.

એમનો સૌ પ્રત્યેનો આ અનુરાગ જળ જેવો પારદર્શક છે. જળ જેમ પોતાના ધ્યેયને પામવા કોઈપણ વિઘ્નને અતિક્રમી જઈ શકે છે અને સાથે સાથે નાનામાં નાના છિદ્ર સુધી જઈ શકે છે એમ સ્વામીશ્રી પણ વિઘ્નોને ન ગણકારીને પ્રત્યેકની પાસે પત્રરૂપે પહોંચ્યા છે. દરેકનો આ અનુભવ પણ છે.

મુંબઈના જાણીતા ઈન્કમટેક્ષ કન્સલટન્ટ અને સમાજસેવક હીરાલાલ સોઢાએ સ્વામીશ્રી ઉપર લખેલા પત્રમાં લખ્યું છે, '..... આટલાં રોકાણ છતાં આપ પૂજ્યશ્રી કોઈના પણ પત્રનો જવાબ આપવાનું ચૂકતા નથી એ ખરેખર આપની મહાનતાનો આ પુરાવો છે... હું જ્યારે રાજકોટ હતો ત્યારે એક અન્ય સમ્પ્રદાયના અનુયાયીઓએ તે સંતની ઉપસ્થિતિમાં બે શબ્દો બોલવાનું મને કહ્યું ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે - આ સંત કાગળનો જવાબ આપવાનું ચૂકી ગયા હતા, જ્યારે મેં નજરે નજર જોયેલ છે કે પૂજ્યશ્રી પ્રમુખસ્વામી અનેક રોકાણોમાં રોકાયેલ હોવા છતાં પત્ર પૂરો વાંચીને તાત્કાલિક જવાબ દરેકને આપે છે.... મને આપનાં હસ્તાક્ષર મળ્યા તે મારી જિંદગીનો લ્હાવો સમજું છું.'

અમદાવાદની બેંકમાં નોકરી કરતા રમેશભાઈ રાવળને એમના ઉપરી અધિકારીઓએ બદલીના સંદર્ભમાં પૂછ્યું, 'તમે સારંગપુર (બોટાદ) ખાતે જશો ?'

'હું પ્રમુખસ્વામીને પૂછી જોઈશ ને તેઓ હા પાડશે તો જઈશ.'

'તમે કઈ રીતે પૂછશો.'

'ટપાલ લખીશ.'

'આટલા મોટા સંતને તમારા આવા પ્રશ્નોનો ઉત્તર લખવાની ફૂરસદ મળશે ?' રમેશભાઈ કહે : 'અમારા સ્વામી તો દરેકના પત્રનો ઉત્તર આપે છે.'

નાનાથી માંડીને મોટી પ્રત્યેક વ્યક્તિનો આ જ વિશ્વાસ છે. સૌની સાથે અવિરત ચાલતી આ મુલાકાતનાં દર્શન આપણને સૌને અવશ્યપણે સભામાં થઈ શકે છે.

સ્વામીશ્રીએ ભગીરથ પ્રયત્ન કરીને જાણે પત્રની ગંગા અવતારી છે.

આ ગંગામાં સ્નાન કરેલાં સૌનાં શાંતિનાં દ્વાર ઉઘડી ગયાં છે.

સ્વામીશ્રીના આ પવિત્ર પત્ર પ્રવાહમાં અવગાહન કરતાં જ સુમધુર નિનાદ કાને અથડાશે. '........મારે તો એકે એકને ધણી બનાવવા છે.

સમય પતે ને રાજી થાય એ મજૂર.

કામ પતે ને રાજી થાય એ ધણી.

સેવા સોંપી હોય ને એમાંથી મન ઊઠી જાય તો તે મજૂરી જ છે.

મજૂર હોય એ કામ કરીને જતો રહે. કામમાં એને રસ જ ન હોય, ભક્તિ ન હોય. મારે આવા મજૂર ભેગા કરવા નથી. ધણી બનાવવા છે. સેવા કરતાં કંઈક પ્રસંગ બને તોય ઉદાસ થાય નહીં. સામેથી માથું મારે. શું છે ? શું કરું ? આવા સૌને કરવા છે. એક એક ભગતજી જેવા શૂરવીર કરવા છે. માયકાંગલા નહીં.... આ હૃદયની વાત છે.'

એક પત્રના વિશિષ્ટ સંદર્ભમાં બોલાયેલી આ જીવનભાવનામાં સ્વામીશ્રીની પત્રભાગીરથીના જબરજસ્ત વહેણનું અને સમાજને કઈ દિશામાં લઈ જઈને સ્થિર કરવો છે એ ધ્યેય અદ્‌ભુત રીતે વ્યક્ત થાય છે.

સ્વભાવે નમ્ર અને દુઃખના સમયે કઠણ, શ્રમમાં પુરુષાર્થી અને સ્વપ્રશંસાના સમયે નિષ્ક્રિય, વ્યવહારમાં સૌહાર્દી અને અંતરથી અનાસક્ત, પ્રશ્નોમાં સ્થિર અને મદદે જવામાં ગતિશીલ, સંસારનાં સુખ મેળવવામાં શિથિલ અને આત્મારૂપે રહીને પરમાત્માનાં સુખને પામવામાં પ્રતિબદ્ધ. આવા એક ભવ્ય સમાજનું સર્જન કરવાની તમન્ના સ્વામીશ્રીની કલમમાં આલેખાયેલી પડી છે. પત્ર એ સ્વામીશ્રીના વિરાટ વ્યક્તિત્વને દર્શાવતો અમૂલો દસ્તાવેજ છે.

એક આદર્શ સમાજ પોતાના જીવન દ્વારા દુનિયાને દિશા દર્શાવે એવું એક ઉમદા

સ્વપ્ન લઈને સતત કર્મરત રહેતા સ્વામીશ્રીનું જીવન સ્વયં એક યોગ છે. એક યાગ છે. અખંડ ચાલતા આ પવિત્રયજ્ઞમાં પત્રવ્યવહાર એક સમિધ છે. એ પવિત્ર અગ્નિમાંથી ઉદ્ભવતા તેજોમય સ્ફૂલિંગોમાંથી સ્વામીશ્રીની એક વિરાટ છવિ ઊભરી આવે છે.

આ અણખેડાયેલી અને અણજાણી પત્રોની દુનિયામાં ડોકિયું એટલે સ્વામીશ્રીના વિરાટ વ્યક્તિત્વનું દર્શન.

સ્વામીશ્રીનું શ્રીહરિ સાથેનું અખંડ તાદાત્મ્ય, અખંડ દાસત્વપણું, અખૂટ સામર્થ્ય, સૌને મહારાજનાં સુખે સુખિયા કરવાની તત્પરતા, નાના-મોટા સૌ પ્રત્યેની અપાર વત્સલતા, સમદૃષ્ટિ, સમાજને ઊંચો લાવવાની ખેવના, કર્મરતિ, નમ્રતા, કરકસર અને ઉદારતા, ચીવટ, તન્મયતા અન ધગશ, આશ્ચર્યકારી સ્મરણશક્તિ અને શતાવધાનવૃત્તિ, સ્થિતપ્રજ્ઞતા અને સાધના, વ્યવહારકુશળતા અને સાધુતા.

જાણે આવા અનંત ગુણોનું એક જ બિંદુએ દર્શન આ પત્ર વ્યવહારમાંથી અનાયાસ જડી આવે છે.

માનવના સર્વાંગી વિકાસની ચિંતા કરનાર માટે એ જરૂરનું છે કે ઈશ્વરની અપાર કૃપાળુ દૃષ્ટિ ઉપર જ ઈમારત ચણે. આધ્યાત્મિક વિકાસની ભૂમિકા ઉપરથી મનુષ્ય જીવનનો વિચાર કરે.' સ્વામીશ્રીના પત્રોનો આ સાર છે.

ભૌતિક વિકાસને અવગણ્યા વગર એની આડઅસરોમાંથી બચવા માટે સ્વામીશ્રીએ હંમેશાં આધ્યાત્મિક ઉચ્ચ મૂલ્યોને આગળ કર્યાં છે. જીવનના કેન્દ્રમાં આ આધ્યાત્મિકતાનું પલ્લું હંમેશાં ભારે રહે એ સ્વામીશ્રીના પ્રયત્નોનો એક ભાગ છે. એમના પત્ર-વ્યવહારમાંથી આ સ્પષ્ટ અનુભવી શકાય છે.

અપાર વત્સલતા અને કરુણાએ તો જાણે એમના પત્રોમાં ખૂણો જ કરી રાખ્યો છે.

આટલો જટિલ વહીવટ, વિશાળ કારોબાર અને અસંખ્ય નાની મોટી પ્રવૃત્તિઓની વચ્ચે પણ નાનામાં નાની બાબતો ઉપર તેમનું ધ્યાન કેટલું જાય છે, એનો સાક્ષી આ પત્રવ્યવહાર છે.

સ્વામીશ્રીનો પત્ર પ્રાપ્ત થતાં હરિભક્તનાં અંતર કોળી ઊઠે છે. તેઓના ઘરે સાક્ષાત્ સ્વામીશ્રી પધાર્યા હોય એવી સંવેદના તેઓ અનુભવે છે. અનંત પ્રશ્નોથી ઘેરાયેલું વાતાવરણ આ પત્ર પહોંચતાં હળવું બની જાય છે. સ્વામીશ્રીના પત્રો પરિણામગામી છે.

કારણ કે એમાં ઔપચારિકતા નહીં પણ લાગણી ભળેલી છે. સો સલાહો કરતાંય અંતરની લાગણીથી ભીંજાયેલો શબ્દ વિશેષ અસરકારક નીવડે છે.

પ્રત્યેક પ્રશ્નાર્થને છેડે પૂર્ણવિરામ પણ હોય જ છે. સ્વામીશ્રીએ પત્રનો સેતુ રચીને અસંખ્ય વ્યક્તિઓને પૂર્ણ વિરામ - શાશ્વત શાંતિ તરફ ગતિ કરાવી છે.

✡

દુનિયાની દૃષ્ટિએ 'સુખ' કહી શકાય એવું એમની પાસે બધું જ હતું. વૈભવી મકાન, વિદેશી ગાડી, નોકર-ચાકર અને પુત્ર પરિવાર. ઘરની ચાર દીવાલો વૈભવની ચાડી ખાઈ રહ્યા હતા.

અને તેમ છતાં પ્રત્યેકને અસંતોષ હતો. એક પ્રકારનો ખાલીપો એમાં ઝુરતો હતો.

પતિ-પત્ની અને બાળકો વચ્ચે એક એવા સેતુની જરૂર હતી, જે તેઓને નજીક લાવી આપે.

કારણ કે પરિવારના પ્રત્યેક સભ્યને આધુનિકતાનું વળગણ હતું. ધંધો, કલબ અને પબની વચ્ચે અટવાતા દરેકને સમાજમાં પોતપોતાનો મોભો અને રૂઆબ વધારવામાં જ રસ હતો. મારાપણાનું આ વર્તુળ એટલું સંકુચિત બની ગયું હતું કે પરિવારના પોતીકા સંબંધો વિદેશી/પરાયા બની ગયા હતા. ઉચ્ચ ભણતર, પૈસા અને સત્તાનો અહં એકબીજા સાથે અથડાયે રાખતો હતો. કોણ કોને નમે ?

પરિણામે, બધું જ હોવા છતાં આધુનિકતા અભિશાપ બનીને વૈભવની ઝાકઝમાળ વચ્ચે પણ અંધારા પાથરી રહી હતી.

સ્વામીશ્રીનો પત્ર સ્નેહ-સેતુ બનીને એ ઘરમાં પહોંચ્યો.

'.... સ્વભાવ દરેકના છે પણ દરેકના સ્વભાવને આપણે અનુકૂળ થવું એ મોટાની મોટાઈ છે.

.... ધંધો તો છે જ પણ એમાંથી ટાઈમ ઓછો કરીને ઘરમાં વિશેષ ધ્યાન આપવું જેથી એકબીજાને મદદરૂપ થવાય.

.... ઘરમાં બધી એક જ ફેમીલી છે. જુદાપણું માનવું નહીં. એક-બીજા પ્રત્યે પ્રેમ, આત્મીયતા વધે તેવાં વાણી-વર્તન કરવાં. છોકરા મોટા થયા. તેઓને હેત સારી રીતે કરવું ને તેઓને પણ આપણા વિષે હેત થાય એમ કરશો.

.... જેમ આપણી દીકરીઓ છે એવી જ લાગણી છોકરા અને એની વાઈફ પ્રત્યે રહે અને તેઓ બન્નેની લાગણી આપણા તરફ (મા-બાપ જેવી) રહે એવું કરવું.... તો સૌને શાંતિ રહેશે.'

સ્વામીશ્રીના પત્રમાં વ્યવહારુ ડહાપણનો અર્ક તો હતો જ પરંતુ વિશેષ તો લાગણીનો આવિષ્કાર હતો. આ એક જ પત્રે એ પરિવારના મૃત સંબંધોમાં પ્રાણ સીંચ્યો એક ચમત્કાર સર્જાયો.

આધુનિકતાની આંધળુકતા ખરી પડી.

પરસ્પરના પશ્ચાત્તાપના આંસુઓ વડે સીંચાયેલું એક તુલસીનું ઉપવન રચાયું.

આ તુલસીના ક્યારે સ્નેહના દીવા પ્રગટ્યા અને આત્મીયતાનો શીતળ ઉજાસ ખૂણે ખૂણે પથરાયો. વૈભવથી ભર્યું આ 'મકાન' હવે આંતરવૈભવથી છલકાતું ઘર બન્યું. આજે પણ એ પત્ર દીવાનખંડમાં ફ્રેમમાં મઢાઈને સૌને પ્રેરણા આપી રહ્યો છે.

✡

સૌરાષ્ટ્રના એક ઉપનગરમાં એક સત્સંગીની દીકરીએ કુટુંબને અંધારા રાખીને પોતાના ભંગી પ્રેમી સાથે લગ્ન કરી નાંખ્યાં. ઉજળિયાત કુટુંબ માટે આ સમાચાર આઘાતજનક તો હતા જ. એમાંય નગરના લોકોએ એમનો બહિષ્કાર કર્યો એટલે દાઝ્યા પર ડામ દેવાયો. પોતાની પરિસ્થિતિનું વર્ણન તેઓએ સ્વામીશ્રી સમક્ષ પત્ર દ્વારા કર્યું. '.... મમ્મી આખો દિવસ રોયા કરે છે. શું મોઢું લઈને ફરવું ? આબરૂનો સવાલ છે. કોઈ મમ્મી-પપ્પાને બોલાવતું નથી. એણે જે કર્યું એનું ફળ મમ્મી ભોગવે છે. બાપા ! દુઃખ સહન નથી થતું.... અમારે બીજો કોઈ સહારો નથી. આપ અમારા પ્રાણ છો.... અમોને રસ્તો બતાવો. બે મહિનાથી મમ્મી બહાર જતી નથી. તમે જાણો છો કે આબરૂ મળવી બહુ અઘરી છે....'

સ્વામીશ્રીએ તેઓને લખ્યું '.... તમારાં બહેને લગ્ન કરેલ છે તો તે માટે કાંઈ દુઃખ કરવાની જરૂર નથી. તેના પ્રારબ્ધ મુજબ થયું હશે... આપણે આપણી ફરજ મુજબ કરેલું છે. માટે મહારાજની ઈચ્છા મુજબ થયું હશે તેમ માનીને રાજી રહેવું અને સમાજમાં ને સત્સંગમાં શરમાવા જેવું ન રાખવું. થોડા દિવસ લોકો કહેશે પણ પછી ભૂલી જશે. ભલે હમણાં કોઈ ન બોલે પણ તમારે ક્ષોભ ન પામવો. આજકાલ તો મોટાં મોટાં ઘરોમાં આવા પ્રસંગો બને છે. માટે ક્ષોભ પામવા જેવું નથી. મહારાજ સારું કરશે.' સમાજગત રૂઢિઓમાં બંધાયેલા માનસને પારખીને સ્વામીશ્રીએ જે રીતે માર્ગદર્શન આપ્યું છે એમાં સ્વામીશ્રીના એક આદર્શ મનોવૈજ્ઞાનિક તરીકેનાં દર્શન થાય છે. સ્વામીશ્રીના આ પત્રે શું જાદુ કર્યો એ લખવાની કાંઈ જ જરૂર નથી.

✡

મહાનગરમાં રહેતા એક ગૃહસ્થ ખિન્ન વદને ઘરમાં આમથી તેમ આંટા મારી રહ્યા હતા. બે દિવસ થયા છતાં ઘરમાં હજી કોઈએ ખાધું ન હતું. છોકરો ઘર છોડીને ક્યાં ભાગી ગયો છે એની કોઈ ભાળ હતી નહીં. એકાએક સર્જાયેલા આ વમળના મૂળમાં હતો 'જનરેશન ગેપ.' બે પેઢી વચ્ચેનું વૈચારિક અંતર.

પિતાને પોતાના પુત્રને પરણાવવાની ઈચ્છા હતી અને કન્યા પણ શોધી રાખી

હતી. જ્યારે પુત્રને વ્યવહારમાં વ્યવસ્થિત થવું હતું એટલે પરણવાનો ઈન્કાર કરી રહ્યો હતો. પરંતુ પુત્રના આ વિચારોને ન સમજી શકનાર બાપે પુત્ર ઉપર એવો આરોપ મૂક્યો કે તારું મન ક્યાંક બીજે અપાયેલું છે. પુત્રનો ઈન્કાર એમના મનની શંકાને વધારે દૃઢાવતો હતો. આ શંકા વિસ્ફોટમાં પરિણમી અને પુત્ર ઘર છોડીને ભાગી ગયો. ઈચ્છા તો હતી કે જીવન ઉપર જ પૂર્ણવિરામ મૂકી દેવું જેથી પ્રશ્ન કાયમ માટે હલ થઈ જાય. પરંતુ સત્સંગના સંસ્કાર કામમાં લાગ્યા. એ સ્વામીશ્રી પાસે આવ્યો. બધી જ હકીકત જણાવી. સ્વામીશ્રીએ એના પિતા ઉપર પત્ર લખી આપ્યો.

'પૂ. _______ ભાઈ,

.... ના લગ્ન સંબંધી આપને જણાવવાનું કે હાલ તેને લગ્ન કરવાની ઈચ્છા નથી માટે ખોટું દબાણ કરવાથી ભવિષ્યમાં મુશ્કેલી થાય. માટે તમે જરા પણ આગ્રહ રાખશો નહીં. તેને બીજી કોઈ છોકરી સાથે સંબંધ છે કે ત્યાં કરવા માંગે છે તેવો વહેમ રાખશો નહિ. એ ગમે ત્યારે એને પસંદ અને આપને અનુકૂળ હશે એમ કરશે. માટે હાલ તમો ઉતાવળ ને આગ્રહ જરાપણ રાખશો નહિ. ને શાંતિ રાખશો. તમો તો કાર્યકર છો. રાત-દિવસ કથા-વારતા કરો છો. સાંભળો છો. તેનું ફળ શું કે શાંતિ રાખવી. ઉગ્ર થવું નહિ. તો રાજી થકા આ વાત માનશો. આશીર્વાદ છે.'

આ પત્ર બે પેઢી વચ્ચે સમન્વયનો સેતુ બની ગયો. સર્જાયેલી ભયંકર તિરાડ વચ્ચે જાણે સ્નેહનો સાગર રચાયો. આવા તો અનેકની આગને સ્વામીશ્રીએ બાગમાં ફેરવી છે.

બે અવતરણ ચિહ્નોની વચ્ચે સ્વામીશ્રીએ કેવળ આશ્વાસનના ઠાલા શબ્દો જ નથી લખ્યા, પરંતુ મૂર્તિમાન શાંતિનું અવતરણ કર્યું છે.

દુનિયાની દૃષ્ટિએ સ્વામીશ્રી એટલું બધું ભણેલા નથી. માનસશાસ્ત્ર જેવી કોઈ વિદ્યાશાખા આ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે એવો કદાચ એમને ખ્યાલ પણ નહિ હોય. એમણે એવાં પુસ્તકોનું વાંચન પણ નથી કર્યું. તેમ છતાં એમના ઉત્તરોએ અસંખ્ય ચમત્કારો સર્જ્યા છે આ એક હકીકત છે. સમસ્યાઓને સમસ્યા તરીકે નહિ પણ એક આવશ્યકતા તરીકે અને ભગવાને મોકલેલી ભેટ તરીકે સ્વીકારીને ધીરજથી, ભગવાનનું બળ રાખીને એને ઉકેલવી એ સ્વામીશ્રીની દૃષ્ટિ છે.

સમસ્યાઓને સુલઝાવવાનાં સ્વામીશ્રીનાં સમીકરણો જ જુદાં છે.

સમસ્યાની સામે સહ-અનુભૂતિ/સમ-અનુભૂતિ.

સમસ્યાની સામે સ્વાર્પણ.

સમસ્યાની સામે નિર્મળપ્રેમ.

સમસ્યાની સામે કરુણા.

સમસ્યાની સામે નિઃસ્વાર્થવૃત્તિ.

સમસ્યાની સામે સૌહાર્દ.

સમસ્યાની સામે નિર્દંશતા અને મૈત્રી.

સૌની સમસ્યાને પોતાની માને ત્યારે જ આવાં સમીકરણો રચાતાં હોય છે. તેઓની આ ભાવનાઓ એમના પત્રોમાં યત્ર, તત્ર, સર્વત્ર વણાયેલી જોઈ શકાય છે.

સ્વામીશ્રીનો પત્રવ્યવહાર એટલે નાના-મોટા તમામ હરિભક્તોના ઘરે દોડી જઈને એને સુખી જોવાની સ્વામીશ્રીની કરુણાસભર ઝંખના.

સ્વામીશ્રી તો સૂર્ય છે. પોતાનાં પત્રકિરણો દ્વારા નાના-મોટા, ગરીબ-તવંગર, ઊંચ-નીચ, દેશ-વિદેશ બધે જ તેઓ પહોંચ્યા છે અને પ્રકાશ પાથર્યો છે.

આ પ્રત્યેક પત્રોનો સરવાળો એટલે ઉપરનું સમીકરણ. અને એ દ્વારા સર્જાતું સ્વામીશ્રીનું વિરાટ પત્ર-વ્યક્તિત્વ.

એક વાસ્તવિક છતાં, દંતકથા સમું વિશ્લેષણ

પત્ર દ્વારા સ્વામીશ્રી ક્યાં ક્યાં નથી પહોંચ્યા ? એક પ્રશ્ન છે.

સમાજના પ્રત્યેક ઘટકને સ્વામીશ્રી પત્ર દ્વારા સ્પર્શ્યા છે.

સમાજની પ્રત્યેક જરૂરતને સ્વામીશ્રી પત્રો દ્વારા પામ્યા છે.

સમાજના પ્રત્યેક પ્રશ્નોને સ્વામીશ્રીએ પત્રો દ્વારા સુલઝાવવા પ્રયત્ન કર્યો છે.

ટૂંકમાં, પ્રત્યેકના મર્મને સ્વામીશ્રી પત્રો દ્વારા સ્પર્શ્યા છે.

એક એક પત્રની પછવાડે એક એક ઈતિહાસ રચાયેલો પડ્યો છે, પરંતુ લાખોની સંખ્યામાં લખાયેલા એ પત્રોને પામવાનું કાર્ય આકાશને બાથે ભીડવા જેવું છે.

માન્યામાં ન આવે એવી આ વાત હોવા છતાં આ એક નરી વાસ્તવિકતા છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્વધામગમન પછીના ચોવીસ વર્ષ એ સ્વામીશ્રીનું કાર્યફલક છે. આ વર્ષો દરમ્યાન દરેક ક્ષેત્રને સ્પર્શતાં સ્વામીશ્રીનાં કાર્યને ગાણિતિક વિશ્લેષણ દ્વારા નજર અંદાજ કરવા જેવું છે. કદાચ તો જ સ્વામીશ્રીએ કરેલાં કાર્યોને સાચી રીતે મૂલવી શકાશે.

ચોવીસ વર્ષના આ કાર્યકાળમાં અત્યંત આવશ્યક એવી દૈહિક ક્રિયાઓને બાદ કરતાં તેઓએ પોતાના જીવનના -

- ૫.૯૧ વર્ષ સતત મુલાકાતો અને મીટિંગોમાં
- ૩.૫૧ વર્ષ પધરામણી અને મુસાફરીમાં
- ૨.૯૫ વર્ષ સભા અને ઉપદેશ આપવામાં ગાળ્યા છે

અને આટલી જબરજસ્ત પ્રવૃત્તિઓની વચ્ચે પણ રોજના પચાસ પત્રોની

વાંચવા-લખવાની સરેરાશ સાથે ૧.૯૨ વર્ષ આ પત્રવ્યવહારની પાછળ ગાળ્યા છે.

અર્થાત્

- સ્વામીશ્રી એક કલાકમાં સરેરાશ ૧૦ વ્યક્તિને મળ્યા હોય તો ૫.૯૧ વર્ષમાં ૫,૧૦,૬૨૪ જેટલા ભક્તોના અંગત પ્રશ્નોમાં રસ લઈને તેઓને સુખિયા કર્યા છે.

- રોજનું સરેરાશ એક કલાક ઉપદેશામૃત વહાવ્યું હોય તો ૨,૫૯,૨૦૦ ફૂલસ્કેપ પેપરો લખાય એટલું તેઓ બોલ્યા છે.

- ૩.૫૧ વર્ષના સતત પરિભ્રમણ દ્વારા ૯,૦૦૦ થી વધુ ગામો, શહેરો અને દેશો અને ઓછામાં ઓછા બે લાખ ઘરો તેઓશ્રીના મંગલસ્પર્શે પાવન બન્યાં છે.

એ જ રીતે,

સરેરાશ ૫૦ પત્રોની આવન-જાવનના હિસાબે સ્વામીશ્રીએ અત્યાર સુધીમાં ૧.૯૨ વર્ષના સતત વાંચન-લેખન દ્વારા ૪,૩૫,૦૦૦ પત્રો વાંચ્યા અને લખ્યા કહી શકાય.

- ૧૦ સેકન્ડમાં સરેરાશ એક લીટી સ્વામીશ્રીએ લખી હોય તો અત્યાર સુધીમાં તેઓએ ૩૦,૨૪,૦૦૦ લીટીઓ લખી છે.

આ કેવળ કલ્પના કે ગણિતની રમત નથી.

આ તો ઉવેખી ન શકાય એવી નક્કર વાસ્તવિકતા છે.

મહાપુરુષો ક્યારેય ઈતિહાસ રચવા બેસતા નથી. તેઓના લોકોત્તર વ્યક્તિત્વ અને કાર્યો સ્વયં એક ઈતિહાસ બની જાય છે. એક દંતકથા જેવો ભાસતો પણ વાસ્તવિક આ ઈતિહાસ છે.

'સૌના ભલામાં સ્વનું ભલું....'

સ્વામીશ્રીનો પત્ર-વ્યવહાર એટલે સૌના સર્વાંગી અને ખાસ તો આધ્યાત્મિક ઉત્થાન માટે ચાલતો ભૂતયજ્ઞ. આ યજ્ઞમાં તેઓએ કેવળ પોતાની અનુકૂળતાઓને જ નહીં પરંતુ સમગ્ર અસ્તિત્વને હોમી દીધું છે. સૌને સુખી કરવા માટે સ્વામીશ્રીએ પોતાની અંગત ક્ષણો જેવું કંઈ રાખ્યું નથી.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે વર્ણવેલું એક શબ્દચિત્ર સ્વામીશ્રીના સંદર્ભમાં ખૂબ જ પ્રસ્તુત લાગે છે. એ શબ્દોનો ભાવ કંઈક આવો છે : 'પત્ર એ અમુક અંશે અપૂર્ણ માધ્યમ છે. કારણકે એ તો ફક્ત કાગળ ઉપર લખાયેલા શબ્દોનો જ વાહક છે. શબ્દોમાં રહેલી લાગણીની ભીનાશ અને તપશ્ચર્યાને દર્શાવવામાં તો એ હંમેશાં નિરુત્તર જ રહે છે. હૈયું વલોવીને, ઉજાગરા વેઠીને, આંખમાં અશ્રુઓ સાથે લખાયેલા પત્ર પાછળ રહેલી આ તપશ્ચર્યાની બીજે દિવસે સજીધજીને, ટેબલ ઉપર બેસીને

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનો પત્રવ્યવહાર, જાન્યુઆરી : ૧૯૮૭

તારીખ	પત્ર આવ્યા	ઉત્તર આપ્યા	Inland		Post Card		Air Mail		Envelopes		Misc		Hand Delivery		પત્ર લખવામાં સમય - ક.મિ.
			In	Out	In	Out	In	Out	In	Out	In	Out	In	Out	
૧	૨૫	૧૧	૨	–	૧,૪	–	૧	–	૩,૨	૪			૭,૪	૬	૨.૦૦
૨	૨૧	૨૯	૧,૪	૪,૩	૩	૪,૨	૫,૧	૬,૧	૨	૧			૫	૫	૨.૦૦
૩	૨૮	૧૭	૨,૬	૩	–	૪	–	–	૨,૪	૪			૪,૧૦	૬	૩.૦૦
૪	૦૮	૧૩	૧	–	–	–	–	–	૧	–			૧,૪	૩,૨,૭	૩.૦૦
૫	૩૭	૨૨	૬,૨	૭	૬,૧	૪	૩,૧	–	૩,૭	૨			૫,૧,૧	૮	૨.૩૦
૬	૨૧	૧૭	૧,૧	૮	–	૮	૧,૩	–	૩,૨,૩	–			૩,૧,૩	૧	૩.૦૦
૭	૦૯	૨૭	–	૧	–	૧	૧	–	–	૧,૮	–	૧	૧,૫	૧૧,૫	૨.૩૦
૮	૪૮	૧૦	૭,૬	૧	૬,૩,૨	–	૪,૬	૧	૩,૬,૧	૧	૧	–	૧,૨	૧,૨	૨.૦૦
૯	૩૦	૦૮	૨	૧	૧,૧	૨	૬,૧,૪	–	૩	–	૩	–	૩,૧,૩,૧	૫	૨.૩૦
૧૦	૦૨	૧૫	–	૫	–	૨	–	૧	–	૧	–	–	૨	૬	૧.૦૦
૧૧	૦૮	૦૪	૨	–	–	–	–	–	૧	–	–	–	૪	૪	૧.૩૦
૧૨	૬૦	૧૬	૫,૮	૧	૧,૫	–	૭,૧	–	૯,૩,૧	૧૧	૧	૨	૮	૧૨	૨.૦૦
૧૩	૧૭	૨૬	૩	–	૩	–	૪	–	૩	–			૧	૨,૧૮	૨.૦૦
૧૪	૨૯	૧૮	૧,૨	૭,૧	૧૧	૨	૨,૨	–	૨	૧			૪,૩	૨,૩	૨.૩૦
૧૫	૩૦	૪૮	૩,૬	૫,૪	૨,	૫	૧	૧	૨,૬	૨,૪			૧	૨,૨૦	૨.૦૦
૧૬	૨૧	૨૨	૨,૨	૧,૮	૨,૧	૨,૩	૨,૧,૧	૧	૧,૧	૬			૬	–	૩.૦૦
૧૭	૩૯	૧૪	૫	૨	૩	૩	૩,૩	૧	૬	૨			૧૧,૬	૪	૧.૩૦
૧૮	૧૦	૨૯	૧,૧	–	૩	–	૧	૩	–	૧			૪	૪,૯,૧૦	૧.૦૦
૧૯	૪૬	૧૨	૧૨	–	૧	–	૨,૨	–	૬	–			૧૦,૭	૨,૧૦	૨.૦૦
૨૦	૪૩	૨૬	૨,૩	૪,૧	૪,૩	૪	૬,૨	–	૪	૪,૧			૨,૧૦	૨,૩	૦.૪૫
૨૧	૧૯	૨૦	૪	૪	૧	૪	૪	–	૩,૨	૧,૧			૩	૨	૧.૩૦
૨૨	૧૪	૦૯	–	–	૬	–	૮	–	–	–	૧	–	૭	૧,૫	૧.૩૦
૨૩	૩૦	૨૪	૪	૨	૩	૧૦	૪	–	૬	૧૧			૮,૧	–	૨.૩૦
૨૪	૨૭	૦૯	૧૨	–	૩	–	૧	–	૧૦	–			–	૬,૨	૩.૦૦
૨૫	૦૬	૨૧	૧	–	–	–	૨	–	૧	–			૨	૨૧	૨.૩૦
૨૬	૦૦	૦૦	–	–	–	–	–	–	–	–			–	–	૦.૩૦
૨૭	૨૦	૫૧	૪	૫	–	૧૯	૭	–	૭	૩	૨	–	૫,૨	૧૦,૪	૧.૦૦
૨૮	૩૩	૦૦	૨	–	૪,૩	–	૪	–	૩,૧,૧	–	૧,૧	–	૪,૧૮	–	૨.૩૦
૨૯	૩૪	૩૭	૨,૨	૪	૨,૩,૫	૨	૧	૧	૫,૫	૯	૧	–	૨	૬,૭	૨.૦૦
૩૦	૩૩	૧૨	૬	–	૩	–	૬	–	૮	–	૧	–	૬,૨	૨	૨.૦૦
૩૧	૧૮	૬૯	૪	૪,૪	–	૨૦,૮	૬	–	૧	૪,૧	–	–	૪	૨૭	૧.૦૦

નિરાંતે ચા ગટગટાવતા આ પત્રના વાંચનારને શું ખબર હોય ?' તેઓના પ્રશ્નની આ વેધકતા આપણને પણ એટલી જ સ્પર્શે છે. કેવી કેવી પરિસ્થિતિઓ, સંજોગો અને પ્રતિકૂળતાઓ વચ્ચે સ્વામીશ્રીએ નાનામાં નાના હરિભક્તોના સામાન્ય પ્રશ્નોને પણ સુલજાવ્યા છે એનું ચિત્ર હૃદયમાં અંકે કરી લેવા જેવું છે.

૭૦ના દાયકાનું એ ચિત્ર યાદ કરો :

ગુજરાતનાં ગામડાંઓની નગરયાત્રા.

બળદિયા ગાડાં કે ટ્રેક્ટરમાં નીકળેલી સ્વામીશ્રીની નગરયાત્રા. ગરમીના એ દિવસો અને ભરબપોરનો તાપ. ધૂળિયા અને ઉબડખાબડ રસ્તા. એમાંય ભજનમંડળીઓના જુદા જુદા સૂરોનો કોલાહલ. આ ઊડતી ધૂળ અને કોલાહલની વચ્ચે શાંતચિત્તે એકાગ્રતાથી સતત ૨-૩- કલાક ચાલતી નગરયાત્રામાં પત્રો વાંચતા સ્વામીશ્રીનાં દર્શન એ દાયકામાં સહજ સામાન્ય હતાં.

સવારના પહોરમાં ઊઠ્યા પછીની સૌથી પહેલી જ જાહેરક્રિયા દાતણ કરવાની. એ વખતે પણ સ્વામીશ્રી ડૉક્ટર સ્વામી દ્વારા પુછાયેલા પત્રોના જવાબ આપતા જેણે જોયા હશે એને સ્વામીશ્રીની આત્મીયમૂર્તિ સાંભર્યા વગર નહિ રહે.

વસોમાં સ્વામીશ્રીને ૧૦૨° ડીગ્રી તાવ હતો. ઉનાળાનો સમય, એકાદશીનો નિર્જળા ઉપવાસ અને ઘરોઘર પધરામણી. ૧૨૦ ઘરે પધરામણી કરીને સ્વામીશ્રી ભરબપોરે ઉતારે પાછા પધાર્યા. સૌએ વિનંતી કરી કે તાવ છે તો થોડો આરામ કરો. સ્વામીશ્રી કહે, 'આજે એકાદશી. આજે વળી આરામ શેનો ?' આખી બપોર ભર તાપ અને ભર તાવમાં એક જ આસને બિરાજીને પત્રવાંચન કર્યું. સૌના સંતાપ હર્યા.

સ્વામીશ્રીનાં પેઢાંની નબળાઈને કારણે ચોકઠું વ્યવસ્થિત બેસતું ન હતું. આને કારણે લગભગ રોજ દાદરથી કોલાબા દાંતના દવાખાને જવું પડતું. એકવાર સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા એ દરમ્યાન જ એક હરિભક્ત પત્ર આપી ગયા. ચાલુ ગાડીએ એ પત્ર વાંચી લીધો. ઉત્તર તાત્કાલિક આપવાનો હતો પરંતુ લેટરપેડ સાથે હતું નહિ. સ્વામીશ્રી મને કહે, 'તમારી ડાયરીનું પાનું ફાડી આપો.' મેં પાનું ફાડી આપ્યું. સ્વામીશ્રીએ ચાલુ ગાડીએ પત્રનો ઉત્તર લખી દીધો અને મંદિરે પાછા પધાર્યા એટલે તરત જનાર હરિભક્તને એ આપી દીધો.

સુરતમાં યોગી નિર્વાણદિનની ઉજવણીમાં યુવકોનો ઉત્સાહ ખૂબ હતો. ઝીલણિયા કીર્તન વખતે તાનમાં આવેલા યુવકોને એ ખ્યાલ ન રહ્યો કે સ્ટેજ લાકડાંનાં ખપાટિયાનું છે. તેઓના ભાવનૃત્ય(ઠેકડા)ને લીધે આખું સ્ટેજ રીતસર હીલોળા લેતું હતું. આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીનું આસન હાલકડોલક થાય જ. આવી પરિસ્થિતિમાં પણ વિચલિત થયા વગર સ્વામીશ્રી એક ધારું પત્રલેખન કરી રહ્યા હતા.

સૌરાષ્ટ્રના પથરાળ અને કાચા રસ્તાઓમાં ગમે એવી ગાડીની ગતિ ટ્રેક્ટર જેવી જ બની રહે. સારંગપુરથી લાખિયાણી જતાં આવું જ બન્યું. એક વસ્તુમાં ક્ષણવાર પણ આંખ સ્થિર કરી ન શકાય એવી સ્થિતિ અને ગતિમાં સ્વામીશ્રી સ્વસ્થતાથી પત્રો વાંચી રહ્યા હતા.

ગોંડલમાં સ્મૃતિ મંદિરે જતી વખતે જ રસ્તામાં એક ભાઈ ચિઠ્ઠી આપી ગયા. સ્વામીશ્રી ચાલતાં ચાલતાં જ ચિઠ્ઠી ખોલીને વાંચવા માંડ્યા. એક ઠેસ આગળ જ એ વાંચન અટક્યું. સ્વામીશ્રીએ ત્યાં ને ત્યાં એનો ઉત્તર આપી દીધો. હરિભક્તના જીવનમાં આવેલી ઠેસને હટાવવા માટે સ્વામીશ્રીએ પોતાના પગ આગળ આવેલી ઠોકરને ન ગણકારી.

પેઢામાં હજી દાંતનું મૂળ રહી ગયું હતું. આ સંદર્ભમાં એક્સ-રે પડાવવા માટે સ્વામીશ્રી ડૉ. દીક્ષિતની લૅબોરેટરીમાં પધાર્યા. ડૉક્ટર આ અંગેની પૂર્વતૈયારીમાં પડ્યા છે એવું જાણ્યું એટલે સ્વામીશ્રી તરત જ પત્ર મંગાવીને વાંચવા માંડ્યા. તૈયારીઓ થઈ ગયાનું કહેણ આવ્યું ત્યારેય મસ્તક ઊંચું કર્યા વગર પત્રમાં આંખો પરોવીને જ ઊભા થયા. મશીન સુધી વાંચતાં વાંચતાં જ પહોંચ્યા. દાંતનો એક્સ-રે લેવાતા સુધી પત્ર વાંચવો ચાલુ રાખ્યો. કુલ પાંચ એક્સ-રે લેવાના હતા. વચગાળાના સમયમાં પણ સ્વામીશ્રી પત્રો વાંચતા રહ્યા.

મુંબઈમાં યુવક મંડળની સભામાં આગળ પડતા યુવકોને સ્વામીશ્રીના હસ્તે સ્મૃતિભેટ મળશે એ પ્રકારની જાહેરાત થઈ. સ્વામીશ્રીએ સૌને સ્મૃતિભેટ આપી ખરી પણ વચગાળામાં જે ૧૦-૧૫ સેકન્ડ મળે એમાં પત્રો વાંચવાનું એમણે ચાલુ જ રાખ્યું.

૩ દિવસના તાવને લીધે સ્વામીશ્રી વિદ્યાનગરમાં આરામ લઈ રહ્યા હતા. તાવ અને ઝાડાને લીધે અશક્તિ સારી એવી અનુભવાતી હતી. સ્વામીશ્રી માટે થાળ લાવવામાં આવ્યો. પરંતુ સ્વામીશ્રી એની સામું જ જોઈ રહ્યા. સંતોએ વિનંતી કરી કે 'બાપા ! થોડુંક તો અંગીકાર કરો.' સ્વામીશ્રી કહે, 'ચમત્કાર કરો તો જમાય એવું છે. બાકી હજી સરખું આયું નથી, મોઢું ના પાડે છે.' એમ કહેતા જાતે જ થાળીને હળવો હડસેલો મારી દીધો. પત્રો લખવાનું પેડ બાજુમાં જ પડ્યું હતું. એ લઈને એકધારા કેટલાય પત્રોના ઉત્તરો લખી નાંખ્યા. જમતી વખતે બીમારી નડી ને લખતી વખતે શું હાથમાં અશક્તિ નહિ હોય ?

દેવગઢ બારિયામાં અ.નિ. ગોરધનભાઈના ઘરે સ્વામીશ્રીએ રાત્રે અલ્પાહાર કર્યો. સેવક સંતો જમી રહે એ હેતુથી જમવાના જ આસને સ્વામીશ્રીએ પત્રવાંચન શરૂ કર્યું. એટલામાં લાઈટ ગઈ. જો કે સ્વામીશ્રીનો પત્ર પાછો પરબિડીયામાં ગયો જ · મીણબત્તીના ઝાંખા અને કંપિત ઉજાસમાં સ્વામીશ્રીએ પત્ર વાંચવાનું ચાલુ જ રાખ્યુ.

આ જ રીતે બેંગ્લોરના સ્ટેશન ઉપર નાનકડી ઝાંખી ટોર્ચનાં અજવાળે પ્લૅટફોર્મના બાંકડે બિરાજીને પત્રવાંચન કર્યું હતું.

અટલાદરામાં જમ્યા પછી સ્વામીશ્રી રૂમમાં બિરાજ્યા હતા. અંદર ગયેલા નારાયણમુનિ સ્વામી કહે, 'આજે પત્ર લખવાનો સમય સારો મળ્યો.' સ્વામીશ્રી કહે, 'પૂરી વંચાઈ જ નથી ત્યાં લખવાની ક્યાં વાત ? આજે મને એમ કે કોઈ મળનારું નથી એટલે આમને (ધર્મચરણ સ્વામીને) કીધું 'ટપાલ લાવો.' પણ ત્યાં તો મળવાનું શરૂ થયું તે સવા દસે માંડ છુટ્યા. ટપાલ અદ્ધરતાલ વાંચવી પડે. હમણાં મેં એક કાગળ લીધો તે દસવાર લીધો અને દસવાર મૂક્યો. કોક ને કોક આવે જ રાખે. કાગળ હાથમાં લઉં ને તરત બારણું ઊઘડે. બધાને એમ કે મંઈ નવરા બેઠા હશે.' નારાયણમુનિ સ્વામી કહે, 'આવું બને ત્યારે મળનારા ઉપર કંટાળો આવે કે ટપાલ પર ?' સ્વામીશ્રી કહે, 'કંટાળો કોઈ પર ન આવે પણ ટાઈમ વગર આવે એ (એમણે) સમજવું જોઈએ. સવારે મળી શકાય એવું હોય તો અત્યારે શું જરૂર ?'

ઉપર વર્ણવેલા પ્રત્યેક પ્રસંગોનું સમર્થન સ્વામીશ્રીએ '૭૭ની સાલમાં પરદેશથી લખેલા પત્રમાં સાંપડે છે. '.... પ્રવાસનો પાર નહિ અને ટપાલનો પણ પાર નહિ. તે ઊઠતાં-બેસતાં સૂતાં ને મોટરમાં તે જ કરવાનું. ત્યારે પહોંચી વળાય છે. બાપાનું બળ છે તે થાય છે.'

દેશ, કાળ, સંજોગો અને પ્રતિકૂળતાઓથી અભડાયા વગર સતત ચાલુ રહેતા આ પત્ર સાતત્યને કોઈ પણ દૃષ્ટિકોણથી મૂલવો. એમાં એક જ રંગ વિશેષ પણે ઊભરી આવતો જણાશે : 'સૌના ભલામાં સ્વનું ભલું - સૌના સુખમાં પોતાનું સુખ.' સમયના એકે એક ટુકડાનો ઉપયોગ કરીને સ્વામીશ્રીએ આ જ રીતે સુખી માણસનું ચિત્ર સમાજમાં ઉપસાવ્યું છે. સમયના કેનવાસ ઉપર પોતાની પ્રતિકૂળતાના રંગો પૂરીને સમાજને સુખનું સુંદર ચિત્ર ભેટ ધર્યું છે.

ગતિ સાતત્યનું રહસ્ય

સમાજનું વસ્ત્ર સંબંધોના તાંતણે વણાયેલું છે.

અને આ સંબંધોનો આધાર છે, પરસ્પર અવલંબન.

પરસ્પરના અવલંબનો સ્વાર્થ અને કંઈક વિશેષ પ્રાપ્તિની આશા સિવાય ટકી શકતા નથી એવું માનસશાસ્ત્રીઓનું માનવું છે. સંબંધશાસ્ત્રનું આ માનસ વિશ્લેષણ છે. દુનિયાના ત્રણ મહાન માનસ ચિકિત્સકોમાંના ડૉ. એડલર કહે છે, 'દુનિયાનું ચાલકબળ સત્તા છે.' કાર્લ માર્કસને આ જ બળનું મૂળ સંપત્તિમાં દેખાય છે. જ્યારે ડૉ. સિંગ્મન ફ્રોઈડને પ્રત્યેક સફળતાની પ્રેરક કામના અનુભવાઈ છે. આપણાં શાસ્ત્રો કહે

છે, 'માનાત્ સર્વ પ્રવર્તતે.' અહંકાર એ જ સમાજના સંબંધોનું અને વ્યક્તિનું પોતાનું પ્રવર્તક છે.

સમાજશાસ્ત્રીઓ અને શાસ્ત્રોનાં આ સમીકરણો દુન્યવી માટીથી ઘડાયેલાઓને લાગુ પડે એ સ્વાભાવિક છે. દુનિયાએ આ પ્રકારની મહાન હસ્તીઓનો અનુભવ પણ ક્યો છે.

અમેરિકાના એક વખતના મહાન રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન ઉપર આવેલા પત્રો ઉપર 'HIS MIGHTINESS THE PRESIDENT OF THE UNITED STATES.' લખાયેલું ન હોય તો એમનું મોઢું ચઢી જતું. અને કેથેરીન ધી ગ્રેટના પત્ર ઉપર જો HER IMPERIAL MAJESTY....'નું ઉદ્‌બોધન ન હોય તો એ પત્રને ફાડવાનીય દરકાર કરતી નહીં. સ્વામીશ્રી તો નોંખી માટીના પુરુષ છે. દુનિયાના પ્રવાહોથી ભિન્ન પ્રવાહ એ એમના ગતિ-સાતત્યનું રહસ્ય છે. એ પ્રવાહ સત્તાનો નહિ પણ સત્‌નો છે.

સ્વ(અહં)નો નહિ, 'ત્વમ્' (પર-ઉપકારનો) છે.

શ્રી અને સ્ત્રીનો તો તેઓને સંપૂર્ણ ત્યાગ જ છે.

લિંબડીમાં દિગ્વિજયસિંહ ગરાસિયા બોર્ડિંગમાં નગરપાલિકા તરફથી સ્વામીશ્રીનું જાહેર સન્માન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લાના અગ્રણીઓ અરવિંદભાઈ સંઘવી, જનકસિંહ ઝાલા, નગરપ્રમુખ લખધીરસિંહ વગેરે સૌ સ્વામીશ્રીની અદ્વિતીય પ્રતિભાના વખાણ કરી રહ્યા હતા. સામે ખુલ્લા મેદાનમાં ઉમટેલા ૭૦૦૦થી પણ વધુ પ્રજાજનોનું કેન્દ્રબિંદુ પણ સ્વામીશ્રી જ હતા.

સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પવાનો સમય થયો. જાહેરાત થઈ ગઈ. પ્રજાજનો વતી મહાનુભાવો સન્માનપત્ર લઈને ઠેઠ સ્વામીશ્રીના આસન સુધી પહોંચી પણ ગયા. છતાં સ્વામીશ્રી તો મશગૂલ હતા. એમનું ધ્યાન ક્યાંક બીજે હતું. કોકે ધ્યાન દોર્યું એટલે સહજતાથી ચશ્મા એક બાજુ મૂકીને મંદહાસ્ય સાથે સૌના માનપત્રનો સ્વીકાર કર્યો અને બીજી જ ક્ષણે પૂર્વવત્ મશગૂલ બની ગયા.

એવી તે કઈ વસ્તુમાં સ્વામીશ્રી મશગૂલ હતા કે જેમાં તેઓને પોતાના સન્માન કરતાંય વિશેષ મીઠપ અનુભવાતી હોય ?

એ હતા પત્રો.

હરિભક્તોનાં દુઃખ.

સ્વામીશ્રીનું પ્રેરકબળ માન-અહંભાવ હોય તો પોતાને મળતા સન્માનમાં આટલા બેદરકાર રહી શક્યા ના હોત.

સ્વામીશ્રીનું પ્રેરકબળ જો પ્રતિષ્ઠા હોત તો લાખો દર્શકો જે ક્ષણને હજી આજેય અમૂલ્ય ઘડી તરીકે વાગોળે છે એ સુવર્ણતુલાની સભામાંથી પાછા વળતાં મોટરમાં

હરિભક્તોના પત્રોને તેઓએ હાથમાં લીધા ન હોત.

જે વ્યક્તિને પોતાની જ મહત્તા હોય એના પત્રોમાં હંમેશાં 'હું' વણાયેલો હોય. સ્વામીશ્રીના હસ્તે લખાયેલા લાખો પત્રોમાં ક્યારેય 'અહં'નો અક્ષર આલેખાયેલો જોયો નથી. ઉલ્ટું પ્રત્યેક પ્રશ્નનું કર્તૃત્વ અને યશ કેવળ શ્રીજીમહારાજ ઉપર નાંખી દેતા તેઓને જોયા છે. નિરપેક્ષ આત્મીયતા - એ સ્વામીશ્રીના સતત પત્રલેખનનું પ્રેરકબળ છે. કરુણા એનો પર્યાય છે. આ આત્મીયતાને સ્વાર્થની કોઈ સપાટી નથી. ત્યાં ઘમંડનું કોઈ ઘર્ષણ નથી. આ કરુણા અવકાશ સમી અનંત અને ખૂણારહિત છે. સૌના દુઃખની સમ-અનુભૂતિની જનની છે.

પ્રત્યેક વસ્તુમાં પરમાત્માનાં દર્શન કર્યા વગર આવી કરુણા સંભવી શકતી જ નથી.

આ સંદર્ભમાં 'પત્ર' અને 'પ્રેમ' બેયનો સંબંધ પેલા 'ઢાઈ અચ્છર' સાથેનો યોગ્ય જ છે ને!

સ્વામીશ્રીનો પત્રવ્યવહાર આ નિઃશબ્દ આત્મીયતાનો શબ્દમય આવિષ્કાર છે. ખાલી 'કેમ છો?' 'શું છે?'નો ઔપચારિક વ્યવહાર નથી.

માનવીય સમસ્યાઓનો અખબાર દ્વારા ઉત્તર આપતા એક જાણીતા કટારલેખકને એક પ્રખ્યાત વ્યક્તિએ પૂછ્યું, 'તમે જ્યારે માનવકોયડાઓ વિશે વાત કરો છો ત્યારે શો અનુભવ કરો છો?'

તેઓ કહે, 'મને પોથીમાંનાં રીંગણાંની યાદ આવે છે.'

'તો પછી તમે જે ઉત્તરો આપો છો એ બધું મિથ્યા છે એવું તમે કહેવા તૈયાર છો?' તેઓને જ્યારે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેઓ કહે, 'જેમ આ જગત મિથ્યા છે છતાં મજાથી જીવીએ છીએ એમ મને આ સમસ્યાઓમાં એવી જ મજા પડે છે.' સ્વામીશ્રીએ આપેલા ઉત્તરો કંઈ આવા આનંદ ખાતર અપાયેલા ઉત્તરો નથી. દરેકની સમસ્યાઓને અંગત રીતે ઓળખી શકે એટલા આત્મીય તેઓ બની ગયા છે. ગમે એટલી વ્યસ્તતામાં પણ દરેક પત્રો તેઓ જાતે જ વાંચવાનો આગ્રહ રાખે છે. પત્ર વાંચતી વખતે એની સમસ્યાઓમાં એટલા એકતાર બની જાય છે કે દેહનું ભાન પણ ભૂલી જાય.

ભેંસદડમાં નારાયણભાઈ ચોટલિયાના ઘરે સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા ધર્મચરણ સ્વામીને પણ ઠંડી લાગે એટલું એ.સી. ચાલી રહ્યું હતું. આવી ઠંડીમાં, ૩ દિવસથી શરદી જેવું હોવા છતાં એક હરફ પણ ઉચ્ચાર્યા સિવાય સ્વામીશ્રી પત્રો વાંચી રહ્યા હતા. ગાતરિયું એક તરફના ખભેથી સરકી ગયું હતું. લગભગ કલાકેક પછી જ્યારે પત્રો વાંચવાનું પૂરું થયું ને આરામમાં જવાનો સમય થયો ત્યારે એકદમ બોલી ઊઠયા, 'લ્યા! આ તો બહુ ઠંડુ કરી નાંખ્યું. હું તો કાગળ વાંચતો હતો એમાં કંઈ ખબર જ ન પડી. આ પૂરું થયા પછી થયું કે બહુ ઠંડું છે.'

અટલાદરામાં સ્વામીશ્રી પત્ર લખી રહ્યા હતા. એવામાં ઓરડામાં એક ઉંદરડી ઘૂસી ગઈ. સંતો એને જેમ જેમ પકડવાનો પ્રયત્ન કરે એમ એમ એની દોડાદોડી વધતી ચાલી. જો કે આ પકડદાવમાં અચાનક એ ક્યાં લપાઈ ગઈ એની ખબર જ ન પડી. સંતો શોધી રહ્યા હતા એ દરમ્યાન સ્વામીશ્રીનું પત્રલેખન પૂરું થયું. સ્વામીશ્રી કહે, 'શું શોધો છો ?'

'ઉંદરડી.'

'આ રહી ઉંદરડી !' એમ કહેતા સ્વામીશ્રીએ હાથ ઊંચા કર્યા. ઊંચા થયેલા ગાતરિયાના ભાગમાંથી દેખાતા પેટ આગળ એ રમી રહી હતી. પત્ર પૂરો થતાં સુધી સ્વામીશ્રીને જાણે કંઈ અસર જ ના થઈ !

'૯૪ની સાલના પરદેશપ્રવાસ પહેલાં સ્વામીશ્રીના વિચરણની રફતાર તેજ હતી. દેશના આવશ્યક ગામોમાં જઈ આવવાનું હતું. રાજકોટથી નીકળીને લીંબડી, પુરુષોત્તમપુરા થઈને સ્વામીશ્રી મોડી રાત્રે બોચાસણ પહોંચ્યા ત્યાં સુધી એકધારું પત્રવાંચન ચાલું રહ્યું. બોચાસણમાં ઠાકોરજીનાં દર્શન કરીને સૌને મળીને સ્નાન કરવા પધાર્યા એ વખતે સ્વામીશ્રીએ કહ્યું કે 'ઠંડી લાગે છે.' રાત્રે નહીંવત્ જમ્યા એટલે વિવેકસાગર સ્વામીએ પૂછ્યું : 'ઠંડી લાગી ગઈ ?'

'હા.'

'ક્યારથી ?'

'આમ તો ગાડીમાં થોડું એવું લાગતું હતું પરંતુ એ ઘડીએ (પત્રો) વાંચવામાં હતો એટલે કાંઈ ખબર ન પડી. અહીં ઊતર્યા પછી લાગવા માંડી.' તાવને હિસાબે લાગતી ઠંડીમાં શરીરની કળતર ન હોય એવું બને જ નહિ. પરંતુ પત્રવાંચનમાં સ્વામીશ્રી એટલા તન્મય બની ગયા હતા કે આ વાતનો એમને ખ્યાલ જ ના પરાયા દુઃખમાં પોતાના દુઃખ કરતાંય સ્વામીશ્રી વિશેષ તલ્લીન હતા. પ્રત્યેક કાર્યમાં સ્વામીશ્રી પોતાનો આત્મા રેડી દે છે. શ્રી અરવિંદ કહે છે એમ 'TRUE LOVE IS SELF-GIVING.' નિરપેક્ષ આત્મીયતા એ જ સાચો પ્રેમ છે.

આત્મીયતાનાં એ અમીઝરણાં

અમેરિકાની વાબાશ કૉલેજના પ્રૉફેસર રેમન્ડ વિલિયમ્સે સ્વામીશ્રીને પૂછ્યું, 'દેખીતી રીતે કૌટુંબિક કે ધંધાદારી બાબતો સાથે આપને કોઈ જ સીધો સંબંધ લાગતો નથી છતાં એવી બાબતોમાં તમે કેવી રીતે અને કયા હેતુથી સલાહ આપો છો ?' સ્વામીશ્રીએ કહ્યું, 'અમે હરિભક્તની પ્રવૃત્તિઓ અને વ્યવહારમાં રસ લઈએ તો પ્રેમનો સેતુ બંધાય અને એ ભગવાનની વધારે નજીક આવે. એમને ધંધા, વગેરેમાં

આગળ વધારવાનો મુખ્ય હેતુ નથી પરંતુ પ્રેમથી તેમને ભગવાનમાં જોડવા એ હેતુ છે. એમનાં કુટુંબનાં અને ધંધાના પ્રશ્નોનો ઉકેલ આવશે તો તેમને અમારામાં હેત થશે. તો શાશ્વત મુક્તિ તરફ લઈ જવાશે. ભગવાન અને સંતની એ રીત જ છે કે ગુરુના પ્રેમથી ભક્તો સંપત્તિ અને જીવન પ્રત્યેના બંધનનો પણ ત્યાગ કરે. સંત અંતરનો વિસંવાદ તોડીને ભગવાન સાથે સંવાદ જોડી આપે છે. મુખ્ય હેતુ તો એ જ છે કે અપાયેલી સલાહ કરતાં પણ વિશેષ એ ભગવાન તરફ વળે. પ્રેમ વિના એ શક્ય નથી. જો હેત થાય તો શાશ્વત જીવનને પામી શકાય.'

આણંદના જયેશભાઈને સત્સંગ ન હતો. મુમુક્ષુતા ખરી એટલે ઘણા અન્ય સંતોના યોગમાં આવ્યા. પણ મન ક્યાંય માન્યું નહીં. સ્વામીશ્રીની જેમ નજીક આવતા ગયા એમ આકર્ષણ તો થયું પણ મનમાં સંદેહ રહ્યા કરે કે ક્યાંક ભરાઈ પડીશું તો ? તેઓએ સ્વામીશ્રીને જ પત્ર લખ્યો : 'જીવનમાં ગુરુ હોવા જોઈએ એ હું સમજું છું. મારે ગુરુ કરવા છે પણ ક્યાંય ખોટો ભરાઈ જઉં તો ?.... બધું બગડે. જવાબદારી કોની ?' સ્વામીશ્રીએ તેઓને લખ્યું, 'શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા જેવા સારા સાચા સાધુની પ્રાપ્તિ છે... કશું જ નહિ બગડે એ અમારી જવાબદારી.'

સ્વામીશ્રીની આત્મીયતા એટલે જાણે આકાશનો આશ્લેષ. આકાશ સૌને સરખું સ્પર્શે છે.

જાણે આકાશનું છત્ર. આ છત્રને ક્યાંય બાકોરું નથી. દરેકને એ સમાવે છે.

લૌકિક અને પારલૌકિક બન્ને આત્મીયતાની પ્રતીતિકર અને બળકટ અનુભૂતિ આ છત્ર હેઠળ સૌને થઈ હતી, થાય છે અને થતી રહેશે.

૧૯૯૧માં બોચાસણવાસી સંસ્થા દ્વારા 'કલ્ચરલ ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયા'ની અમેરિકામાં ઊજવણી થઈ રહી હતી. આ ઉત્સવનું કેન્દ્ર સ્વામીશ્રી હતા. ઉત્સવના જબરજસ્ત પ્રતિસાદને લીધે સ્વામીશ્રીની વ્યસ્તતા સમજી શકાય એમ હતી. આ વ્યસ્ત કાર્યક્રમમાં પણ ગમે એ રીતે સમય ફાળવીને સ્વામીશ્રી પત્રોને ન્યાય આપે દેતા હતા. એક ભાવિકનો મલયાલમ ભાષામાં લખાયેલો પત્ર આવ્યો. આજુબાજુ કોઈ એવા ન હતા કે ભાષા ઉકેલી શકે. સ્વામીશ્રીએ એ પત્ર એક યુવક દ્વારા ભારતીય દૂતાવાસમાં મોકલાવ્યો. ત્યાં એનું અંગ્રેજી ભાષાંતર કરાવ્યું. અને સંતો દ્વારા એ પત્રની વિગત સમજીને એને ઉત્તર લખીને સંતોષ આપ્યો. ભાષાની મર્યાદાનું બહાનું સ્વામીશ્રીને ક્યારેય નડ્યું નથી. ભાષા, જ્ઞાતિ, દેશ અને કાળનાં બંધનોને સ્પર્શ્યા વગર સ્વામીશ્રીની આત્મીયતા લગભગ બધે જ વહે છે.

બીજીંગ(ચીન)થી એક રશદી નામના મુસ્લિમ વિદ્યાર્થીએ સ્વામીશ્રીની સલાહ માંગી '.... I WANT YOUR ADVICE TO MY PROBLEMS. DEAR MAHARAJ !

MY PROBLEM IS THAT, SINCE I STARTED SCHOOL IN YEAR 1964, I HAVE NEVER MADE ANY PROGRESS IN EDUCATION, NOT BECAUSE I AM NOT WORKING HARD, I HAVE TRIED MY BEST AS A HUMAN BEING BUT NO SUCCESS. I HAVE SUFFERED A LONG TIME NOW....'

(મારે મારા એક પ્રશ્ન માટે આપનું માર્ગદર્શન જોઈએ છે. સ્વામીજી ! ૧૯૬૪માં મેં અભ્યાસ શરૂ કર્યો ત્યારથી મેં અભ્યાસમાં પ્રગતિ કરી નથી. તેનું કારણ એ નથી કે હું સખત મહેનત કરતો ન હતો. મનુષ્ય તરીકે મેં મારા બધા જ પ્રયત્નો કર્યા છે, પણ મને સફળતા મળી નથી. મેં ઘણાં સમયથી સહન કર્યું છે....)

સ્વામીશ્રીએ એને લખ્યું કે 'તું જે ભગવાનમાં આસ્થા ધરાવે છે એને રોજ સંભારીને પ્રયત્ન કરજે. સફળતા મળશે. મુમુક્ષુ હોય અને સંતને સંભારે તો જ્યાં હોય ત્યાં એનું કામ થઈ જાય છે.'

મુંબઈથી આચાર્ય ભાઈશંકર પુરોહિત સંસ્કૃતમાં લખે છે, *'ભવન્તો દેશસ્ય વિવિધભાગેષુ વિદેશેષુ ચ ન કેવલં ધાર્મિકાણામપિતુ યૂનામપિ મનઃ સાધુ સમ્માર્જયન્તિ....'*

'.... આપ દેશ અને વિદેશોમાં નિરંતર ભ્રમણ કરીને ફક્ત ધાર્મિકોનાં જ નહિ યુવાનોના મનને પણ સંસ્કારિત કરો છો....'

અમલનેરથી વિઠ્ઠલ માણિક શીંપી મરાઠીમાં લખે છે :

'.... રોજી સાખરપુડા માજ્યા મૂલીયા આનંદાને પાર પડલા.... લગ્નાચી તારીખ.... નક્કી આહે તરી તુમચા આશીર્વાદ પાહીજે....'

(.... ના રોજ મારી સુપુત્રીની સગાઈ આનંદથી પાર પડી. લગ્નની તારીખ પણ નક્કી છે તો આશીર્વાદ આપશો.)

કેન્યા (પૂર્વ આફ્રિકા)ના લેન્ડ એન્ડ સેટલમેન્ટ ખાતાના મંત્રી જોસેફ મટુ લખે છે 'OUR WORK OF SHIPBREAKING IS ON MOVE. WE GOT LAND AND APPROVAL. PLEASE GIVE US BLESSINGS SO WE CAN MOVE FORWARD....' (વહાણો તોડવાનું અમારું કાર્ય આગળ ધપી રહ્યું છે. અમે જમીન અને પરવાનગી મેળવી છે. અમે આગળ વધી શકીએ એવા આશીર્વાદ પાઠવશો.)

દિલ્હીથી માનવસંશાધન વિભાગના મંત્રી અર્જુનસિંહે પણ સ્વામીશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન મેળવવાની ઇચ્છા સાથે પત્ર લખ્યો, *'હમારી માતૃભૂમિ કે સમક્ષ આજ વિઘટનકી અહમ ચુનૌતી ખડી કર દી ગઈ હૈ । ક્ષેત્રવાદ, ભાષાઈ ઉગ્રવાદ, કટ્ટરવાદ ઔર અન્ય ઐસે સંકીર્ણ વિચારોં પર આધારિત ઈન પ્રવૃત્તિયોં કી હમારે લોગોં કે બીચ વૃદ્ધિ હો રહી હૈ । ઉપ-મહાદ્વીપ કી શાંતિ ઔર સુરક્ષા કે લિએ*

ઐસી ખતરનાક પ્રવૃત્તિયોં કે બારે મેં સબકો તત્કાલ વિચાર કરને કી આવશ્યકતા હૈ।

.... મુઝે વિશ્વાસ હૈ કિ આપકા આધ્યાત્મિક માર્ગદર્શન જાતિ, સમુદાય, જનજાતિ ઔર ધર્મ, ભાષા તથા સંસ્કૃતિ કે અવરોધોં કે બાવજૂદ ભારત કી જનતા કો આગે બઢકર દેશકી એકતા ઔર અખણ્ડતા કો સુરક્ષિત રખને કે મહત્ત્વપૂર્ણ કાર્યમેં કયોગ દેને કી પ્રેરણા દેગા.... ।'

રાજમાતા સિંધિયાએ પણ પોતાના સચિવ ધર્મેન્દ્ર બહાદૂરસિંહ દ્વારા દેશની અખંડિતતા બની રહે એ માટે આશીર્વાદ મંગાવ્યા હતા. પ્રશ્ન પૂછનાર તો એની ભૂમિકા ઉપરથી પ્રશ્ન પૂછે એ સ્વાભાવિક છે. દરેકને પોતાની મનોભૂમિકામાં ઊગેલો પ્રશ્ન અતિ અગત્યનો હોય એમ સ્વાભાવિક છે. જ્યારે સ્વામીશ્રીને મન તો વ્યક્તિ અગત્યની છે. એ પછી ભલે નાની હોય કે મોટી. ધર્મ, ભાષા, પ્રાંત, જ્ઞાતિ, દશ કે વિદેશ બધી જ સંકુચિતતાઓથી ઉપર ઊઠીને દરેકને સુખી કરવા માટે તેઓએ પોતાનો જ ભોગ આપ્યો છે.

ભાવનગરના એક હરિભક્તે લખ્યું, '.... મારી બેબી સફેદ કંઈ વસ્તુ ખાઈ શકતી નથી તો ખાસ આશીર્વાદ આપશો....'

બારપરાના એક સામાન્ય ખેડૂતે લખ્યું, '.... મેં કૂવો ગાળવાનું કામ ચાલુ કરેલ છે તો તેમાં પાણી સારું થાય તે દૃષ્ટિ કરશો.'

સરસવણીના એક યુવકે પૂછાવ્યું, 'હું એક બજાજ સ્કૂટર લાવવાની ઈચ્છા રાખું છું તો મને સ્કૂટર અંગે યોગ્ય માર્ગદર્શન આપશો.'

જામનગરના એક સામાન્ય સ્થિતિના હરિભક્તે પોતાની વારંવાર બગડી જતી રીક્ષા અંગે માર્ગદર્શન મંગાવ્યું.

એક અનામીએ એક જ તારીખે એક જ સ્થળથી એક સાથે પાંચ પોસ્ટકાર્ડ લખીને સ્વામીશ્રી ઉપર મોકલ્યા : '.... દયા કરીને મારા માથે ટાલ પડી છે એમાં વાળ ઊગે એવા આશીર્વાદ આપશો....'

વિવેકાનંદે ક્યાંક લખ્યું છે : 'જે પોતાને ક્ષણભરમાં હજારો જુદી જુદી વ્યક્તિઓ સાથે એકરૂપ કરી શકે તે જ સાચો ગુરુ છે. વિદ્યાર્થીની મનોભૂમિની સપાટીએ જે તરત જ ઊતરી આવે - શિષ્યની દૃષ્ટિએ જોઈ શકે, તેને કાને સાંભળી શકે, એના મગજ દ્વારા સમજી શકે એ જ સાચો ગુરુ છે.' દરેકની મનોભૂમિકાએ ઊતરીને સ્વામીશ્રીએ ઉત્તરો દ્વારા શાંતિનાં જળનું સિંચન કર્યું છે. પરમ આત્મીયતાને કોઈ વેરો-વાંતરો હોતો નથી.

સ્વામીશ્રી ઉપર આવતા પત્રો અને પ્રશ્નોની વહેંચણી કરવી અશક્ય છે. કારણ કે વ્યક્તિએ વ્યક્તિએ અને પ્રશ્ને પ્રશ્ને સંદર્ભો અને ભૂમિકાઓ બદલાતી રહે છે.

પરંતુ સામાન્યપણે આ પ્રશ્નોનું વિશ્લેષણ આ રીતે સંભવી શકે.

કોઈને વાહન લેવું હોય કે કોઈનું વાહન બગડ્યા કરતું હોય ને વેચવું હોય. કોઈને નોકરીમાંથી ધંધામાં ઝંપલાવવું હોય તો કોઈને ધંધો સમેટવો હોય. કોઈને બંગલો લેવો હોય તો કોઈને વેચવો પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ હોય. કોઈને સંતાનની તીવ્ર ઝંખના હોય તો કોઈને સંતાન સતાવતું હોય. કોઈનું મકાન ભાડૂઆત ખાલી ન કરતો હોય તો કોઈને મકાનમાલિક સતાવતો હોય. કોઈને લગ્નના આશીર્વાદ જોઈતા હોય તો કોઈને વળી છુટાછેડાનો પ્રશ્ન હોય. કોઈકને અવિવાહિત દીકરીની વધતી જતી ઉંમર સતાવતી હોય તો કોઈકને પરણેલી પાછી ફરી હોય. કોઈકને અભ્યાસમાં આગળ વધવું હોય તો કોઈકને વળી અભ્યાસમાં ચિત્ત ચોંટતું ના હોય. કોઈને વાવેતર કરવું હોય તો કોઈને વાવેલું બળી ગયું હોય. કોઈકને પતિનો ત્રાસ હોય તો કોઈકને પત્ની મારતી હોય. કોઈકને કૂવો ગાળવો હોય તો કોઈકને કૂવો પૂરવો હોય.... આ રીતે જો લખવા બેસીએ તો એક વિશિષ્ટ પ્રશ્નપુરાણ રચાય. આવા વિરોધાભાસી અને બહુકોણી આયામોમાં પણ સૌની સ્વામીશ્રી પ્રત્યેની શ્રદ્ધા અને સામે છેડે સ્વામીશ્રીની સૌને સુખી જોવાની ઝંખનાનાં સહજપણે દર્શન થાય છે.

ક્યારેક હસતાં હસતાં સ્વામીશ્રી આ પ્રશ્નોનો ટૂંકો સાર પણ કહી દે છે.

બોસાસણમાં એકવાર જમ્યા પછી સ્વામીશ્રી પત્રો વાંચી રહ્યા હતા. સંતો આજુબાજુ વીંટળાઈને દર્શનનો લાભ લઈ રહ્યા હતા. લંડનથી આવેલો એ પત્ર એકવાર વાંચી લઈને સ્વામીશ્રીએ ફરીથી ઉપાડ્યો. એમાં લખાયેલી પ્રત્યેક લાઈન સ્વામીશ્રી મોટા અવાજે વાંચવા લાગ્યા. એકે એક શબ્દમાં દુઃખ છલકાતું હતું છતાં લીટીએ લીટીએ સ્વામીશ્રી ખડખડાટ હસતા હતા. પત્ર પૂરો થયા પછી કહે, 'આની પહેલાં અમેરિકાનું દુઃખ વાંચ્યું.... આ લંડનનું દુઃખ વાંચ્યું ને પેલો વળી જાપાનનું , લઈને આવ્યો હતો. પણ ક્યાંય સુખ નથી.'

ગોંડલમાં એકવાર સ્વામીશ્રીના ચોકઠાનું રેલીનીંગ ચાલું હતું. વચગાળામાં સ્વામીશ્રી પત્રો વાંચી રહ્યા હતા. એટલામાં શ્રીકૃષ્ણ પંડ્યા રૂમમાં આવ્યા. તેઓને જોતાવેંત સ્વામીશ્રી કહે, 'પંડ્યા ! અડધી ટપાલો તો પરણ ને મરણની જ આવે છે. ને રંક બધા જ દુઃખિયા છે.'

રેમન્ડ વિલિયમ્સે સ્વામીશ્રીને જ્યારે પૂછ્યું કે 'આવા બધા પ્રશ્નોમાં શું જવાબ આપવો એ તમે કેવી રીતે નક્કી કરો છો ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'ભગવાનની પ્રેરણાથી લોકોને જવાબ આપીએ છીએ. અમે ભગવાનમાં શ્રદ્ધા રાખવાનું લોકોને કહીએ છીએ. ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ વિના કશું જ શક્ય નથી.'


વિવિધા

માતાના ખોળા જેવી સ્વામીશ્રીની આ આત્મીયતાની સૌને પ્રતીતિ થાય એ માટે પણ કેટલાક પત્રોને નિમિત્ત બનવાનું સદભાગ્ય સાંપડ્યું છે.

સ્વામીશ્રીની સાથે વિચરણમાં રહીને જુદી જુદી જવાબદારીઓ સંભાળતા સંતોનો એક ઈન્ટરવ્યૂ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં જ વિદ્યાનગરમાં રાખવામાં આવ્યો હતો. પોતાની જવાબદારી અનુસાર સૌને પ્રશ્નો પૂછાતા હતા. પત્રવ્યવહારની જવાબદારી સંભાળતા ધર્મચરણ સ્વામીને હરેશ મોરડિયાએ પ્રશ્ન પૂછ્યો, 'સ્વામીશ્રી ઉપર રોજ પત્રના ઢગલા આવતા હોય છે. અક્ષર ગમે તેવા હોય, લખાણ લાંબું હોય, ક્યારેક તો લખનાર શું કહે છે એય ખબર પડે એવું ના હોય ત્યારે સ્વામીશ્રીને કંટાળતા જોયા છે ?' ધર્મચરણ સ્વામી આ પશ્નનો ઉત્તર આપવા જતા હતા પરંતુ તેઓ વતી સ્વામીશ્રી જાતે જ ઉત્તર આપવા તૈયાર થઈ ગયા. આગલી જ મિનિટે જે પત્ર વાંચીને સ્વામીશ્રીએ લેટરપેડ નીચે દબાવ્યો હતો એ કવર ઉપાડ્યું. કવરમાંથી એક પત્ર કાઢીને બે હાથ વડે પહોળો કરીને સૌને બતાવ્યો.... આંખો પહોળી થઈ જાય એવો, જમ્બો સાઈઝનો, ફૂલસ્કેપના ડબલ પાનાની પહોળાઈ ધરાવતો પાંચેક પાનાનો પત્ર હતો. આ પત્ર બતાવતાં સ્વામીશ્રી કહે, 'જુઓ, આ લાંબો કાગળ. મોરડિયા ? તું તો જોઈને જ સ્તબ્ધ થઈ જાય.' એમ કહેતા પોતે જ મુક્તપણે હસી પડ્યા.

કંટાળાની વાત જ ક્યાં કરવી ? કેટલો સહજભાવ !! કેટલી કરુણા !!

જામનગરના એક હરિભક્તનો સ્વામીશ્રી ઉપર પત્ર આવ્યો. સ્વામીશ્રી તે વખતે મુંબઈ હતા. સ્વામીશ્રીએ પત્ર હાથમાં લીધો. આખો વાંચ્યો. ફેરવી ફેરવીને ફરી વાર વાંચ્યો પણ શું કહેવા માંગે છે એ સમજાયું જ નહીં. બાજુમાં બેઠેલા ધર્મચરણ સ્વામીને કહે, 'જુઓ તો ! આમાં કંઈ સમજાય છે ?' તેઓએ પત્ર વાંચ્યો પણ એમનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો. સ્વામીશ્રી કહે, 'લાવો હજી એકવાર પ્રયત્ન કરીએ. વાંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ કંઈ સમજાયું નહીં. સ્વામીશ્રીની જગ્યાએ જો બીજો કોઈ હોત તો ચોક્કસ એ પત્ર બાજુમાં જ પડેલી કચરાપેટીમાં ગયો હોત. પરંતુ આ તો સ્વામીશ્રી હતા. પેલા હરિભક્તને લખ્યું : 'તમારો પત્ર મળ્યો. વાંચી જોયો પણ કંઈ સમજાયું નથી તો જે પૂછવું હોય એના માટે ફરીથી પત્ર લખશો. જામનગરથી સારા અક્ષરે લખાયેલો પત્ર ફરીવાર આવ્યો. એ વાંચ્યા પછી સ્વામીશ્રીએ તેઓને માર્ગદર્શન આપ્યું.



ક્યારેક આવા પત્રો તો રમૂજ પૂરી પાડતા હોય છે. કેટલાકે તો પત્રમાં મહિમાની જનમંગલનામાવલિ ખડકી દીધી હોય છે. વિશેષણોની વચ્ચે જે પૂછવાનું હોય એ તો ક્યાંય અટવાઈને પડ્યું હોય કોણ જાણે !

કેટલાક વળી સાવ ઓછું ભણેલાઓને સંબોધન શું કરવું એનીય ગમ નથી હોતી. એકવાર આવા એક ભાવિકે આંતરદેશીય પત્રના સરનામા ઉપર 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'ને બદલે 'પ્રગડ ભ્રમ સવરૂપ...' નું વિશેષણ લખ્યું હતું ! બાજુના સંતે સ્વામીશ્રીને આ વંચાવ્યું. એ વાંચીને સ્વામીશ્રી નિખાલસતાથી હસી પડ્યા. નિખાલસ, સરળ અને નિરભિમાન સ્વામીશ્રીને મન શબ્દ નહિ પણ હરિભક્તની નિષ્ઠા અને આસ્થા જ અગત્યની છે. 'એક્સ-રે'ની જેમ એમનાં કરુણા-કિરણો બાહ્ય અક્ષર કે મરોડને નહીં પણ અંતરની શ્રદ્ધાને જુએ છે. અને એટલે જ તેઓ પ્રત્યેક પળે, પ્રત્યેકને માટે ધીરજ ધરી શકે છે.

સારંગપુરમાં સાંજે પ્રસાદ જમતી વખતે સર્વમંગલ સ્વામી કહે, 'આપ આટઆટલું લખો છો છતાં આંગળી નથી દુઃખતી ?'

સ્વામીશ્રી કહે, 'ભગવાનની દયાથી વાંધો નથી આવતો. મહારાજને સંભારીને લખીએ છીએ. સંતોનાં દર્શન થાય છે, વાતો સાંભળીએ છીએ એટલે બળ મળે છે.'

'આપને લખવામાં કંટાળો વધારે આવે કે વાંચવામાં ?'

સ્વામીશ્રી કહે, 'અમારે કશામાં કંટાળો નથી, વાંચવાનું મળે તો વાંચી નાંખીએ. ટાઈમ મળવો જોઈએ. ભગવાનની દયા છે. ઠાકોરજીની સેવામાં કંટાળો ન આવવો જોઈએ. મહારાજે તૃપ્તિ પામવાની ના પાડી છે ને અમે નથી પામતા.'

આજના જેટયુગમાં માણસને જ્યારે પોતાનો જ અવાજ સાંભળવાનો સમય

નથી ત્યારે સ્વામીશ્રી જ એવા પુરુષ છે જે સૌને સાંભળે છે. તેઓ સહાનુભૂતિનું સરનામું અને ઠરવાનું ઠામ બની રહ્યા છે.

કાળજડે કોરાયું નામ

જે સૌના થયા છે એના સૌ થયા છે.

જેણે પોતાનું નામ ઓગાળી દીધું છું એની નામના અમર બની છે.

જેણે પોતાનું અસ્તિત્વ મીટાવી દીધું છે એ શાશ્વત બની ગયા છે.

બીજનું જમીનમાં ધરબાવું એટલે એનું વિશાળ વટવૃક્ષ તરીકે ઊગવું, સાકરનું દૂધમાં ઓગળવું એટલે દૂધની સમગ્રતામાં એનો વ્યાપ. 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ.' આ એક નામ એવું છે જે બધામાં વ્યાપીને રહ્યું છે.

બાળકના વાત્સલ્યમાં, યુવાનના માર્ગદર્શનમાં, વડીલોની હૂંફમાં સમાજની સુરક્ષામાં, દેશની એકતામાં અને વિશ્વની શાંતિમાં, પ્રત્યેકના કાળજે એક જ નામ કોરાયું છે - પ્રમુખસ્વામી - 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ.' 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ...' આટલા હસ્તાક્ષરમાં અજબનો જાદુ છે. એ હસ્તાક્ષરમાં જાણે અનંત ગુણોનો ભંડાર ગોપિત પડ્યો છે. તેઓના પત્રો સહેજે જ આ અણમોલ ખજાનાને જોવાની ડોકાબારી બની રહ્યા છે.

આ પત્રવગું વ્યક્તિત્વદર્શન હૈયાવગું કરવા જેવું છે.

લોક હૈયામાં સ્વામીશ્રીનું સ્થાન કેટલું છે એ માપવા માટે ઠેઠ કલકત્તા (બંગાળ)થી પુરુષોત્તમજીવન સ્વામીએ એક અંતર્દેશીય પત્ર લખ્યો. જેમાં 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ - ગુજરાત' એટલું જ સરનામું કર્યું હતું. ઈતર ભાષી પ્રાંતમાંથી એ પત્ર સમયસર સ્વામીશ્રીના હાથમાં આવી ગયો.

એકવાર એક અજાણ્યા અને પ્રમાણમાં અભણ એવા ભાવિક હરિભક્તે ગુજરાતમાંથી પત્ર લખ્યો, જેમાં સરનામું કર્યું હતું 'પ્રમુખસ્વામી - જે ભગવાન જેવા છે.' અને એ પત્ર મુંબઈમાં સ્વામીશ્રીને મળી ગયો.

એક પત્રમાં તો 'સારંગપુર - ૧૪ કિ.મિ. - પ્રમુખસ્વામી' એટલું જ લખ્યું હતું અને એય નિયમિત પહોંચી ગયો.

અદના આદમીથી માંડીને વિશ્વની ધુરંધર હસ્તીઓમાં સ્વામીશ્રીનું નામ ખૂબ જ અનન્યતાથી લેવામાં આવે છે. સ્વામીશ્રી પર આવતા પત્રો એનું માધ્યમ બન્યા છે.

રોમ-ઈટાલીથી પોપનું વર્ચસ્વ ધરાવતી 'ઈન્ટરનેશનલ મીટિંગ્સ પીપલ્સ ઍન્ડ રિલિજિયન્સ' સંસ્થાના પ્રમુખ શ્રી વીન્સેઝો પગલીયા(VINCENZO PAGLIA)એ તેઓના માનદપ્રમુખ કાર્ડિનલ જોસેફ ગ્લેમ્પ (PRIMATE OF POLAND) અને

જોસેફ મર્સિકા (JOSEPH MERCIECA) આર્ક બિશપ ઑફ માલ્ટા તરફથી સ્વામીશ્રીને વિશ્વશાંતિની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે બે વાર આમંત્રણ આવ્યું. વિશ્વના પસંદ કરાયેલા દરેક ક્ષેત્રોના આગેવાનોની આ પરિષદનો સ્વામીશ્રીએ સવિનય અસ્વીકાર કર્યો.

એ જ રીતે, જેઓએ પંજાબની શાંતિ માટે ખૂબ જ પ્રયત્ન કર્યો હતો એ જૈનાચાર્ય સુશીલકુમારજીની સંસ્થા 'વર્લ્ડ ફેલોશિપ ઓફ રિલિજિયન્સ'ની સાતમી વિશ્વ ધર્મપરિષદમાં થનારી ચર્ચાઓના વિષયો હતા : આંતરધર્મીય સંવાદિતા, શાંતિ પર્યાવરણ અહિંસા... જેમાં નોબેલ ઇનામ મેળવનારા દલાઈલામા, મધર ટેરેસા તથા શંકરાચાર્યો પેટ્રન હતા. આ સભ્યોમાં સ્વામીશ્રી પણ હતા. જો કે એમાં સંપ્રદાયની સ્ત્રી-પુરુષ મર્યાદાનો ખ્યાલ રાખીને સ્વામીશ્રી ન પધાર્યા.

૧૯૯૧માં અમેરિકામાં સ્વામીશ્રીની નિશ્રામાં સંસ્થા દ્વારા ઉજવાયેલા 'કલ્ચરલ ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયા'ની ઊજવણી બાદ ત્યાં સ્થાયી થયેલા શિખોના યુવકસંઘે એક પત્ર Fax દ્વારા મોકલાવ્યો.

CRY OF SIKH GENERATION (THE YOUTH)

Pramukh Swami and Saints :

We the Sikh youngsters need your help, to bring our parents from idea of Khalistan, back to Punjab-India.

The Sikh parents are tribal so they are rigid and traditional at home. As a result we the children have no voice. The parents/ leaders are intoxicated of their physical strength and instigated by USA politicians. But to live a life one has to understand the situations according to changing time, share and care, let go personal ego, communicate effectively. Swords are not the answer to the present situation in north India. Bhakhara Nagal water must be utilized for the benefit of the Rajasthan. Generosity is the best way of life. Further more Punjab gets other benefits from other states.

The Sikh leaders have turned to US politicians, is the biggest mistake. These parents work too hard to collect money. Then the pressure comes on children. The children are neglected, rushed and many more abuses. Then the money goes to USA politicians as a payment= donation= bribery on regular bases.

Secondly, these Akali parents are always busy planning to

attack. At present they are working on how to kill Indian politicians whose last names are Brahmin. This is sheer ignorance. The castes were arranged or started by work the individuals did. Not by family name. Many innocent victims. The continuous armed attacks planning is horrifying to us children. Akalis drag each other into this bloody war saying, "they have no choice". They do have choice to live sober life. But they mislead even their children explaining because we are Sikh and Jodhila, this the way." These parents need education as they live in 1800's. We see fights and drinking in Gurudwara. That does not give us values of life.

American politicians Bush, Dan Burton has put words, "Human rights" in these Akalis. And Akalis has believed that blindly. Open eyes tell us. There is no human right in America. Otherwise Native American (Red Indians) will not be in conservation. Negroes, Italians, Spanish, Polish are in this country would have better life. On the name of human rights last year Americans destroyed richness of Kuwaitis and made them poor beggar and to- / dependent on USA's mercy.

આ પત્રમાં, અમેરિકામાં સ્થાયી થયેલા શિખ યુવાનોએ, પોતાના ભારતમાં અને અન્યત્ર રહેતા માતાપિતાને ખાલીસ્તાનવાદની જડતામાંથી બહાર લાવવા માટે અને તેમનામાં પુનઃ ભારતીય પંજાબની અસ્મિતા જગાવવા માટે સ્વામીશ્રીની મદદ, કૃપા અને આશીર્વાદ માગ્યાં છે. સ્વામીશ્રીની અપાર શક્તિ પ્રત્યે તેઓની આસ્થા અહીં વ્યક્ત થઈ છે.

પત્રમાં છેલ્લે તેઓએ લખ્યું :

At CFI we have seen you being proud of India. You care for young generation. We Sikh youngsters trust you. Please come forward and help us. Come to Gurudwara. We need our place in India. Bless us.

- Our Highest regards to Swami and Saints.

(સી.એફ.આઈ.માં અમે આપને ભારતના ગૌરવ તરીકે નિહાળ્યા છે. આપ યુવાપેઢીની સંભાળ લો છો. અમે શિખયુવા પેઢી આપનામાં વિશ્વાસ ધરાવીએ છીએ. અમને મદદ કરવા માટે આપ આગળ આવો. અમારા ગુરુદ્વારામાં પધારો. અમારે ભારતની અમારી ભૂમિ જોઈએ છે. અમને આશીર્વાદ આપો.

- અમારાં હૃદયપૂર્વક પ્રણામ)

ભારતભરના દલિતો અને ખાસ કરીને ગુજરાતના હરિજનોનું તીર્થસ્થાન સૌરાષ્ટ્રનું ઝાંઝરકા ગણાય છે. આ ગામમાં આવેલા શ્રી સવગુણ મંદિરના મહંત બળદેવદાસજીએ સ્વામીશ્રીને લખ્યું : '.... વર્ષોથી અલિપ્ત અને કચડાયેલી દલિત જાતિને યોગી શતાબ્દી જેવા શુભ પ્રસંગે યાદ કરીને બોલાવ્યા તેથી સમગ્ર દલિત સમાજ ધન્યતા અનુભવે છે. માનવસમાજના કલંકરૂપ છૂતાછૂતના ભેદને દૂર કરવા આપશ્રીએ પહેલ કરી તેથી આપ ધન્યવાદને પાત્ર છો....'

પ્રત્યેક ક્ષેત્રને સ્વામીશ્રી સ્પર્શ્યા છે અને પ્રત્યેકને સ્વામીશ્રીમાં એક તારણહારનાં દર્શન થાય છે. જે અસ્તિત્વને ઓગાળે છે એની હાજરી પ્રત્યેક બિંદુએ અનુભવાય છે. પાણીમાં ભળેલા બરફની જેમ સમાજના પ્રત્યેક અંગ-ઉપાંગને સ્વામીશ્રીએ નિજી શીતળતાનો સ્પર્શ આપ્યો છે.

સ્વામીશ્રી અને સમાજ

સ્વામીશ્રીને મન ધર્મની વિભાવના જ 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ જ ધર્મ'ની છે.

સ્વામીશ્રીનું માનવું છે કે ધર્મ એ સમાજનું અવિભાજ્ય ઘટક છે. પ્રાણ છે. જે ધર્મે સમાજના વર્તમાન પ્રશ્નોમાં રસ લેવાનું ટાળ્યું, સમાજના આંતરિક અને ભૌતિક પ્રશ્નોમાં રસ લેવાનું ટાળ્યું, એ વિચારધારા હંમેશાં બંધિયાર બનીને ગંધાઈ ઊઠવાની. સમય અને સમાજની માંગ અનુસાર વિચારોનું વિશ્લેષણ અને અર્થઘટન કરીને એ વસ્તુઓમાં અંગત રસ લેવાનું યુગપુરુષકૃત્ય સ્વામીશ્રીએ કર્યું છે. સમાજ, સંસ્કૃતિ અને પરંપરાની રક્ષાના સ્વામીશ્રી જાગૃત પ્રહરી છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ અને મંત્રી મંડળના કોઈ પણ સભ્યને સ્વામીશ્રી મળે ત્યારે અવશ્ય ગૌહત્યા, મત્સ્યઉદ્યોગ, દારૂબંધી વગેરે માટે વાત કરે જ. સંજોગોએ ચીમનભાઈને ગૌહત્યા પર પ્રતિબંધ લાવવાની ફરજ પાડી ત્યારે એના પ્રતિભાવરૂપે સ્વામીશ્રીને તેઓને આઠ પાનાનો પત્ર લખ્યો.

'....ગૌવંશ હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધનો કાયદો કરેલ છે તો આપને અને કેબીનેટને અભિનંદન છે. ને આપે આ કાયદો હિંમતપૂર્વક કરીને જીવદયા અને અહિંસામાં માનનારા અનેકના આશીર્વાદ મેળવેલ છે. આ કાયદાનો પૂરેપૂરો અમલ થાય તે માટે પણ આપ સર્વ ઑફિસરો, અમલદારો તેમજ પોલીસખાતું ખૂબ જાગૃત રહીને કાર્ય કરે... તો જ કાયદો સફળ બને.

....મત્સ્યઉદ્યોગ અંગે પણ ખાસ જણાવવાનું કે દ્વારકા તેમજ પ્રભાસપાટણ, પાલિતાણા જેવાં ધર્મસ્થાનોમાં તે ચાલે છે તો ત્યાંથી બીજે ખસેડવામાં આવે તે માટે ખાસ ભલામણ છે.

વિ... ખાસ અગત્યની વાત તથા ભલામણ ને વિનંતી છે કે.... આપે ગાંધીનગરમાં પ્રદૂષણ ન થાય એ માટે ખૂબ કાળજી રાખેલ છે... પણ બહારના પ્રદૂષણ માટે જેવી કાળજી છે તેવી અંદરનાં પ્રદૂષણની પણ કાળજી લેવાય તે જરૂરી છે. ગાંધીજીનું નામ છે. ગાંધીજી તો પવિત્રતા અને અહિંસામાં માનનારા હતા. દારૂનો નિષેધ કરતા... તો આ અંગે ભવિષ્યમાં કોઈ કાયદો લાવીને કાર્ય કરો એ વિનંતી છે... જેથી બાહ્ય અને આંતરિક પ્રદૂષણો દૂર થવાથી ગાંધીનગરની શોભા ખૂબ વધશે... ને કાયમ પવિત્રતા રહેવાથી ભવિષ્યમાં રાજ્યકર્તાઓના વિચારો શુદ્ધ અને પવિત્ર રહેશે. રાજ્યમાં પણ શાંતિ રહેશે....' (તા. ૨૪-૯-૯૩)

સમાજની સત્ત્વશુદ્ધિ અને સંસ્કૃતિની રક્ષા સિવાય જેને અન્ય કોઈ સ્વાર્થ ન હોય એ જ સત્તાની સામે આટલા નીડર બનીને લખી શકે.

સ્વામીશ્રીને જ્યારે એ વાતની જાણ થઈ કે વડાપ્રધાન દ્વારા મેકડોનાલ્ડ જેવી ગાયોની કતલ કરનારી કંપનીને ભારતમાં આવવાની છૂટ આપવાની તજવીજો થઈ રહી છે ત્યારે પણ સ્વામીશ્રીએ તત્કાલીન રાષ્ટ્રપતિને સીધું સંબોધન કરીને તેઓના આ હિંસાયુક્ત અને હિંસકવૃત્તિને પોષનારા વલણના ઉગ્ર પ્રત્યાઘાત પત્ર દ્વારા આપ્યા હતા. (તા. ૧૫-૩-૯૩)

રામજન્મભૂમિનો મુદ્દો એ ભારતનો સૌથી સંવેદનશીલ પ્રશ્ન છે. એ પ્રશ્ન અને એની ગતિવિધિ એટલી નાજુક છે કે એનો ઉત્તર શોધવામાં ભલભલા ખત્તા ખાઈ જાય. કહેવાતા બૌદ્ધિકોએ આ મુદ્દાનું આળ ધર્મ ઉપર ચઢાવ્યું. આ પ્રશ્ને સ્વામીશ્રી ઉપર ઘણા નેતાઓના પત્રો આવ્યા હતા. એક સન્માનનીય નેતાએ પોતાની વિચારધારા અનુસાર સ્વામીશ્રી ઉપર પત્ર લખ્યો હતો. એ પત્રના ઉત્તરરૂપે લખાયેલા પત્રમાં સ્વામીશ્રીનો દૃષ્ટિકોણ, તટસ્થ વિચારધારા અને નિરાકરણની ફોર્મ્યુલા સાંપડે છે :

'.... ગુજરાત તેમજ ભારતમાં આજ કોમી હુલ્લડો થઈ રહેલ છે તે ખરેખર દુઃખની વાત છે... પણ તેમાં હિંદુ કે મુસલમાન ભાઈઓનો દોષ નથી... કોમી રમખાણો સ્વરાજ મળ્યા પછી પણ થયેલ છે ને થતાં આવેલ છે. તે વખતે અયોધ્યાનો પ્રશ્ન (આવો) નહોતો. પણ દેશનેતાઓ પોતાની સત્તા ટકે તે માટે દેશને મુંઝવતા પ્રશ્નો એક મંચ પર બેસી પતાવવાને બદલે સળગતા રાખીને નવા પ્રશ્નો ઊભા કરે છે. ને પછી હિન્દુઓ કે ધર્મનો દોષ કાઢવો યોગ્ય નથી... સંતો તો પોતાનું કાર્ય કરે છે ને કરશે પણ સત્તાથી અંધ અને બહેરા બનેલા સાંભળી કે જોઈ શકે તેમ નથી. અંદરનો કુસંપ જ કુટુંબનો, સમાજનો ને દેશનો નાશ કરે છે. બહારથી આવેલ મુસલમાન રાજાઓ અને અંગ્રેજોએ સત્તા ટકાવવા નિર્દોષ પ્રજા ઉપર જે અત્યાચાર

ગુજાર્યો છે તેને પણ ભુલાવે તેવો હત્યાચાર (નહિ કે અત્યાચાર) નિર્દોષ વ્યક્તિઓ ઉપર નિર્દય રીતે કરવામાં આવેલ છે. આ હત્યાચાર ભારત માટે શરમની વાત છે.

અંગ્રેજો અને મુસલમાનો તો બહારના હતા. આ તો અંદરનાએ કર્યું તે દુઃખની વાત છે... અયોધ્યાનો પ્રશ્ન તો ચાલીસ વરસથી ચાલે છે. કોઈ પણ નેતાએ ગંભીરતા સમજીને તે પ્રશ્નને પતાવવા સાચા દિલથી કાર્ય કરેલ નથી પણ ઉપેક્ષા કરી છે. જો બધા જ પક્ષો સાથે બેસીને કાર્ય કરેલ હોત તો સંતોષકારક સમાધાન જરૂર થયું હોત.

આજે તે પ્રશ્ન પ્રતિષ્ઠા અને અહં-મમત્વયુક્ત બનેલ છે. અને કહેવામાં આવે છે કે અયોધ્યામાં આમ થશે તો કાશ્મીર ગુમાવવું પડશે ને ગુલામી આવશે. પણ કાશ્મીર તો ગુમાવ્યા જેવું જ છે. ત્યાં કોઈ સલામતી નથી ને પાકિસ્તાન કબજો કરતું જાય છે. બધા પક્ષો સાથે બેસીને કામ કરે તો કામ જરૂર સરળ બને પણ તેમ કરવું નથી. અને અંદરોઅંદરનો કુસંપ અને ખેંચાખેંચ કરી સત્તા ટકે એ ઉપાયો થાય છે. અને પ્રજા પીડાય છે. ગરીબ ગરીબ રહે ને અસામાજિક અને ગુંડાતત્ત્વો, દાણચોરો અને કાળાબજારો વધતાં જાય છે. કારણ કે તેઓનો સાથ લઈને કાર્ય થાય છે. હાથીના દાંત જેવી વાતો છે એટલે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ સર્વેને સારી બુદ્ધિ આવે ને ભારતમાં શાંતિ થાય.'

સ્વામીશ્રીના આ આક્રોશમાં એમની વિચારધારાની દિશા સ્પષ્ટ થાય છે. પરંતુ જ્યાં સત્તા એ જ પ્રાણ હોય ત્યાં સત્યને પહોંચવું મુશ્કેલ છે.

નર્મદા બંધનો વિરોધ એ સ્વામીશ્રીને મન આશ્ચર્યની વાત છે. એમાંય રાજ્યો વચ્ચેના ઝગડા થાય એ અતિ આશ્ચર્ય છે. આ અંગેની સ્પષ્ટ વાત કેન્દ્રના જળસંપત્તિ મંત્રી શ્રી વી.સી. શુકલને તો કરી જ હતી. પરંતુ જ્યારે પર્યાવરણના નામે હોબાળો મચ્યો ત્યારેય સ્વામીશ્રીએ જે સક્રિય ભાગ લીધો એની નોંધ વર્તમાનપત્રોએ લીધેલી જ છે. એ જ અરસામાં પત્ર લખીને પ્રજામતને જાગૃત કરવા માટે સ્વામીશ્રીએ જાહેર અપીલ કરી '.... નર્મદા યોજનાથી ખાલી ગુજરાતને જ નહીં આખા ભારતને લાભ થવાનો છે. એના લાભાલાભનો સંપૂર્ણ વિચાર કરીને યોજનાને મંજૂર કરવામાં આવી છે... આ યોજના પાછળ કરોડોનો ખર્ચ પણ થઈ ચૂક્યો છે... આ કાર્ય વહેલી તકે પૂર્ણ થાય તો ગુજરાતને જે પાણી અંગે મુશ્કેલીઓ વારંવાર થાય છે તે દૂર થશે. તો ગુજરાતની પ્રજા તેમજ તમામ સામાજિક, ધાર્મિક, રાજકીય સંસ્થાઓ જાગૃત રહી એકતાથી આ કાર્ય આગળ વધે ને અટકે નહિ તેમ કરવા સર્વેને વિનંતી છે... આ અંગે અવરોધ કરનાર પણ આ કામ અટકે તેથી થતાં નુકશાનને પણ વિચારે તે વિનંતી છે.'

એક બાજુ નર્મદાબંધ અંગે જાગૃતિ અને સમાંતર રીતે સૌરાષ્ટ્રના નપાણિયા પ્રદેશોમાં 'જળ સંચય અભિયાન'ના કાર્યમાં પણ સ્વામીશ્રી જાગૃતિ લાવ્યા છે.

અમેરિકામાં - દેશથી હજારો માઈલ દૂર હોવા છતાં '૮૪ની સાલમાં સંસ્થાએ આ સંદર્ભમાં કેટલું કાર્ય કર્યું એને કેટલી સફળતા મળી વગેરેનો રિપોર્ટ સ્વામીશ્રી કાયમ પૂછાવતા હતા.

જળસંચય અભિયાન માટે જે તે કાર્ય વિસ્તારમાં કાર્યરત ભક્તવત્સલ સ્વામી, યોગમુનિ સ્વામી, ચતુર્ભુજ સ્વામી, ભક્તિતનય સ્વામી વગેરે સંતોને પણ પત્રો દ્વારા બળ અને માર્ગદર્શન આપતા રહેતા હતા. સાથે સાથે નાની નાની સિંચાઈ યોજનાઓનું યોગ્ય સંકલન થાય અને એ દ્વારા પણ વધારે લાભ મળી શકે એ રીતનું માર્ગદર્શન જરૂર પડે તો સરકારનેય સ્વામીશ્રીએ આપ્યું છે.

ગઢડા નજીકના કાળુભાર ડેમમાંથી ગઢડાને પાણી મળે એ માટે સ્વામીશ્રીએ ખૂબ જ મહેતન કરી હતી. વૃક્ષારોપણની ઝુંબેશ પણ આ જ યોજનાનો એક ભાગ સ્વામીશ્રીએ બનાવી છે.

ગુજરાતની પ્રજામાં વિક્ષોભ પમાડતા અનામત અને કોમી હુલ્લડો વખતે પણ સ્વામીશ્રીએ અમદાવાદમાં રહીને મીટિંગો કરી હતી અને અમદાવાદમાં ન હતા ત્યારે પત્રો દ્વારા અંગત અભિપ્રાયો દર્શાવી, માર્ગદર્શન આપીને સુખદ સમાધાન થાય એવા પ્રયત્નો સ્વામીશ્રીએ કર્યા હતા. આ હકીકત સર્વવિદિત છે.

આવાં કોઈપણ કાર્ય હોય સ્વામીશ્રીએ ક્યારેય સસ્તી પ્રસિદ્ધિને પ્રાધાન્ય આપ્યું નથી. નામનાને ઓગળીને જ મૂક રહીને કાર્ય કર્યે રાખ્યું છે. આવાં કાર્યો દ્વારા સમાજ ઉપર વર્ચસ્વ સ્થાપવાનો પણ હેતુ રાખ્યો નથી. આવી પદ્ધતિ અને પ્રથાઓ જે અન્ય ધર્મોમાં પ્રચલિત છે એના તેઓ વિરોધી છે. એક માનવી સંજોગોવશાત્ લાચાર બન્યો હોય એની લાચારીનો ગેરલાભ ઉઠાવનારાઓ સ્વામીશ્રીને મન દંભી અને લાલચુ સિવાય કશું જ નથી. સ્વામીશ્રીએ તો અણીના સમયે હાથ આપીને એને પોતાની ભૂમિકા સુધી લઈ આવવાનું કાર્ય કર્યું છે. માનવીનું માનવી તરીકેનું ગૌરવ જળવાઈ રહે એમાં ક્યાંય લીસોટો ન પડે એ રીતે દરેક ક્ષેત્રમાં કાર્ય કર્યું છે.

દુષ્કાળના સમયે એવાં હજારો ગામો છે જ્યાં રાત્રે જઈને બંધબારણે અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ મદદ કરી હોય. મહારાષ્ટ્રના ભયંકર ભૂકંપમાં સાવ બેહાલ બનેલા સમુદ્રાલ ગામને હતું એના કરતાંય અનેકગણું સારું કરીને વસાવવાનું ભગીરથ કાર્ય વિના વિલંબે સ્વામીશ્રીએ માથે લઈ લીધું. આ કાર્યની ખાતવિધિ પ્રસંગે સ્વામીશ્રી ગોંડલમાં હતા. ત્યાં અક્ષરદેરીમાં પધારીને ઈંટોનું વ્યવસ્થિત પૂજન કરીને તાત્કાલિક સમુદ્રાલ મોકલી અને લખ્યું : '.... પાંચ ઈંટો સાક્ષાત્ અક્ષરદેરીમાં પ્રસાદી કરી છે. ત્યાં જ પૂજન કરેલ છે ને ચરણારવિંદનાં પુષ્પો ઉપર મૂકેલ છે અને મહાપૂજાનાં અબીલ-ગુલાલ-ચોખા વગેરે મૂકેલ છે. પ્રસાદીનું પાણી પણ ઉપર ચઢાવેલ

છે તો તે મહાપ્રસાદી થયેલ પાંચ ઈંટો - ગામમાં જ્યાં નવાં મકાનો કરવાનાં છે ત્યાં ખાતમુહૂર્ત કરીને મૂકશો... અહીં દેરીએ ધૂન્ય-પ્રાર્થના કરી છે કે મકાનો જલ્દી, સારા ને મજબૂત થાય. દાન કરનાર, કામ કરનાર ને રહેનાર સર્વે સુખી રહે, શાંતિ રહે, ધર્મભાવના વધે, આદર્શ ગામ બને... હજારો વર્ષો સુધી કોઈને કાંઈ વાંધો ન આવે...'

વર્ગવિગ્રહ, જ્ઞાતિવાદ, ઝનૂન, કોમવાદ, જનરેશનગેપ, પક્ષવાદ, મૂલ્યહ્રાસ, સંસ્કૃતિનાશ, આર્થિક અસમાનતા, વૈચારિક મતભેદ અને અસામાજિકતા જેવા નિરંતર થતા ભૂકંપો સમાજની ઈમારતને વારંવાર ધ્વસ્ત કરતા જ રહે છે. ત્યાં પણ સ્વામીશ્રી પરમાત્માના દિવ્ય સંદેશના પૂજાપે રસાયેલી ઈંટો લઈને પહોંચી જાય છે અને 'અમૃતસ્ય પુત્રાઃ....' ની અસ્મિતાની વિરાટ કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ ધરાવતી સીમેન્ટ વડે એક એક ઈંટોને ચણીને સમાજની ઈમારતને અક્ષત, સુદૃઢ અને સુઘડ રાખવાનો નિરંતર પ્રયાસ કરે છે.

યોગી શતાબ્દી મહોત્સવમાં પધાર્યા પછીના પ્રતિભાવ રૂપે 'દિવ્યજીવન સંઘ' ઋષિકેશના આંતરરાષ્ટ્રીય વડા ચિદાનંદ સ્વામીએ સ્વામીશ્રી ઉપર લખેલા પત્રમાં આ જ ભાવના પડઘાય છે : '....આ પત્ર લખવાની વિશેષ પ્રેરણા અને કારણ તો એ છે કે યુવક મંડળ અને બાલનગરીનાં પ્રદર્શનોમાં નશાબંધી અને માદકદ્રવ્યોના સેવન સામે લાલબત્તી ધરવામાં જે પગલાં લેવામાં આવ્યાં તે જોઈ, અનુભવીને હું ખૂબ જ પ્રભાવિત થયો છું. આજના સમાજની પરિસ્થિતિને જોતાં યુવક મંડળ અને બાલનગરીનાં પ્રદર્શનો ખૂબ જ સમયસરના તથા રાષ્ટ્રની સેવાની દિશામાં ખૂબ જ મહત્ત્વનાં પગલાં છે. આ બન્ને મુલાકાતોએ મારા હૃદયને વલોવી નાંખ્યું છે.' વિશાળ અને કલ્યાણકારી મહોત્સવો પણ આ જ હેતુના એક ભાગ છે.

સ્વામીશ્રી જાણે છે કે કેવળ આવાં મોટાં મોટાં કાર્યોમાં જ કેવળ રસ લેવાથી સમાજનો પાયો મજબૂત નહીં બની શકે. કારણ કે સમાજ વ્યક્તિનો બનેલો છે. એટલે જેટલો વ્યક્તિમાં રસ લેવાશે એટલા એના સંસ્કાર દૃઢ બનશે. એનામાં ગુણોની ખિલવણી થશે અને એ રીતે આખો સમાજ ઉચ્ચ આદર્શો વડે શોભતો થશે. સુખી થશે. સદાચારનું આ પ્રથમ પગથિયું જ અધ્યાત્મક્રાંતિના દ્વાર ખોલી આપશે.

અને વ્યક્તિને ઉપદેશ આપતાં પહેલાં ઉપદેશકનું જીવન પણ એવું હોવું જોઈએ કે જેમાંથી સૌ પ્રેરણા લઈ શકે. સ્વામીશ્રીનો આ સિદ્ધાંત છે. તેઓ પોતે વર્ત્યા છે અને એ રીતે વ્યક્તિને વર્તવાની ભૂમિકા તૈયાર કરતા ગયા છે.

૧૯૯૦ની સાલમાં ચોમાસું લગભગ નિષ્ફળ જ ગયું હતું. અષાઢ અને અડધો શ્રાવણ વીતી ગયો હતો. સરકારે કૃત્રિમ વરસાદના પ્રયોગો પણ કરી લીધી હતા અને અછત નિવારણ સમિતિઓ પણ રચાઈ ગઈ હતી. આ બધી જ નિરાશાઓની વચ્ચે

લંડન બિરાજતા સ્વામીશ્રી એક જ આશાવાન હતા. તેઓને મહારાજ - સ્વામીમાં અપાર આસ્થા હતી. સૌનાં દુઃખને નિવારવા માટે સૌ પ્રથમ પોતે ઉજાગરા વેઠવા તેઓએ શરૂ કર્યા હતા. આવી વાતનો કદાપિ ઉલ્લેખ ન કરતાં સ્વામીશ્રીએ તે વખતે એક પત્રમાં લખ્યું હતું : '.... અષાઢ ને અડધો શ્રાવણ જતા દરેકના મન ઊંચા રહે તે સ્વાભાવિક છે, પણ મહારાજ રાખે તેમ રહેવાનું છે. છેલ્લા બે દિવસથી તો રાતરે (મધ્યરાત્રિ પછી કોઈ ન જાણે એમ) કલાક ઊઠી ઊઠી અક્ષરદેરીમાં બેસી ધૂન્ય કરું છું. મહારાજ સ્વામી, યોગીબાપા, શાસ્ત્રીજી મહારાજ દયા કરશે. હજી ટાઈમ છે....'

આજ સંદર્ભમાં સ્વામીશ્રીએ દેવચરણ સ્વામી, ભગવત્ચરણ સ્વામી અને નારાયણમુનિ સ્વામીના પત્રોમાં લખ્યું હતું : '.... વરસાદ માટે ઈન્દ્ર સાથે વાટાઘાટ ચાલે છે. સમાધાન શક્ય છે.... તો હવે સ્વામી મહારાજ દયા કરશે.... ભાદરવામાં વરસાદ વરસી ભૂખ ટાળશે ને આસોમાં વિદાય લેતા જતાં જતાં વરસી આનંદ શે.' ત્યારપછી જે વરસાદ વરસ્યો એમાં જાણે ઉપર જણાવેલી યોજનાનું જ અમલીકરણ થયું.

આવાં તો અનંતગુણોનું દર્શન આ પત્રો દ્વારા સાંપડે છે. કેનેડાના સાંસદ અને તત્કાલીન સૉલિસિટર જનરલ બોબ કપ્લાને સ્વામીશ્રી ઉપરના પત્રમાં લખ્યું છે : 'આપે મારી સમક્ષ જીવનનો પવિત્ર પથ દર્શાવ્યો છે, જેના પાયાના સિદ્ધાંતોને હું માન આપું છું. આપ શુભપવિત્ર પુરુષ છો. જો સમગ્ર વિશ્વ આપનું ઉદાહરણ લે તો વિશ્વ ગુના વગરનું, યુદ્ધ વગરનું અને આત્મઘાતી વલણ વગરનું સુંદરતમ સ્થળ બની જાય. હું માનું છું કે જીવનના અઘરામાં અઘરા પ્રશ્નોના આપની પાસે સચોટ સ્વીકૃત ઉત્તરો છે.'

કર્મઠતા

'કુર્વન્નેવેહ કર્માણિ જિજિવિષેચ્છતં સમાઃ...'

ઉપનિષદનો આ કર્મમંત્ર સ્વામીશ્રીમાં મૂર્તિમાન જોઈ શકાય છે.

સ્વામીશ્રી ગાંધીનગરમાં બિરાજમાન હતા. સાંજે પ્રસાદના સમયે બારણું ખૂલ્યું ત્યારે સ્વામીશ્રી પત્રો લખી રહ્યા હતા. સૌ થોડીવાર બેઠા રહ્યા. છેલ્લે નારાયણચરણ સ્વામીએ પૂછ્યું, 'પ્રસાદ લાવવો છે ?'

'હા લાવો.' ઊંચું જોયા વગર જ આટલું કહીને પાછું વાંચવા મંડ્યા.

નારાયણચરણ સ્વામી કહે, 'હજી કામ તો ચાલુ છે.'

સ્વામીશ્રી કહે, 'ભલે ને એ તો ચાલુ રહે. તમે તમારે થાળ લાવો ને !'

એમ કહીને ધર્મચરણ સ્વામીએ લખીને પેડમાં મૂકેલા ઈન્લેન્ડ, પોસ્ટકાર્ડ વગેરે પત્રોને જુદા પાડી દીધા. સંતોએ પૂછ્યું, 'આમ કેમ કર્યું ?' સ્વામીશ્રી કહે, 'પત્રો જુદા

પાડી દીધા હોય તો સભામાં કામકાજ જલ્દી ચાલે ને !'

ગોંડલમાં નારાયણમુનિ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું, 'ક્યારેક એવું બને કે કોઈ મુલાકાતીઓ પણ ના હોય અને પત્રો પણ વાંચવા-લખવાના બાકી રહ્યા ના હોય. ત્યારે આપ શું કરો ?'

સ્વામીશ્રી કહે, 'ના હોય તો ઊભું કરીએ.'

૧૯૯૪ની સાલના વિદેશ વિચરણમાં સ્વામીશ્રી ભારતથી લંડન જઈ રહ્યા હતા. પ્લેનમાં લઘુશંકા માટે ઊભા તો થયા પરંતુ અંદર કોઈ ગયું હોઈ ઊભું રહેવું પડ્યું. ૨-૩ મિનિટ ઊભા રહેવાનું બન્યું પરંતુ એમાંય ૨-૩ પત્રો સ્વામીશ્રીએ વાંચી લીધા.

લંડનથી અમેરિકા જવાનો દિવસ નજીક આવી ગયો હતો. સ્વામીશ્રીને સમાચાર મળ્યા કે આજે એક હરિભક્ત ભારત જઈ રહ્યા છે. સ્વામીશ્રીએ તરત અમૃતદર્શન સ્વામીને બોલાવ્યા. ૨૪ મિનિટમાં ૨૫ પત્રોના ઉત્તર સ્વામીશ્રીએ લખી આપ્યા.

સ્વામીશ્રી બોચાસણમાં વિરાજમાન હતા. સાંજે પ્રસાદ જમતી વખતે ભગવત્ચરણ સ્વામી કહે, 'આપને કાનની તકલીફ છે. આંખની તકલીફ છે છતાં કાગળ વાંચવા-લખવામાં કંટાળતા નથી... હું તો કંટાળી જઉં છું....' તેઓ બોલતા રહ્યા ને સ્વામીશ્રી પોતાનું કામ કરતાં રહ્યા. કોઈ જ પ્રતિભાવ ન આપ્યો. ભગવત્ચરણ સ્વામીથી રહેવાયું નહિ એટલે કહે : 'તમે કેમ બોલતા નથી ?' સ્વામીશ્રી કહે, 'સાંભળવામાં થાક ન લાગે. બોલવામાં વધારે લાગે.' ...હસીને વાતને સમેટી લીધી અને પત્ર વાંચવામાં પ્રવૃત્ત થઈ ગયા.

૧૯૭૭માં સ્વામીશ્રી જ્હોનિસબર્ગમાં હતા. સ્વામીશ્રી પધરામણીઓ કરીને એક મંદિરમાં સભા માટે પધાર્યા. ચાલુ સભાએ પત્રનો હવાલો સંભાળતા વિનુભગત (હાલ ધર્મચરણ સ્વામી)ને અનિવાર્ય કામ ઊભું થતાં ઉતારે પહોંચી ગયા. એ જ અરસામાં સ્વામીશ્રીએ ટપાલો માંગી. સ્વામીશ્રીને કોઈએ માહિતી આપી કે તેઓ સ્નાન કરવા ગયા છે ને હમણાં જ આવશે. પરંતુ એટલી ક્ષણો બગડે એ કેમ પોસાય ? સ્વામીશ્રીએ બે હરિભક્તોને ઉતારે મોકલ્યા ને કહ્યું, 'હમણાં ને હમણાં વિનુભગતને બોલાવો.' તેઓને સ્વામીશ્રી પાસે પહોંચતા થોડીવાર થઈ એટલે સ્વામીશ્રીએ ટકોર કરતાં કહ્યું, 'આવું કાંઈ હોય ત્યારે ચશ્માં, પેડ ને ટપાલો મને આપી જવી.'

ક્યારેક જાહેરસભાઓમાં મોટા પ્રધાનો આવ્યા હોય ત્યારે ધર્મચરણ સ્વામીને એમ થાય કે 'આ સભામાં ટપાલો ક્યાં આપવી ?' પરંતુ સ્વામીશ્રી તરત જ ટકોર કરે

મુસાફરીમાં પણ સ્વામીશ્રીનું પત્રલેખન અવશ્ય ચાલુ હોય. પોરડાથી નડિયાદનું અંતર માંડ ૧૦-૧૨ કિ.મિ. છે. એકવાર એ રીતે જવાનું હતું. ધર્મચરણ સ્વામીને એમ થયું કે હમણાં નડિયાદ આવી જશે. ટપાલો વાંચવાનો મોકો જ નહિ મળે. એટલે તેઓએ મોટરમાં ટપાલ મૂકી નહિ. સ્વામીશ્રીએ ચાલુ રસ્તે ગાડી થંભાવી અને બીજી ગાડીમાં બેઠેલા ધર્મચરણ સ્વામીને પૂછ્યું : 'ટપાલો ક્યાં છે ?' તેઓ કહે, 'ગાડીની ડેકીમાં છે.' સ્વામીશ્રી કંઈ બોલ્યા નહિ. પરંતુ પત્રવાંચન થઈ ન શક્યું એ વાતનો એમનો વસવસો અછતો ન રહ્યો.

સેલવાસથી મુંબઈ જવાને પાંચ જ મિનિટની વાર હતી ને એક અગત્યનો પત્ર આવ્યો. ઉત્તર તરત જ આપવો પડે એમ હતું. એ પત્રનો ઉત્તર સૂચવુંને સ્વામીશ્રી મને કહે : 'હું ઠાકોરજીનાં દર્શન કરીને આવું છું ત્યાં સુધીમાં તમે ઉત્તર લખી રાખો.' સ્વામીશ્રી દર્શન કરીને ગાડીમાં બિરાજ્યા. એક પગ ગાડીની અંદર ને બીજો પગ બહાર. પોતાના જ ગોઠણના ટેકે પત્રનો ઉત્તર લખીને પેલા હરિભક્તને આપીને વિદાય થયા.

ક્ષણે ક્ષણનો સારી રીતે ઉપયોગ કઈ રીતે કરવો એ સ્વામીશ્રી પાસે શીખવા જેવું છે. આવતીકાલે કદાચ ગુજરાતી શબ્દકોશમાં 'કર્મઠતા' ને બદલે 'પ્રમુખસ્વામીતા' એવો શબ્દ વપરાય તો નવાઈ પામવા જેવું નથી.

ચીવટ

એકવાર સ્વામીશ્રી ઉપર ગોંડલથી પત્ર આવ્યો. અનામી હતો. સ્વામીશ્રીનો કાર્યક્રમ થોડા દિવસ પછી ગોંડલ જવાનો હતો જ એટલે ધર્મચરણ સ્વામીને એ પત્ર રાખી મૂકવા કહ્યો. જ્યારે ગોંડલ પધાર્યા ત્યારે યાદ કરીને એ પત્ર મંગાવ્યો. શ્રીકૃષ્ણ પંડ્યાને કહે, 'આ પત્રના અક્ષરો ઓળખો છો ?' તેઓએ પ્રયત્ન કર્યો પરંતુ ઓળખી ન શક્યા. સ્વામીશ્રી કહે, 'તમે જાતે તપાસ કરીને આ વ્યક્તિ કોણ છે એ ઓળખી લાવો.' ૩-૪ દિવસની અંદર તેઓએ વ્યક્તિની ભાળ મેળવી દીધી. વ્યાવહારિક મતભેદોને લીધે કુટુંબના સંબંધો વણસી ગયાની વાત પત્રમાં હતી. સ્વામીશ્રીએ તેઓને બોલાવ્યા, સમજાવ્યા અને સુખદ સમાધાન કરાવી દીધું.

દિલ્હીમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા સ્વામીશ્રી ત્યારપછી પણ ત્યાં રોકાયા હતા. પ્રભુદાસભાઈ અજમેરાના ઘરે ઉતારો હતો. છેલ્લે નીકળવાના દિવસે અમદાવાદથી સંસ્થાના સેક્રેટરી હરીશભાઈ દવેનો એક તાકીદનો પત્ર આવ્યો. સ્વામીશ્રીને આ પત્ર બપોરે મળ્યો. વહેલા ઊઠીને એનો જવાબ લખી દીધો અને એ જ દિવસે અમદાવાદ જઈ રહેલા ડૉક્ટર સ્વામી સાથે એ પત્ર મોકલાવી દીધો.

ગોંડલમાં બપોરે જમતી વખતે કેરીના કટકા જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાંથી આવી ?'

'મુંબઈથી ઘનશ્યામપ્રસાદ સ્વામીએ મોકલી છે.'

'મળ્યાની પહોંચ લખી ?'

'ના, જ્ઞાની સ્વામીએ લખી હશે.' કૃષ્ણવલ્લભ સ્વામીએ કહ્યું.

સ્વામીશ્રીએ જ્ઞાની સ્વામીને પૂછ્યું. તેઓ પણ ભૂલી ગયા હતા. સ્વામીશ્રીએ જાતે જ કેરી મળ્યાની પહોંચ લખી નાંખી.

'૮૦ ના દાયકામાં સ્વામીશ્રીનું વિચરણ - દાતણ ત્યાં દીવો નહીં - ના ધોરણે ચાલતું હતું. આટલા જબરજસ્ત વિચરણમાં પણ સ્વામીશ્રી અમદાવાદથી કંઠીઓ મંગાવવાની થાય ત્યારે જાતે જ નાનામાં નાની વિગત લખીને મોકલતા. અમદાવાદમાં તે વખતે આ કારોબાર સંભાળતા સત્યપ્રિય સ્વામી ઉપર મોકલેલા પત્રમાં સ્વામીશ્રીએ લખ્યું હતું કે 'કંઠીમાં ખાસ નાયલોનનો દોરો મોકલવો અને બહુ જાડોય નહિ ને બહુ પાતળોય નહિ એવો મોકલજો.'

સ્વામીશ્રીએ કોઈ કામ સોંપ્યું હોય અને એ કાર્યમાં સતત જાગૃતિ રખાવવા સ્વામીશ્રીના ઉપરાઉપરી પત્રો એ વ્યક્તિ ઉપર ન ગયા હોય એવું બન્યું નથી. સારંગપુરમાં ૭૦મી જયંતીનો અવસર હતો. સ્વામીશ્રી તો ત્યારે લંડન હતા પરંતુ લંડનથી અવારનવાર ભક્તવત્સલ સ્વામી ઉપર પત્ર લખતા. '.... ત્યાં તમામ તૈયારી ચાલતી હશે. તમામ વ્યવસ્થા સુંદર ને સર્વોપરી થાય તેમ કરશો....' લંડન, અમેરિકા, આફ્રિકા, આરબદેશ અને ભારતનાં મોટાં મોટાં શહેરોમાંથી પણ કયા કયા હરિભક્તો, કેટલી સંખ્યામાં આવી શકે એમ છે એ બધો લંબાણપૂર્વક ઉલ્લેખ કરીને છેલ્લે સ્વામીશ્રીએ લખ્યું કે '.... આ તમામની રહેવા, જમવા, નાસ્તા, સ્નાન, મચ્છરદાની, નિયમિત સાફસૂફી વગેરે બરાબર વ્યવસ્થા કરશો અને જાહેર રસ્તા પણ સાફ કરાવી લેશો.' આ પત્રમાં એવો પણ ઉલ્લેખ છે કે આ અગાઉ પણ આ અંગે પત્ર લખ્યા જ છે.

એકવાર સ્વામીશ્રી આત્મસ્વરૂપ સ્વામીને પત્ર લખી રહ્યા હતા એ દરમ્યાન જ તેઓનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ તેઓને કાર્ય અંગે બધી વાત કરી. ફોન પત્યા પછી અધૂરો પત્ર પૂરો કરવા લાગ્યા. નારાયણચરણ સ્વામી કહે, 'વાત તો થઈ ગઈ. હવે શું કામ લખો છો ?' સ્વામીશ્રી કહે, 'આ તો એમ કે અધૂરો છે ને પૂરો કરીએ.' આટલા હળવાશથી બોલાયેલા શબ્દોમાં કદાચ 'લખ્યું વંચાય'નો સારગર્ભ સમાયેલો હતો. ફોન ઉપરની વાતમાં કદાચ થોડુંઘણું ભૂલી જવાનો સંભવ ખરો.

વ્યાવહારિક વ્યવસ્થા સંભાળતા સંતોને પણ સ્વામીશ્રી એ બાબતમાં ચીવટ અને ઝીણવટ રાખતાં શીખવે છે. દેવચરણ સ્વામીને બાંધકામના સંદર્ભમાં લખ્યું :

'.... દરરોજ ચણતર થાય એની નોંધ રાખવી. તેમાં કેટલા કડિયા અને (સેવામાં આવેલા) યુવકો કેટલા કામ કરે છે. તેમાં ચક્કી પીસનાર કેટલા, કડીયા સાથે કામ કરનાર કેટલા તે બધી નોંધ દરરોજ રાખવી અને સાંજે ચણતર કેટલા બરાસ થાય છે તે પણ નોંધ રાખવી. જેથી રોજ કેટલું કામ થાય છે તે ખ્યાલ આવે. અને જે સેવામાં થાય છે એ મજૂરી આપીએ એ કરતાં મોંઘું નથી પડતું ને ? એ પણ ખ્યાલ આવે....'

સિકંદરાબાદમાં મંદિર કરવા માટે એક એકર જમીન લેવાઈ હતી. પરંતુ ભવિષ્યનો વિચાર કરીને સ્વામીશ્રીએ આજુબાજુની જમીનો માટે પણ વાતો ચલાવી. આ કાર્ય સંભાળતા યજ્ઞેશ્વર સ્વામીને સ્વામીશ્રીએ વ્યવસ્થિત સૂચનાપત્ર લખીને સમજાવ્યું : '.... આપણે જે બીજી જમીન રાખેલ છે તે જમીન અંગે ટાઈટલ ક્લીયરની પૂરી તપાસ કરવી. તે માટે આપણા વકીલ છે તેઓને મળીને તમામ ચોકસાઈ કરી પછી દસ્તાવેજ કરવો....

(૧) ત્રણ ખૂણિયા જમીન છે તે ચોક્કસ કેટલા ચોરસફૂટ થાય છે તે વ્યવસ્થિત માપ કરીને નક્કી કરવું. ત્રિકોણ છે માટે જાણકાર માપ કરે ને તેમાં ગજનું ચોક્કસ માપ કરે.... તે જમીનમાં માલિકે એક ભાઈને પચીસ હજાર રૂપિયા લઈને ડેવલપમેન્ટ કરવા આપેલ છે તો તે ભાઈને બોલાવી તેને કાયદેસર સ્ટેમ્પ ઉપર લખાણ કરી તે છૂટા થઈ જાય એટલે તે રકમ તેને પરત કરવી. તે કામ પણ ચોક્કસ વકીલ મારફત કરવું. સ્ટેમ્પ (પેપર) ઉપર લખાણમાં મૂળમાલિકની પણ સહી થાય... એમ કરવું.

(૨) એ જમીનમાં જે બાંધકામ કરેલ છે તેનું પણ ચોક્કસ માપ કરીને જેણે ડેવલપમેન્ટ કર્યું છે તેને એટલી કિંમત આપીને છૂટા કરવા... એનું પણ જૂદું લખાણ મૂળમાલિક પાસેથી અને બન્ને ભાઈઓ પાસેથી લેવું....

(૩) જે બાકીની જમીન છે તે માલિકો સાથે નક્કી થઈ છે પણ તે તકરારી છે. તેમાં બીજા હક ધરાવવાનો દાવો કરે છે... તો તે અંગે માલિકો કોર્ટથી કાયદેસર પોતાનો હક મેળવે ત્યારબાદ જ જેટલી જમીન છૂટી કરતા જાય તેટલી રકમનો દસ્તાવેજ કરવો... આ અંગે પહેલાં વકીલ સાથે બેસીને નક્કી કરવું....'

નાનામાં નાની બાબતોની ચોકસાઈ અને ચીવટ જ સફળ વ્યક્તિઓની સફળતાનું રહસ્ય છે.

સાદાઈ

૧૯૭૭માં સ્વામીશ્રીએ કલકત્તાના સંતોને ઉદ્દેશીને મોકલેલા એક પત્રમાં લખ્યું હતું : 'ગયે વખતે ('૭૪ની સાલમાં) અમે સીનસીનાટી હતા. આ વખતે ત્યાંથી ચાલીસ માઈલ દૂર ડેયટનમાં છીએ. ગયે વખતે ત્યાંની (સીનસીનાટી) ચાવી (કી ટુ ધી

સિટી) મળી. આ વખતે ડેયટનની મળી. તે વખતે પાંચ ઈંચ લાંબી ને બે-ત્રણ આની જાડી હતી. આ વખતે લંબાઈ અને જાડાઈમાં એના કરતાં ચોથા ભાગની છે. અહીં હવે મોટરો પણ નાની કરશે. પેટ્રોલ, મોંઘવારી લાગી. પહેલા મોટરો (ભંગારમાં) ફેંકી દેતા. હવે તેમાંથી લોખંડ કાઢી ફરીથી તેનો ઉપયોગ કરે છે... આપણે સંતોને તો મહારાજે પહેલેથી જ આદેશ છે કે સાદું જીવન (રાખવું) ને પદાર્થ ભેગા ન કરવા જેથી પ્રશ્ન આવે જ નહીં, સહેજે જ ભજન થાય....'

સ્વામીશ્રીની આ ભાવનામાં અમેરિકાની બદલાતી જીવનશૈલીનાં નિરૂપણ તર્કબદ્ધતા જણાઈ આવે છે. જો કે આ તો એમના વર્તનનું જ પ્રતિબિંબ વિશેષ અનુભવાય છે.

શરૂઆતનાં વર્ષોમાં સ્વામીશ્રી હંમેશા ઈન્ડીપેન વાપરતા અને શાહીનો ખડિયો સાથે રખાવતા. અને ટપાલો સાચવવા માટે પોટલું જ રખાવતા. આ ક્રમમાં સ્વામીશ્રીએ વર્ષો સુધી ફેર પડવા દીધો ન હતો. પછી તો જો કે પરદેશના હરિભક્તોએ રોલરપેન મોકલાવી. એમાં પણ મોંઘી પેન કોઈ મોકલે તો સ્વા એનો સવિનય ઈન્કાર કરી દેતા.

એકવાર લંડનથી અરુણકુમારે પેપરમેટ કંપનીની મોંઘી સોનેરી પેનો મોકલી. સ્વામીશ્રીને જ્યારે એ વાપરવા આપવામાં આવી કે તરત જ પૂછ્યું, 'આપણે કાળી વાપરતા એ ક્યાં ગઈ ?' ધર્મચરણ સ્વામી કહે : 'આ વખતે આ આવી છે.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું, 'આપણે આવી પેનની જરૂર નહિ. અરુણકુમારને જણાવી દેજો કે આવી પેનો ના મોકલે. આપણી કાળી પેન હતી એ સારી હતી.' ૧૯૯૩ની સાલમાં જ્યારે 'પેપરમેટ' અને 'પાયલોટ' પેનમાંથી કઈ વધારે પસંદ છે એમ પૂછવામાં આવ્યું ત્યારે સ્વામીશ્રીએ 'પાયલોટ' પેન ઉપર પસંદગી ઉતારી. કારણ કે એ દેખાવમાં સાદી અને કિંમતમાં સસ્તી હતી.

એકવાર સંતોએ સ્વામીશ્રી માટે સોનેરી ફ્રેમનાં ચશ્માં પસંદ કર્યા ત્યારે સીધી જ ના પાડવાને બદલે સ્વામીશ્રીએ સંતોને પ્રશ્ન કર્યો : 'મારે ફ્રેમમાંથી જોવાનું છે કે કાચમાંથી ?' પછી પોતાની રુચિ જણાવતાં કહે, 'આપણે સાદું સારું.'

સ્વામીશ્રીને મન, સાધન-સામગ્રીનું મૂલ્ય ફ્રેમ જેટલું જ છે. અક્ષરો કરતાંય સ્વામીશ્રીના ભાવમાં જે ભવ્યતા છે એ જ સૌને વિશેષ સ્પર્શે છે.

કરકસર

સ્વામીશ્રીને મન પ્રત્યેક વસ્તુના માલિક ભગવાન શ્રીજીમહારાજ છે. એટલે કોઈ પણ વસ્તુનો આપણા પોતાના તરફથી દુર્વ્યય ન થવો જોઈએ. સ્વામીશ્રીની

કરકસરની પાછળ આ ભાવના રહેલી છે.

રોજબરોજ આવતી ટપાલોની થપ્પીને રબરબૅન્ડ લગાવીને ધર્મચરણ સ્વામી સ્વામીશ્રીને આપે છે. સ્વામીશ્રી પોતાની અનુકૂળતાએ જ્યારે ટપાલો વાંચવી શરૂ કરે છે ત્યારે રબરબૅન્ડ કાઢીને પગના અંગુઠે ભરાવી દે છે. એકવાર મોટરમાં આ રીતે પત્રવાંચન કરીને સીધા સભામાં પધારી ગયા. સભા પૂરી થયા પછી ઉતારે પધાર્યા ત્યારે પગના અંગુઠેથી જાતે જ રબરબૅન્ડ કાઢીને ધર્મચરણ સ્વામીને આપતાં કહે, 'લ્યો આ તમારું રબ્બર....'

અમદાવાદનો જિતેન્દ્ર આર. પટેલ લંડન રહેતા તેઓના એક સગાનો પત્ર લઈને ગોંડલ આવ્યો હતો. એણે એ પત્ર સ્વામીશ્રીને આપ્યો. પત્ર વાંચી લીધા પછી સ્વામીશ્રીએ એ જ પત્રના પાછલા કોરા પાના ઉપર એનો ઉત્તર લખી દીધો. સ્વામીશ્રી આ પ્રકારે ઘણીવાર કરે છે.

એકવાર પત્રનું સરનામું વાંચીને કહે, 'રાજુલાવાળા ભગવાનજી સોલંકી તો કાલે જ અહીં આવ્યા હતા. ધર્મચરણને ખબર નહિ હોય, નહિ તો હાથોહાથ પહોંચી જાત.'

'૯૪ની સાલના વિદેશ વિચરણ દરમ્યાન અમૃતદર્શન સ્વામીને સ્વામીશ્રીએ ટકોર કરી હતી કે જ્યાં હાથોહાથ પહોંચી શકે એમ હોય ત્યાં પોસ્ટ કરવાની ટપાલ ના લખવી.

પરદેશ જતાં પહેલાં મોડી રાત સુધી જાગીનેય સ્વામીશ્રી દેશના પત્રો પૂરા કરી દે છે. અને દેશમાં હોય ત્યારેય પરદેશથી આવેલા પત્રોના ઉત્તર લખીને હંમેશાં મુંબઈ મંદિરે મોકલાવી દેવાની સૂચના સ્વામીશ્રીએ આપેલી જ છે. ત્યાંથી રોજ પરદેશનો સંગાથ મળી રહે એટલે હાથોહાથ ટપાલ પહોંચી જાય. અને જે જવાબ પોસ્ટકાર્ડ દ્વારા આપી શકાતો હોય એ આંતરદેશીય પત્રમાં આપ્યો હોય તો સ્વામીશ્રી તરત ટકોર કરીને લખનારને ઠાકોરજી પ્રત્યેના મમત્વની શિખામણ પણ આપતા રહે છે.

પત્રવાંચન કરતી વખતે વધારાની લાઈટ બળતી હોય તો તરત જ બંધ કરવાની સૂચના આપે છે. એમની આ કરકસર એ ઠાકોરજી પ્રત્યેની મમત્વભક્તિનું નવતર સ્વરૂપ છે. તેઓને જ્યારે ખબર પડી કે માતરના એક હરિભક્તે દર વર્ષ કરતાં આ વર્ષે ઓછો ધર્માદો આપવાનો કહ્યો છે. એટલે તરત જ લેટરપેડ મંગાવ્યું. સંતોએ કહ્યું, 'કાલે લખજો. અત્યારે રાતના ૧૨-૦૦ વાગી ગયા છે.' પરંતુ સ્વામીશ્રી કહે, 'ઠાકોરજીનું કામ પહેલું.' પલંગ ઉપર બેઠાં બેઠાં સ્વામીશ્રીએ તેઓને પત્ર લખ્યો.

'પૂ... ભાઈ,

આપ મજામાં હશો. ચોખા આપો છો પણ તેમાં ઓછા કરેલ છે માટે તેમાં ઓછા ના કરશો. પંદર મણ પૂરા કરશો. આપ દર વરસે રાજી થકા કરો છો માટે

ઠાકોરજીમાં કરકસર ન કરવી. બીજે કરવી. આશીર્વાદ છે. રાજી રહેશો....' (તા. ૨૩-૨-૮૯, બોચાસણ)

સ્વામીશ્રીને ખ્યાલ આવે કે આજે કોઈ જનાર છે તો બધું જ કાર્ય પડતું મૂકીને ટપાલ લખવા બેસી જાય.

સારંગપુરમાં એક ભાઈ સ્વામીશ્રીના ઉત્તરની રાહ જોઈને ઊભા હતા. ધર્મચરણ સ્વામી સ્વામીશ્રીની બાજુમાં જ બેસીને પત્ર લખી રહ્યા હતા. પત્ર પૂરો થવા આવ્યો હતો. છેલ્લે ફક્ત નામ લખવાનું હતું. સ્વામીશ્રીને ઉતાવળ હતી એટલે નીચા નમીને ધર્મચરણ સ્વામીના હાથમાંથી પત્ર લઈ, અધૂરું નામ જાતે પૂરું કરીને વિગતો લખીને જનારને એ પત્ર આપી દીધો.

બોચાસણમાં હરીશભાઈ દવે સાથે મિટિંગ કરીને સ્વામીશ્રી નીચે સભામાં પધાર્યા. હરીશભાઈ અમદાવાદ જઈ રહ્યા હતા એટલે સ્વામીશ્રીએ તેઓને કહ્યું, 'એક ટપાલ લેતા જજો.' સ્વામીશ્રીએ લખવા માટે પેડ હાથમાં લીધું. થોડું લખ્યું ત્યાં એક સંતે કથા પૂરી કરી. સ્વામીશ્રી કહે, 'હજી થોડું લંબાવો.' બીજા સંતે થોડું પ્રવચન કરીને પૂરું કર્યું છતાં પત્ર તો પૂરો નહોતો થયો. સ્વામીશ્રીએ પત્ર અધૂરો રાખી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ઉપર પધારીને અધૂરો પત્ર પૂરો કરીને હરીશભાઈને આપ્યો.

શતાવધાન વૃત્તિ

સ્વામીશ્રીની કર્મઠતા અને શતાવધાનવૃત્તિનાં અનેકરૂપે દર્શન થયાં છે. ઉક્તિ કહે છે, એક સાથે બે ઘોડે સવારી ના થઈ શકે. પરંતુ સ્વામીશ્રી તો એક સાથે અનેક ઘોડે સવાર થતા દીઠા છે. આ તેઓશ્રીની આગવી વિશેષતા છે. સભામાં પત્ર લખતાં લખતાં અન્ય પ્રવચનોનું શ્રવણ કરતા સ્વામીશ્રીને છેલ્લે તેઓના આશીર્વાદ વખતે પૂર્વવક્તાઓએ રજૂ કરેલા મુદ્દાઓનો ઉલ્લેખ કરતાં લગભગ બધાએ જ જોયા હશે.

ક્યારેક પત્રલેખન દરમ્યાન વક્તાની ભૂલ હોય તો તરત જ સુધારે અને ક્યારેક સારો મુદ્દો હોય એને સ્વામીશ્રી પુષ્ટ કરી આપે. ગોંડલમાં બાલમુકુંદ સ્વામી નિષ્ઠાની વાતો કરતા હતા. સ્વામીશ્રીએ ચાલુ પત્રલેખને વાત ઉપાડી : 'ભક્ત છે એણે તો ભગવાન આગળ જ પ્રાર્થના કરવી. સુખની ઇચ્છા હોય કે દુઃખનું નિવારણ હોય ભગવાનને જ પ્રાર્થના કરવી. પછી એમની ઇચ્છા હોય એમ ભલે બને. મૂળને બાઝવું. બધે લોલંલોલા થાય તો બધેથી રહીએ. ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે....' સ્વામીશ્રીની આ શૈલી અત્યંત સાહજિક છે. (તા. ૮-૬-૮૯)

લંડનથી વી.એમ.પટેલનો ફોન હતો. વાતો લાંબી ચાલે એમ હતી એટલે સ્વામીશ્રી પત્ર વાંચતા ગયા અને વાત કરતા ગયા. એક પત્ર પૂરો થાય એટલે જાતે જ

હાથ વડે બીજું કવર ખોલીને અંદરથી પત્ર કાઢી, એક હાથે જ પહોળો કરીને વાંચતા જાય. આ રીતે સ્વામીશ્રીએ ચાર પત્રો વાંચી લીધા. (તા. ૧૨-૬-૮૯, ગોંડલ)

આ જ રીતે મુંબઈમાં સ્વામીશ્રીએ ફોનમાં વાત કરતાં કરતાં જુદા જુદા પ્રશ્નોવાળા ૬ પત્રોના ઉત્તરો લખ્યા હતા.

એકવાર સ્વામીશ્રીનું પત્રવાંચન ચાલુ હતું ત્યાં અમદાવાદના શિવાભાઈના દીકરા દર્શને આવ્યા. તેઓને કંઈક પૂછવું હતું. સ્વામીશ્રી પત્ર વાંચતાં વાંચતાં જ કહે, 'જે પૂછવું હોય એ પૂછી લે.' પેલા યુવકે પાંચેક પ્રશ્નો પૂછ્યા. સ્વામીશ્રીએ પત્ર વાંચતાં વાંચતાં જ એ સાંભળ્યા એટલે યુવકને થયું સ્વામીશ્રીએ સાંભળ્યું હશે કે નહિ ? પરંતુ પત્ર વાંચી લીધા પછી સ્વામીશ્રીએ એના પ્રશ્નોના એક પછી એક ઉત્તર આપ્યા ત્યારે એને અને આજુબાજુ બેઠેલા સૌને આશ્ચર્ય થયું.

સ્વામીશ્રીની આ બહુ-અવધાનવૃત્તિમાં ક્યારેય ઠેલંઠેલાવૃત્તિનાં દર્શન થયાં નથી. એકવાર મુંબઈમાં પત્રલેખન ચાલુ હતું. એક પોસ્ટકાર્ડમાં ધર્મચરણ સ્વામીએ દીકરાના નામની વિગત લખી હતી કે દીકરાનું નામ 'મનહર' રાખશો. આ વાંચીને સ્વામીશ્રીએ તરત જ કહ્યું, 'આગળના એક પત્રમાં 'મનહર' લખ્યું છે ને આમાં પાછું ફરીવાર એ જ નામ કેમ લખ્યું ?' સેવક સંતથી 'પીયૂષ'ને બદલે 'મનહર' લખાઈ ગયું હતું એ હકીકત સ્વામીશ્રીની નજરમાં તરત જ આવી ગઈ.

આણંદના એક પત્રમાં સેવક સંતે હરિભક્તના નામમાં પુરુષોત્તમભાઈ જોરાભાઈ લખ્યું હતું. સ્વામીશ્રીએ જાતે જ એ સુધારીને 'પુરુષોત્તમભાઈ ભુલાભાઈ' કરી લીધું.

સભામાં બિરાજ્યા હોય ત્યારે પત્રવાંચન, કથાશ્રવણ અને કોણ ક્યારે આવ્યું ને ક્યાં બેઠું વગેરે બધી જ વિગતોનું ધ્યાન સ્વામીશ્રી એક સાથે રાખી શકે છે. સારંગપુર જન્મજયંતી દરમ્યાન ચાલુ સભામાં આ જ રીતે પત્રવાંચન કરતાં કરતાં મને બોલાવીને કહે, 'કલકત્તાથી કાંતિભાઈ અજમેરા આવ્યા છે દેખાય છે ?' મેં જોયું પણ મળ્યા નહિ. સ્વામીશ્રી કહે, 'પેલા છેલ્લા થાંભલે બેઠા. એમને આગળ બેસાડી દો.'

સરળતા

સ્વામીશ્રી સાંકરીમાં બિરાજતા હતા. બાજીપુરાના નરેશભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓનો નાનો પુત્ર કેવીન સાથે હતો. નરેશભાઈ કહે કે 'આ કેવીન કાગળ લખવાનું કહે છે.' એની આંખોમાં ડોકાઈ રહેલી જિજ્ઞાસાને પારખી જઈને સ્વામીશ્રી હળવેથી એના ગાલે હાથ ફેરવતા કહે : 'બોલ શું લખવાનું છે ? કાગળ લખવાનો છે ? કોને લખવાનો છે ?'

'ભગવાનને.' કેવિન બોલી ઊઠ્યો.

'શું લખવાનું છે ?' સ્વામીશ્રીના આ પ્રતિપ્રશ્નમાં એ બોલી ઊઠ્યો : 'વિઝા મળી જાય એ.' એની નિર્દોષતા ઉપર સ્વામીશ્રી હસી પડ્યા. અને કહ્યું, 'અમે ભગવાનને જરૂર પ્રાર્થના કરીશું.' નાનકડા બાળકની સાથે સામાન્ય બાબતમાં પણ સ્વામીશ્રી સમય ફાળવી શકે એ સ્વામીશ્રીની સરળતા છે.

વ્યક્તિ બીજું બધું ભૂલી શકે પરંતુ પોતાનું પદ ભૂલવું એ એક મહાન લબ્ધિ છે. સ્વામીશ્રીના અંગત જીવનમાં ડગલે ને પગલે આ ગુણ દેખાય છે. કોઈપણ પરિસ્થિતિમાં સ્વામીશ્રી પત્ર વાંચન કરી શકે છે. બેંગ્લોરના સ્ટેશનનો ઝાંખો પ્રકાશ હોય કે વલસાડના સ્ટેશનનો બાંકડો. ગાડી હોય કે ગાડું. પ્લેન હોય કે પગથિયા. એકવાર તો ચાલુ લિફ્ટમાં પણ એમનું પત્રવાંચન ચાલુ હતું.

મુંબઈમાં 'નેહરુ મૅમોરિયલ હૉલ'માં કેટલીક જાહેર સંસ્થાઓ તરફથી સ્વામીશ્રીનું સન્માન રાખ્યું હતું. સ્વામીશ્રી મંદિરેથી વહેલા નીકળી ગયા. જાહેર થયેલા સમયે સ્વામીશ્રી હૉલમાં પધારી ગયા હતા પરંતુ હજી સ્ટેજ ઉપર પૂરતી તૈયારીઓ પણ થઈ ન હતી. પડદા પણ બંધ હતા. સ્વામીશ્રી પધારતાં સૌ આઘાપાછા થવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રી સ્વસ્થ હતા. આસન ઉપર બિરાજીને નિરાંતે પત્રો વાંચવા લાગ્યા.

સ્વામીશ્રીને અટલાદરાથી નીકળીને બીજે ગામ જવાનું હતું. દરમ્યાન તાકીદનો પત્ર આવ્યો. સેવક-સંતો નાસ્તો કરવા ગયા હતા. ધર્મચરણ સ્વામી ગાડીની વ્યવસ્થા કરવા બહાર ગયા હતા. સ્વામીશ્રીએ ઉત્તર લખી નાંખ્યો પણ કવર ના મળ્યું. ઓરડામાં બીજું કોઈ જ હતું નહીં એટલે સ્વામીશ્રી જાતે જ બહાર આવ્યા અને નાસ્તો કરતા સંતોને પૂછ્યું, 'ધર્મચરણ ક્યાં છે ?' સંતો કહે, 'આપ અંદર બિરાજો. અમે બોલાવી લાવીએ છીએ. તેઓ બહાર હશે.' સેવકની વાત સાંભળીને સ્વામીશ્રી જાતે જ બહાર આવી ગયા. ત્યાં સુધીમાં જો કે ધર્મચરણ સ્વામી આવી ગયા અને કવર આપ્યું.

એકવાર સ્વામીશ્રીને ધર્મચરણ સ્વામીએ પૂછ્યું, 'મુંબઈવાળા ભાનુભાઈ અત્યારે મુંબઈ જવા નીકળે છે. મુંબઈના પત્રોમાં સહી કરવી છે ?' સ્વામીશ્રી કહે, 'લાવો કરી દઈએ.' થોડાક પત્રોમાં સહી કર્યા પછી ધર્મચરણ સ્વામીને કહે, 'એમને જરા પૂછી આવો ને ! જો ઉતાવળ ન હોય તો સ્નાન કરીને આવ્યા પછી પત્રો લખી આપું.' સ્વામીશ્રીની આ સરળતા ભાનુભાઈના અંતરમાં સ્પર્શી ગઈ.

એકવાર સ્વામીશ્રી મોટરમાર્ગે મુંબઈ જઈ રહ્યા હતા. વાપીમાં હિંમતસિંહના ઘરે પગલાં કરીને આગળ વધવાનું હતું પરંતુ કોઈનો સાથ ન હોવાથી ઘર શોધવામાં

તકલીફ પડી. સ્વામીશ્રીએ પૂરતી તપાસ કરી પરંતુ ઘર ન મળતાં મુંબઈ જવા રવાના થઈ ગયા. મુંબઈથી બીજે જ દિવસે સ્વામીશ્રીએ હિંમતસિંહ ઉપર પત્ર લખ્યો : '.... ગઈકાલે આપને વાત કરેલ ને આવવાનું હતું પણ આપ આગળ નીકળી ગયા, અમો ઊભા પણ કોઈ દેખાયું નહિ એટલે એમ કે આગળ હશે તેમ માની આગળ નીકળી ગયા તો રાજી રહેશો. અને આપને ફરી રાજી કરીશું. તો રાજી રહેશો. ન આવી શક્યા તે માટે હમો ઘણાં દિલગીર છીએ.'

'૮૮ની સાલના પરદેશ પ્રવાસની આગલી રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યા પછી સ્વામીશ્રીએ લેટરપેડ મંગાવ્યું. વહેલી સવારે પ્લેન દ્વારા નીકળવાનું હતું. સ્વામીશ્રીના મનમાં એક રંજ હતો. ત્રિગુણભાઈના ઘરે ન જઈ શકાયાનો. તેઓની બન્ને કિડની ફેઈલ થઈ ગઈ હતી. સ્વામીશ્રીએ તેઓને લખ્યું : 'આપને મળવા આવવાની અમારી ઘણી ઈચ્છા હતી પરંતુ સંજોગો એવા આવી ગયા કે અમે આવી શક્યા નથી તો માફ કરશો. મહારાજને સંભારીને ભજન કરશો. મહારાજ બધું સારું કરશે.'

સ્વામીશ્રીની આ સરળતા સૌ કોઈને સ્પર્શે છે. તેઓશ્રીને સન્માનથી છેટા રહેવાનું વિશેષ ગમે છે. એટલે જ વિશ્વમાં ધર્મનો પ્રચાર કરીને પરત આવતાં પહેલાં જ્યારે સ્વામીશ્રીને ખબર પડી કે મુંબઈમાં તો આગમનને ભવ્યતા બક્ષવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. એટલે તરત જ કોઠારી સ્વામી ઉપર પત્ર લખ્યો :

'ખાસ અગત્યની સૂચના : આપને, સંતોને, હરિભક્તોને યુવકોને છે કે હમો પરદેશથી આવીએ એટલે સ્વાગત માટે કોઈ ખર્ચ કરવો નહિ. સર્વેને ખાસ ભલામણ છે. ઉત્તરાયણ ઉત્સવની સાથે કથા, વારતા, ભજન થાય પણ ખોટા ખર્ચ ન થાય તે માટે તમારે તકેદારી રાખવી... રાજી કરવા હોય તો આ વાત ધ્યાનમાં રાખશો. બાકી મનસ્વી કરવું હોય તો કોઈને કહેવાનું નથી. ફૂલહારમાં પણ વધારે ખર્ચ ન કરવો. ખુબ સાદાઈ હશે તો આનંદ થશે....'

હંમેશાં સરળ રહેવામાં સ્વામીશ્રીને વિશેષ આનંદ આવે છે.

નિર્વૈર

સ્વામીશ્રી સૌને ચાહી શકે છે કારણ કે તેઓના અંતરમાં ક્યાંય ખૂણો નથી. તેઓની સ્થિતિની સપાટીએ નાનો સરખોય ડાઘ પડવાને સંભવ નથી. કાગડા બધે કાળા હોઈ શકે પરંતુ માણસો બધે સરખા ક્યાંથી હોય ?

ન્યૂજર્સીના એક યુવાને તો પત્રમાં આ કાગળ ઉપર ન લખાય એવી ગાળો જ લખી હતી. અંગ્રેજીમાં લખાયેલા આ પત્રનું બ્રહ્મવિહારી સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ ભાષાંતર કર્યું. બોલનાર સમસમી ગયા હતા પરંતુ સાંભળનાર એવા ને એવા જ હતા.

બ્રહ્મવિહારી સ્વામીએ પૂછ્યું : 'આ પત્રનું શું કરવું છે ?'

'કંઈ નહિ.'

'અત્યારે સંતોનું મંડળ ત્યાં જ છે. તેઓ ઉપર પત્ર મોકલવો છે ? એ વ્યક્તિને બોલાવીને સમજાવે.' બ્રહ્મવિહારી સ્વામીએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'એનીય જરૂર નહિ. સંતો પત્ર વાંચીને કદાચ સમસમી જાય તો કંઈક વધારે કરી બેસે એના કરતા પ્રાર્થના કરવી કે મહારાજ એનું સારું કરે.'

કેટલીકવાર એવા પત્રો આવે કે આપણને એમ થઈ જાય કે કંઈક કરીએ. પરંતુ સ્વામીશ્રીના મુખ ઉપરની ક્ષમા આપણને આ બધું ગળી જવા મજબૂર કરી નાંખે છે.

ગોંડલમાં તો આવા એક પત્રની વાત સ્વામીશ્રીએ સભામાં જાતે જ કહી : 'આજે જ એક ભાઈએ અમારા લખેલા પાંચ પત્રો અમને પાછા મોકલાવ્યા. એમણે લખ્યું કે તમે આશીર્વાદ આપ્યા પણ ફળતા નથી માટે તમને તમારા પત્રો મોકલાવું છું. મારે હવે આશરો બદલવો પડશે. સાધુ જૂઠું બોલે નહિ. તમે જે હોય એ સાચું કહી દો ને ! લ્યો ! અમારે શું સાચું કે'વું ? દરદી મરવાનો હોય તોય ડૉક્ટર કહે છે કે મરી જશે ? આશ્વાસન તો આપવું જોઈએ ને...!'

મુંબઈમાં રાત્રે જમ્યા પછી સ્વામીશ્રી પત્રવાંચન કરતા હતા. તા. ૨૯-૧૨-૯૧નો એ દિવસ હતો. દરમ્યાન લંડનથી જયંતીભાઈનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ તેઓની સાથે વાત કરતા પૂછ્યું : 'કાગળમાં તો તમે એમ લખેલું કે પહેલી તારીખે ફોન કરીશ ને આજે કેમ કર્યો ?' જયંતીભાઈ કહે, '.... પછી આપના કાર્યક્રમનું ઠેકાણું નહિ ને !' સ્વામીશ્રી કહે, 'અરે હોય ! અમે તો ઠેકાણાવાળા માણસ છીએ.' નિર્દંશ પુરુષ જ આ રીતે હળવાશ રાખી શકે.

નિખાલસ, નિર્વૈર અને નિર્માનનું આ આધ્યાત્મિક શસ્ત્ર કદાચ તોછડા અને ઉચ્છૃંખલ માનસ ઉપર દેખીતી અસર ન પાડે પરંતુ એના સૂક્ષ્મમાં સૂક્ષ્મ મર્મપ્રદેશ સુધી એ પહોંચી જાય છે અને વિરોધી ભાવનાઓ, લાગણીઓ જિતાઈ જાય છે. સ્વામીશ્રીના જીવનનું આ મહાન સત્ય પત્રો દ્વારા અનુભવાય છે.

સ્વરૂપ દર્શન

સ્વામીશ્રી સૌને ચાહી શકે છે, કારણ કે તેઓ એવી ભૂમિકા ઉપર સ્થિર છે. એમની પ્રજ્ઞા ક્યારેય દ્વન્દ્વોની વચ્ચે લોલંગાતી નથી. દ્વેષીઓના દ્વેષ ભૂલીને અણીને સમે સ્વામીશ્રીએ તેઓને મદદ કરી છે. સ્વામીશ્રીના આ સ્વરૂપ, સામર્થ્ય, ઐશ્વર્ય અને શક્તિના સાક્ષી એમના પત્રો જ છે.

૧૯૯૦ની સાલમાં સ્વામીશ્રીએ પોષીપૂર્ણિમાનો ઉત્સવ ભાદરામાં ઊજવ્યો. આ

સંદર્ભમાં ભગવત્ચરણ સ્વામીએ લખ્યું : '.... આ ઉત્સવ મૂળ ડભાણનો છે એટલે ડભાણમાં ઊજવો તો જ ઉત્સવ ઊજવ્યો સાચો. બાકી તો ઠીક.' સ્વામીશ્રીએ તેઓને લખ્યું, 'તમારી વાત સાચી પણ બ્રહ્મ તો સર્વત્ર છે માટે તેને બાધ નથી. જ્યાં ઉત્સવ ઉજવાય, દેશ, પરદેશ ત્યાં બધે જ છે.'

એક બાળકે પત્રમાં લખ્યું : 'તમે ગુરુ કેવી રીતે થયા ?' સ્વામીશ્રી કહે, 'સાક્ષર ? (અક્ષરજીવન સ્વામી) તું જવાબ આપજે.' તેઓ કહે, 'આપ તો અનાદિના જ છો...' થોડીવાર પછી તેઓ કહે, 'અમારો તો જવાબ આ છે. આપનો શું છે ?' સ્વામીશ્રી કહે, 'એક જ. પણ સાક્ષરનું પ્રમાણ લોકમાં થાય ને અમારું ન થાય !'

વેનેઝુએલાથી એક ભાવિક બહેને પત્રમાં પોતાનાં સ્વપ્નદર્શનની વાત લખી હતી. છેલ્લે તેઓએ પોતાની ભાવના વ્યક્ત કરતાં લખ્યું : 'Our world is uncertain, materialistic. A true master can turn a stone into diamond.... So please send me a photograph of your master his master and your home.' (આ દુનિયા અનિત્ય છે અને ભૌતિકવાદી છે. સાચા ગુરુ જ આવી પથ્થર જેવી દુનિયાને હીરામાં પલટાવી શકે.... તો આપ આપના ગુરુ, આપના ઈષ્ટદેવ અને આપના ઘરનો ફોટો મોકલશો.)

સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપના ઘરનો ફોટો મોકલવાનું કહ્યું એમાં શું મોકલવું ?' સ્વામીશ્રી કહે, 'અક્ષરધામનો ફોટો મોકલવો.' મેં ગમ્મતમાં કહ્યું, 'અક્ષરધામ તો આ વિશ્વવિહારી સ્વામીએ પચાવી પાડ્યું છે.' આ સાંભળીને સ્વામીશ્રી ઝીણી આંખે અને ઝીણા સાદે કહે, 'એમ એ કોઈ પચાવી શકે એમ નથી. એ તો વિરલાનું કામ છે. હકનું છે.' સ્વામીશ્રીના વાક્યમાં જે માલિકીભાવનો જુસ્સો હતો એમાં તેઓની દિવ્ય આધ્યાત્મિક સત્તા અને સામર્થ્યનો અનુભવ થતો હતો.

સ્મરણશક્તિ

એકવાર એક પત્રના સંદર્ભમાં સ્વામીશ્રીએ લખ્યું હતું :

"I AM BRAHMA,
AKSHAR
SHRIJI MAHARAJ'S
DAS

સ્વામીશ્રી બ્રહ્મ છે એટલે સૌને ચાહી શકે છે.
તેઓ સૌને ચાહે છે એટલે સૌને યાદ રાખી શકે છે.

લંડનના એક યુવકે પત્ર દ્વારા પોતાના પ્રશ્નની રજૂઆત કરી. ઉત્તર આપ્યા પછી સ્વામીશ્રીને બે વર્ષે લંડન જવાનું થયું ત્યારે એ યુવકને સામેથી બોલાવીને સ્વામીશ્રીએ પૂછ્યું : 'પેલો પ્રશ્ન પતી ગયો ને ?' સ્વામીશ્રીના આ હેતના પ્રતાપે એ યુવક આજે આત્મસમર્પણ કરીને સાધુ બની ગયા છે.

મુંબઈમાં સ્વામીશ્રી સાંજે વૉકિંગ કરી રહ્યા હતા. એ દરમ્યાન અમલનેરથી એક હરિભક્તનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ ચાલતાં ચાલતાં જ તેઓને પૂછ્યું, 'તમે બેંકમાં કામ કરો છો એ જ ને ?'

તેઓ કહે : 'હા.'

એટલે તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'તમારો પત્ર મળ્યો છે ને આશીર્વાદ છે. કામ થઈ જશે.'

દક્ષિણ આફ્રિકાથી એસ.વી.રામા નામના એક હરિભક્તનો અંગ્રેજીમાં પત્ર આવ્યો. એ પત્રને જોઈને સ્વામીશ્રીએ તરત જ કહ્યું, 'આ પહેલાં એમણે પત્ર લખ્યો ત્યારે તો ગુજરાતીમાં લખ્યો હતો. આ વખતે કેમ અંગ્રેજીમાં લખ્યો ?'

એક પત્રમાં એક વ્યાવહારિક કાર્યના સંદર્ભમાં એક હરિભક્તના ઘરનું સરનામું સ્વામીશ્રીએ લખ્યું :

પૂ. જશભાઈ મણિભાઈ પટેલ
C/o સ્વામિનારાયણ ટ્રાન્સપોર્ટ
ગંજમાં
મું. આણંદ

આ સરનામું તેઓને મોંઢે જ હતું.

હજારો પત્રો અને અનંત કાર્યની વચ્ચે આ રીતે નાનામાં નાની વિગત, વસ્તુ અને નામને યાદ રાખવી એમાં એમની મહાનતા તો છે જ પરંતુ તેઓની સૌ પ્રત્યેની આત્મીયતાનું ઉત્કૃષ્ટ દર્શન પણ છે. સૌને પોતાના જેવા બ્રહ્મરૂપ બનાવવાના ધ્યેયનો આ એક ભાગ છે. સૌની સપાટીએ ઊતરી આવીને સૌને ઉપર ઉઠાવવાનું તેઓનું યજ્ઞકાર્ય, તેઓનો પુરુષાર્થ તેઓના સૌની સાથેના વર્તાવમાં અભિવ્યક્ત થાય છે.

સ્વામીશ્રી અને બાળકો

જાણીતા ઉદ્યોગપતિ અને સમાજસેવક છોટુભાઈ પીઠાવાલાનો પૌત્ર મેહુલ ભણવા માટે સ્વીત્ઝરલેન્ડ જઈ રહ્યો હતો. જતાં પહેલાં સ્વામીશ્રીના આશીર્વાદ મળે એ નિમિત્તે એ અટલાદરા આવ્યો. સ્વામીશ્રીએ એને હાર પહેરાવ્યો. વહાલથી માથે હાથ ફેરવતા કહ્યું, 'ત્યાં ભણવા જઈએ છીએ તો બીજી રીતે શુદ્ધ રહેવું. મીટ ન ખાવું.

ત્યાં પણ માળા લઈ જજે. ભજન કરજે. અને ખાસ ૨-૩ મહિને મને કાગળ લખજે. જો જે ભૂલતો નહિ.' એક માતા પોતાના વ્હાલસોયા ચિરંજીવીને વિદાય આપતા વહાલ કરે એવું વહાલ મેહુલ કઈ રીતે ભૂલી શકે ?

મૂર્તિપ્રતિષ્ઠાને દિવસે સ્વામીશ્રી દિલ્હીમાં હતા. કલકત્તાથી આ જ નિમિત્તે આવેલા નીતિનભાઈ દાણી પોતાના સુપુત્ર અમરનો પત્ર લઈને આવ્યા હતા. પત્ર અંગ્રેજીમાં હોઈ સ્વામીશ્રીએ બ્રહ્મવિહારી સ્વામી પાસેથી બધી વિગતો મેળવી અને ઉત્તર લખાવ્યો. સાથે કહ્યું, 'એમના બીજા દીકરાને પણ પત્ર લખજો.' તેઓ કહે, 'બેયનાં નામ એક જ પત્રમાં લખી દઈએ તો ?' સ્વામીશ્રી કહે, 'એવું નહિ. એવું કરશો તો અમરને એમ થશે કે પત્ર તો મેં એકલાએ લખેલો. જુદો લખો તો બીજાને પણ એમ થાય ને કે સ્વામીએ મને યાદ કર્યો !' સ્વામીશ્રીએ બન્ને પત્રોમાં આશીર્વાદ લખીને મોકલ્યા. બીજા જ દિવસે બન્નેના ફોન પણ સ્વામીશ્રી ઉપર આવ્યા. સ્વામીશ્રી બાળકોના મનના એકે એક ગ્રાફ ઉકેલીને એમના થયા છે.

બાળકોને પણ સ્વામીશ્રીનું જબરજસ્ત ખેંચાણ રહે છે એનું કારણ આ જ છે. કલકત્તાના પ્રશાંત અજમેરા ધનુર્માસમાં ઠાકોરજી માટે રોજ નવાં નવાં રમકડાં બનાવીને લઈ જતો હતો. સ્વામીશ્રીને આ વાતની ખબર પડી એટલે તરત જ એને પત્ર લખ્યો : '...તું મંદિરે જઈને દરરોજ ઠાકોરજી માટે રમકડાં બનાવીને ત્યાં ગોઠવણ કરે છે તો ભગવાન રાજી થાય છે. તો તેવી રમત, ગમ્મત તું ભગવાન સાથે કરજે... તારું વેઈટ (વજન) ન વધે એ માટે પણ ભગવાન આગળ પ્રેયર કરજે.' પોતાના પ્રયત્નોની કદર અને પોતાના અંગતજીવનમાં સ્વામીશ્રી આટલો રસ લે એટલું જ બાળક માટે ઘણું છે.

કલકત્તાના કનીષ્ક હર્ષદભાઈ મોદીએ સ્વામીશ્રી ઉપર પોસ્ટમાં રાખડી મોકલી. સ્વામીશ્રીએ એના નામે એક જુદો પત્ર લખ્યો, '.... તારા જીવનમાં શ્રદ્ધા છે અને ભગવાન માટે રાખડી મોકલી છે તો તારી રક્ષા સ્વામી, મહારાજ કરશે અને તારા બાપુ અને દાદાની પણ રક્ષા કરશે ને શાંતિ રહેશે. રોજ પાંચ માળા ફેરવવી. મંદિરે જવું. અભ્યાસ કરવો.'


લંડનથી સાતેક વર્ષના પ્રિયેશે ભાંગીતૂટી ગુજરાતીમાં પત્ર લખ્યો. એણે આમ તો પોતાંની અંગત વાત પૂછી હતી. પરંતુ સ્વામીશ્રીએ એને લખેલા પત્રમાં પેલા પ્રશ્નના માર્ગદર્શનની સાથે એણે લખેલા ગુજરાતીની નોંધ પણ લીધી : '.... તારા ગુજરાતી અક્ષરો વાંચી આનંદ થયો.'

દુષ્કાળના સમયમાં સંસ્થાએ ખોલેલા કેટલકેમ્પમાં અમેરિકા - એલ.એ.ના બાળક નીલેશે ૨૫ ડૉલર મોકલાવ્યા હતા. એણે લખ્યું હતું : 'હું સ્કૂલમાંથી ફંડ

ઉઘરાવું છું. અત્યાર સુધીમાં પચીસ ડૉલર ભેગા થયા છે... એમાંથી મૂંગા પ્રાણી માટે ઘાસ ખવડાવશો.' સ્વામીશ્રીએ એની ભાવનાનો સ્વીકાર કરતાં લખ્યું : 'તને આશીર્વાદ છે ને ખૂબ ધન્યવાદ છે. આવી નાની ઉંમરે તને આવી સેવા કરવાનો સંકલ્પ આવેલ છે ને ભજન-ભક્તિ કરે છે. પરોપકારનો વિચાર એ ઉત્તમ વિચાર છે. આપણા દેશમાં ગાયોને પૂજ્ય માને છે તો (ત્યાં) ગાયોનું માંસ લોકો ખાય છે તે નિષેધ (પણ) તારે કરવો.' વિદેશી માહોલમાં ભાષા, ભૂષા અને ભારતના સંસ્કારો જળવાઈ રહે એના માટે કરાયેલાં સો પ્રવચનો કરતાંય સ્વામીશ્રીની આટલી આત્મીયતાનું મૂલ્ય હજારગણું વધી જાય એ બેશક વાત છે.

સ્વામીશ્રી અને યુવાનો

સંસ્થામાં વર્ષોથી સેવા કરતા યુવક હર્ષદ ચાવડાને ગંભીર અકસ્માત નડ્યો. તેઓના પગ ભાંગી ગયા જેવી પરિસ્થિતિ હતી. સ્વામીશ્રીને આ વાતની જાણ થઈ એટલે તેઓ ઉપર પત્ર લખ્યો :



(...આપના સમાચારથી દુઃખ રહે છે. આપને જલ્દી આરામ થઈ જાય તે માટે સ્વામી મહારાજને પ્રાર્થના કરું છું. પૂજામાં પણ પ્રાર્થના ચાલે છે. તું હમારા હાથ-પગ

જેવો છે તે તારા દુઃખથી હમોને પણ દુઃખ છે. તારા આ દુઃખમાં મારે સેવા કરવી જોઈએ. કારણ કે તેં સેવા નિઃસ્વાર્થભાવે અખંડ ઉત્સાહથી એકધારી રાત-દિવસ ભૂખ-તરસ, શરીરને જોયા સિવાય મહિમાથી સેવા કરી છે, એટલે તારા માટે જેટલું ન થાય તેટલું ઓછું છે. એટલે આવા પ્રસંગે (મારાથી) સેવા ન થાય તે સહેજે દુઃખ રહે છે....)

ભક્તો માટે અંતરમાં સતત વહેતી મહિમાની ધાર સ્વામીશ્રીને જંપવા દેતી નથી. 'શું કરી નાખું ?'ની ભાવનાની જ્યોત સ્વામીશ્રીના હૃદયમાં સદા પ્રજવલિત રહે છે. સ્વામીશ્રીએ હર્ષદભાઈને ફક્ત એક મહિનાના ટૂંકા ગાળામાં ચાર જેટલા પત્રો લખ્યા. વીસ પાનાં ભરીને સ્વામીશ્રીએ તેઓના હૃદયની લાગણીઓ વ્યક્ત કરી છે. બીજી વાર લખેલા પત્રમાં આ ભાવનાની સ્પષ્ટ પ્રતીતિ થાય છે :

...તારે તારા શરીરના ખર્ચ માટે જરાપણ ચિંતા કરવી નહિ... સંસ્થા તારે માટે જેટલું ન કરે એટલું ઓછું છે. તેં પૂ. યોગીબાપાની આજ્ઞાથી તેમને રાજી કરવા કોઈ પ્રકારનો વિચાર કર્યા વગર રાત દિવસ ભૂખ તરસનો વિચાર કર્યા વગર તેમજ માન-અપમાનનો પણ વિચાર કર્યા વગર તેમજ બંસીપહાડપુરના તાપમાં, ઠંડીમાં, વરસાદમાં જીવના જોખમે સાપ ને ચોર લોકોની સાથે રહીને સેવા કરી છે. તે કદાપિ ભૂલાય તેમ નથી અને વેપારીઓ સાથે તેમજ કારીગરો સાથે માલ મોકલવા વગેરેમાં પણ સંસ્થાને અનેક ઘણો ફાયદો કરેલ છે. એટલે તારા માટે તો લાખો શું તેથી વધારે ખર્ચ કરવો પડે તો પણ ઓછો છે. તારું જીવન ત્યાગી કરતા પણ વિશેષ છે. પૂ. યોગીમહારાજના વચને સંસ્થાની સેવામાં ઘસી નાંખેલ છે અને સદા હસતે મોંઢે કામ કરવું અને દરેકનું સહન કરવું તે મોટી વાત છે. કૃષ્ણકાંત પણ મૂક સેવક છે. સંસ્થ વફાદાર ને સાચા સેવક છે. એટલે આપ બંને માટે તો જેટલું ન કરીએ તેટલું ઓછું છ...

મલાવીનો જીતુ પ્રેમી છે. પોતાનાં લગ્નમાં સ્વામીશ્રી માટે હેલિકૉપ્ટર મોકલવાની તૈયારી એની હતી. પરંતુ સ્વામીશ્રી ત્યાં પહોંચી શકે એમ હતું નહીં. જીતુને જ સ્વામીશ્રીએ પોતાની પાસે બોલાવ્યો અને આશીર્વાદ આપીને એને રાજી કર્યો. એના ગયા પછી સ્વામીશ્રીએ તરત ભગવત્ચરણ સ્વામીને લખ્યું : '.... જીતુ અહીં દર્શન કરવા ગઈકાલે આવેલ, ને દર્શન કરી, પ્રસાદી લઈ પરત નીકળેલ.... ત્યાં પહોંચી ગયો હશે. અમે એને આશીર્વાદ આપ્યા હતા પણ મારે પોતે એને જમાડવો હતો તે (વાત ઉતાવળમાં) બની શકેલ નથી. તો તમો મારા વતી અત્રેથી ઠાકોરજીની અડદિયાની પ્રસાદી મોકલેલ છે, તો તે તમારા હાથે અડધું કે આખું ચકતું જમાડશો. ને એનાં લગ્ન નિમિત્તે મૂર્તિ પણ ભેટ આપવી હતી પરંતુ એ પણ આપી શક્યો ન હતો. એ મૂર્તિ પણ મોકલી છે એને ભેટ આપશો.'

અહીંથી પિલાનીમાંથી એન્જિનીયરિંગનો ઉચ્ચ અભ્યાસ કરીને સગાંઓના

આગ્રહથી અમેરિકા જઈ રહેલા મિતેષ પટેલને સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'તારે મને દર મહિને ત્યાંથી પત્ર લખવો. જો તું નહીં લખે તો હું તો તને લખીશ જ.' સ્વામીશ્રીનું આ હેત આજે પણ તેઓ ભૂલી શક્યા નથી. સ્વામીશ્રી પણ તેઓને નિયમિત રીતે મહિને ૧૫-૨૦ પાનાનો પત્ર લખતા. તેઓ પાસે સચવાયેલો આ પત્રસંગ્રહ સ્વયં એક પુસ્તક જેટલો છે. આ પત્રના કેટલાક અંશો...

'આપણે તો બાપાને રાજી કરવા દેહ ધરેલ છે. જેમ સ્વામીએ વાતમાં કહેલ છે કે આપડો દેહ બે વાત સિદ્ધ કરવા છે. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણમાં જોડાવું તે બે વાત સિદ્ધ કરવા દેહ છે તો તે કરી લેવાનું. દેહ ફના, દુનિયા ફના ઓર સર્વ ફના હૈ. ભગવાન ને સંત બે વાત સાચી છે તો તે રાજી થાય તેમ કરવું છે.

આજે (સભામાં) કારિયાણીનું બીજું વચનામૃત વાંચેલ એમાં મહારાજે સુંદર વાત કરેલ છે... એમાં મુખ્ય વાત : જે એમ સમજે કે આવા સંત બ્રહ્માંડમાં નથી અને મહારાજ જેવા કોઈ ભગવાન નથી તો કોઈ દિવસ અવગુણ ન આવે. તે દૃઢતા પાકી રાખી ને વહેવાર કે સેવા કરીએ તો વાંધો ન આવે. માટે છેલ્લાના ૧૧ના વચનામૃત મુજબ સીતાની જેવી સમજણ કરવી. જેથી મહારાજ ને મોટા સંતનો અવગુણ ન આવે... (સીતાજી મૂળજી બ્રહ્મચારીની આ પ્રકારની દૃઢતાના આખા પ્રસંગો સ્વામીશ્રીએ લખ્યા છે) ...તેવી સમજણ કરવાથી કોઈ દિવસ અવગુણ ન આવે ને ચડતો જ રંગ રહે...'

✡

'.... એ દેશ રજોગુણી છે માટે જરા ગાફલાઈ રહે તો મુશ્કેલી ઊભી કરે એવો છે માટે સાવધાન રહેવું. રસ્તામાં જતા આવતા નીચી દૃષ્ટિ રાખીને ભજન કરતાં જવું.... કદાચ કંઈક થયું તો ક્ષોભ ન કરવો પણ ફરી ન થાય તે ખટકો રાખવો. બાપા મળ્યા છે તો સુખિયા કરશે... ઢીલા તો પડવું જ નહિ. બળ રાખવું ને બળની વાતો કરવી. દૃઢતા જોઈને મદદ કરે મોરારી.... તારા માટે હમોએ પણ અત્રે પ્રાર્થના કરી છે.

...આજે અંત્યનું ૨૧મું વચનામૃત વાંચેલ. તેમાં પણ વાત હતી કે અભાવ આવવાનું કારણ દેહ અને સંબંધીમાં પ્રીતિ છે. અભાવ દેહભાવ વર્તે તેથી આવે છે. આપણે તો આત્મા, અક્ષરબ્રહ્મ, ભક્ત, દાસ, સેવક છીએ તેમ માની સુખિયા રહેવું. પોતાને આત્મા મનાય તો બીજાના દોષ દેખાય નહિ અને બીજે ગમે ત્યાં પ્રીતિ થાય નહિ. તો તે વચનામૃતનું વાંચન કરીને ખૂબ મનન કરજે. મધ્ય ૩૫માં પણ મહારાજે આત્મસત્તાએ કરીને પ્રીતિ કરવા કહ્યું છે. એમાં વાંધો ન આવે. દેહભાવે હોય તો પડી જવાય... જેમ ગરોળી દીવાના પ્રકાશમાં જે જે જંતુ આવે એને સાફ કરે છે તેમ આત્મારૂપ થઈ, આત્માના પ્રકાશે (વિચારે) કરીને ભગવાન સિવાય જે જે વિચાર આવે તેને હટાવી દેવા. ...આ વાતનું મનન કરજે.

ગુણાતીત મહારાજને રહેવાનું ધામ છે. મહારાજને સર્વપ્રકારે ધારક ગુણાતીત સંત છે. તેમાં જ હેત સર્વ પ્રકારે કરવાનું છે. બાકી પ્રકૃતિ પુરુષ સુધી રાખનાં પડીકાં છે. તુચ્છ, નાશવંત છે. તેમાં કોઈ સુખી નથી, આવો જોગ ને અવસર ફરી મળવો દુર્લભ છે. માટે મનને મારીને હજારો વિચારો, સંકલ્પોને પડ્યા મૂકી આ જન્મે સ્વામી મહારાજનું ભજન કરી લેવાં... આ વિચાર દૃઢ રાખવો....'

✡

યજ્ઞો તો ઘણા બતાવ્યા પણ મહારાજે જે જ્ઞાનયજ્ઞ બતાવેલ છે એ કરવાથી જીવ માયાને તરે છે ને અક્ષરધામને પામે છે... યોગયજ્ઞનું ફળ શું તો પોતાની ઇન્દ્રિયોને બ્રહ્મઅગ્નિમાં હોમવી. બ્રહ્મઅગ્નિ શું તો તેવા બ્રહ્મસ્વરૂપ સંત. તેમાં ઇન્દ્રિયોને હોમવી એટલે તેઓની આજ્ઞા મુજબ જીવન કરવું, કહેતાં તેમાં આત્મબુદ્ધિ હોય એટલે તે રૂપ થઈ જવાય... તેમાં એટલે બ્રહ્મસ્વરૂપ સંતમાં જ તે રીતે હેત કરતાં કરતાં એટલે કે તે કહે તેમ કરતાં કરતાં તે જ સ્વરૂપમાં મહારાજનો ભાવ પ્રગટ થાય કે મને મળ્યા તો સાક્ષાત્ મહારાજ મળ્યા તેમ થાય. વાંચન કરતાં કરતાં સમજાશે....'

લગભગ તા. ૨૦-૬-૭૮ થી શરૂ થયેલો આ પત્ર વ્યવહાર '૮૧ની દ્વિશતાબ્દીમાં તેઓ સાધુ થયા ત્યાં સુધી ચાલ્યો હશે. આજે તેઓ યજ્ઞવલ્લભ સ્વામી તરીકે સેવા આપે છે એમાં સ્વામીશ્રીના અંગત રસ, અંગત ઘડતરનો ફાળો કેટલો? એમ પૂછી શકાય જ નથી. યુવકોની ઝીણામાં ઝીણી બાબતોમાં સ્વામીશ્રીએ રસ લીધો છે.

અમેરિકાના યુવક મંડળે એકવાર કીર્તન આરાધના કરી અને એની કૅસેટ સ્વામીશ્રી ઉપર મોકલાવી. સાથે એના ફોટા પણ હતા. સ્વામીશ્રીએ ઉત્તર આપતાં લખ્યું : 'કૅસેટ સાંભળેલ છે. સાથે ફોટાઓમાં પણ આપ સંગીત કલાકારોનાં દર્શન થયાં. આનંદ થયો છે. તારું કીર્તન 'ભવસાગરનાં નીર....' સાંભળ્યું. મહેશનું પણ 'ગુરુ મળ્યા ગુણવાળા....' સાંભળ્યું. બીજાના પણ સુંદર છે. નીલકમલ વાયોલીન વગાડે છે તે ખબર જ નહીં... ફોટામાં દર્શન કરીને આનંદ થયો. દામોદર પરમાર પણ સુંદર ગાય છે...' ફોટામાં જણાતા એકે એક યુવકના નામનો ઉલ્લેખ કરીને સ્વામીશ્રીએ જે વર્ણન કર્યું છે એમાં સ્વામીશ્રીની પ્રત્યેક સાથેની અંગત ઓળખાણ-આત્મીયતાનાં દર્શન થાય છે. દરેક યુવકને મન 'સ્વામીશ્રી મને અંગત ઓળખે છે !' એ ઘટના જ પ્રોત્સાહન આપવા માટે પૂરતી છે.

સૌના સુહૃદ

સત્સંગ અને સમાજ સૌના કેન્દ્ર સ્વામીશ્રી છે. સ્વામીશ્રી સૌના 'મિત્ર, માર્ગદર્શક અને ભોમિયા છે.' આ લોક અને પરલોક બન્ને ભૂમિકાઓ ઉપર

સ્વામીશ્રીના સધિયારાનો સૌને વિશ્વાસ છે.

સમયે સધિયારો આપે એ મિત્ર. સંસારમાં અનેક આલંબનો સાથે માણસ જીવતો હોય છે. પરંતુ જ્યાં કશું જ સ્થિર નથી ત્યાં આલંબનો ક્યાંથી સ્થિર હોય ? સંજોગોની રફતાર ક્યારે કઈ બાજુ બદલાશે, ફંટાશે ખબર પડે તેમ નથી. માણસને સુખ દુઃખના સ્ટેશને અનિચ્છાએ પણ મુકામ કરવો પડતો હોય છે. જે પોતાના માન્યા હોય એને પરાયા થતાં વાર લાગતી નથી. સરતા સંસારની આ તાસીર છે. એમાં બન્ને પલ્લામાં અર્જુનની જેમ સ્થિર ઊભા રહીને લક્ષ્યનો વેધ કરવો જ પડે છે. પરંતુ એવું કરનારા કેટલા ? સંજોગોના કાળપંજામાં ઘેરાયેલા હતાશ, નિરાશ હૈયાંઓના સ્વામીશ્રી એવા સુહૃદ છે. તેઓને સમયે સધિયારો પૂરો પાડીને બેઠા કરે છે. તેઓના દુઃખની આગળ આવીને ઢાલ બનીને સ્વામીશ્રી ઊભા કરે છે. ત્યારની એ હૂંફ એવી હોય છે કે એ દુઃખ વ્યક્તિને માટે ભગવાન અને સંતને પામવાનો યોગ બની જાય છે.

એક યુગલનું જીવન, ધંધાકીય વિકાસ અને અંદર-બહારનું સુખ એવું હતું કે ત્રાહિતને ઈર્ષ્યા આવે. એમ જ લાગે કે સુખે આ ઘરમાં સ્થાયી મુકામ કરી લીધો છે. પરંતુ સુખની ઈમારતનો મોભ એક દિવસ સરક્યો. ઘરની વ્યક્તિ જુવાન અવસ્થામાં ઊંઘમાં અક્ષરનિવાસી થઈ. આ ઓચિંતો ઘા ઘરના તમામ માટે અસહ્ય હતો. સુખ હરામ બની ગયું. પત્ની અને કુમળી વયનાં છોકરાં માટે જાણે બધી જ દિશાઓ બંધિયાર બની ગઈ. રોજ સોનાનો સૂરજ ઊગતો એ સ્વયં અંગાર બની ગયો. હતાશા, નિષ્ક્રિયતા અને ભૂતકાળનાં બારણે પત્નીના મનમાં વહેમ પણ પ્રવેશ્યો. અને પત્ની મરવાના વાંકે જીવતી હતી. એમણે પોતાના ચિરંજીવી દ્વારા પત્ર લખાવ્યો :

'....મારા મમ્મીએ પુછાવ્યું છે કે મને મંગળ હતો એટલે આવું અણધાર્યું થયું છે ? આ શંકા વારંવાર એમને થયા કરે છે.' સ્વામીશ્રીએ લખ્યું : '.... આપણે તો સ્વામી મહારાજનો આશરો છે એટલે મંગળ કાંઈ કરે નહિ. પ્રારબ્ધ મુજબ જેટલું આયુષ્ય લઈને આવેલ હોય તે મુજબ બને છે. લગ્ન રાજીખુશીથી થયેલ હતાં. સત્સંગનો યોગ થવાનો હશે એટલે ....ની સાથે લગ્ન થયાં. તેઓનું એકબીજા સાથેનું કાર્ય પૂરું થયું છે તો બીજા કોઈ વિચાર ન કરવા ને શાંતિ, બળ રાખીને કાર્ય ને ભજન કરવું....' સમયે સધિયારો આપીને સ્વામીશ્રીએ કુટુંબનો નવો પ્રાણ પૂર્યો. શ્રીજીમહારાજનું અમૃત આલંબન આપીને પુનઃ ગતિશીલ બનાવ્યું. આજે એ જ મહિલા એટલા જ જોમથી અ.નિ. પતિનો ઉદ્યોગ કારોબાર સંભાળે છે.

નૂર મહંમદનો સંઘર્ષ તો વળી જુદો જ હતો. એને આકર્ષણ હિંદુ ધર્મનું અને ખાસ તો સ્વામીશ્રીનું, પરંતુ એનું ખોળિયું મુસલમાનનું. દુબઈમાં એણે સત્સંગ મંડળમાં જવાનું શરૂ કર્યું અને સ્વામીશ્રી પ્રત્યે વધારે ને વધારે આકર્ષાતો ગયો. એણે

જાતે જ નૂર મહંમદ નામ બદલીને નીતીન કરી નાંખ્યું. ત્યારથી એના સમાજ તરફથી ઝનૂની વિરોધ અને ધાકધમકીઓ શરૂ થયા. સમાજ અને સત્સંગ આ બે વિચારધારાઓની વચ્ચે એ વહેરાતો હતો. આવે સમયે એક નિશ્ચિત્ દિશા તરફ ગતિ કરાવે એવા સધિયારાની જરૂર હતી. એ સધિયારો એને સ્વામીશ્રીના પત્રરૂપે મળી ગયો : '.... નીતિન ! તું પૂર્વનો સંસ્કારી છે અને પૂર્વે મહારાજના યોગમાં આવેલ તે આ વખતે તે સંસ્કારે જોગ મળેલ છે. મહારાજની નિષ્ઠા થઈ ને યોગીજી મહારાજ જેવા સાક્ષાત્ મહારાજના ધારક સંત મળેલ છે. દુબઈ જેવા દેશમાં પ્રગટના ઉપાસક સત્સંગી ભાઈઓ સાથે રહેવાનું મળેલ છે તે મહાન ભાગ્ય છે. નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ છે : 'ભાગ્ય જાગ્યા રે આજ જાણવા....' એ કીર્તનમાં ભાગ્યશાળી કોણ કે જેને મહારાજ અને સંત મળ્યા ને ઓળખાણ થઈ તે. આ લોકની મોટપ કે પૈસા મળે તે ભાગ્ય નહિ. માટે તું ભાગ્યશાળી છે. મહારાજે કહ્યું છે કે 'હું બુદ્ધિવાળો છું ને મને બુદ્ધિશાળી ગમે છે. તે બુદ્ધિશાળી કોણ કે ભગવાન અને સંતને ઓળખે ને ભજે એ. તને એવી બુદ્ધિ મળી છે એટલે સત્સંગ ને ભજન થાય છે. તો સુખિયો છે ને વિશેષ સુખિયા થવાશે. આશીર્વાદ છે.' સ્વામીશ્રીની આ હૂંફને લીધે ભયંકર મુશ્કેલીઓની વચ્ચેય નીતીન દાઝ્યો નથી.

જશુ, સંસ્થાનો સામાન્ય ડ્રાઈવર. વર્ષો સુધી સેવા કરી. લગ્ન થયાં એટલે વ્યવહારની જવાબદારી વધતા એને એમ થયું કે ક્યાંક સરકારી નોકરી મળી જાય તો સારું. સ્વામીશ્રીને એણે વાત કરી. સ્વામીશ્રીએ એના માટે સરકારમાં પ્રયત્નો કરવાનું બ્રહ્મપ્રકાશ સ્વામીને સોંપ્યું. સ્વામીશ્રીના ભલામણપત્રથી એનું કાર્ય થઈ ગયું.

અમદાવાદનો એક યુવાન ભણવામાં તેજસ્વી. ભારતની ગણનાપાત્ર યુનિવર્સિટીમાં એડમિશન મળેલું પરંતુ મા-બાપ વચ્ચેનો ખટરાગ એવો કે બન્ને વચ્ચે આ યુવાનની કારકીર્દિ વહેરાતી હતી. વડીલોના કજિયા દીકરાની જિંદગી ઉપર જાણે ડામ દેતા હતા. એણે સ્વામીશ્રીને પત્ર દ્વારા પરિસ્થિતિની જાણ કરી. જીવનની આ નિર્ણાયક પળોમાં સ્વામીશ્રીએ એને પ્રેરણા આપી : '.... બીજી ચિંતાઓ મૂકીને તારે હવે અભ્યાસમાં આગળ વધવું... અભ્યાસ માટે તને આજ્ઞા છે... તે અંગે ખર્ચ માટે તને વિચાર આવે પણ તે અંગે તારે મૂંઝાવું નહિ. તારે જે જરૂર હોય તેની પૂરતી મદદ મળી રહેશે. માટે અભ્યાસમાં આગળ વધવા માટે જરા પણ ચિંતા કરવી નહીં....'

સ્વામીશ્રીએ એને નિર્ભય કર્યો. વારે વારે આ જ પ્રકારના બળના પત્ર લખીને એના મનના ડંખને સ્વામીશ્રી દૂર કરતા રહ્યા. છેલ્લે સ્વામીશ્રીએ લખ્યું : '.... આ સંસાર દુઃખમય જ છે એ જાણવા-અનુભવવા છતાં તે મોહ છુટી શકતો નથી... તારે કોઈ ચિંતા કરવી નહીં. શ્રદ્ધાથી અભ્યાસ કરજે.' સ્વામીશ્રીનો પ્રેમ એના અભ્યાસના

દીપને જલતો રાખવા માટે પૂરતો હતો. આજે એ યુવાનનો સારામાં સારો અભ્યાસ કરીને સમાજની સેવા કરી રહ્યો છે.

અમદાવાદની સરકારી હૉસ્પિટલમાં લૅબોરેટરી ટેક્નિશ્યન તરીકે ફરજ બજાવતા ચીમનભાઈ વાળંદ એમની નોકરી પછીનો બધો જ સમય મંદિરમાં સેવા કરવા પાછળ ગાળે છે. વર્ષોનો આ ક્રમ થોડાં વર્ષો પહેલાં તૂટ્યો. અંદરની ઈર્ષ્યાને લીધે એમની બદલી ઠેઠ થાનગઢ કરી દેવામાં આવી. સેવાના જીવડા માટે આ ઘટના અસહ્ય હતી. સરળ પ્રકૃતિ એટલે લાંબી પહોંચ નહિ. એવી આવક પણ નહિ કે અધિકારી ઉપર વજન મૂકી શકે. તેઓએ પોતાનો પ્રશ્ન પત્ર દ્વારા સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. સ્વામીશ્રી તે વખતે દક્ષિણ ભારતમાં વિચરણ કરી રહ્યા હતા. આ પત્ર સ્વામીશ્રીને મળ્યા પછી લગભગ ૧૫-૨૦ દિવસે અટલાદરા પધાર્યા. ત્યાં તે વખતના સ્વાસ્થ્ય મંત્રી નવીનભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ ચીમનભાઈના પ્રશ્નની રજૂઆત તેઓ આગળ કરી દીધી.

થોડા દિવસો પછી સ્વામીશ્રી યુવક અધિવેશન માટે વિદ્યાનગર પધાર્યા. છેલ્લે દિવસે ૨૦ હજાર યુવકોને સ્વામીશ્રી વ્યક્તિગત મળી રહ્યા હતા એ દરમ્યાન ચીમનભાઈ પણ પસાર થયા. એમને જોઈને તરત સ્વામીશ્રીએ તેઓને ઊભા રાખ્યા અને કહ્યું, 'તમારું કામ પતી ગયું છે.' તેઓ જ્યારે ઘરે પાછા આવ્યા ત્યારે બદલી રદ થયાનો ઑર્ડર તેઓના ઘરમાં આવી ગયો હતો. કડક અમલદારશાહીના વાતાવરણમાં બદલી અટકે એ આશ્ચર્ય હજી એમની સાથેના સ્ટાફને શમતું નથી. આજે પણ સ્ટાફ આખો ચીમનભાઈને 'પ્રમુખસ્વામીના કૃપાપાત્ર' તરીકે ઓળખે છે.

સ્વામીશ્રીના આ સુહૃદભાવનું વર્તુળ કેવળ સત્સંગ સમાજ પૂરતું સીમિત કે સંકુચિત નથી.

મોમ્બાસામાં રહેતા એક હબસીનો પત્ર સ્વામીશ્રી ઉપર આવ્યો કે 'મારી બધી જ જમીન અને મિલકત સરકારે ટાંચમાં લઈ લીધી છે. અત્યારે હું રસ્તે રઝળું છું.' સ્વામીશ્રીએ એ ભાવિકના સંદર્ભમાં સી.ટી. કાકાને વિગતે લખ્યું : '.... આ નેટીવને ત્યાં પધરામણી થયેલ છે તે જ છે કે બીજો એ તપાસ કરશો એટલે ખબર પડશે. આપ તેઓને આ અંગે યોગ્ય મદદ કરશો....'

જે વિશ્વના સુહૃદ છે એ જ સાચા સુહૃદ છે.

અગમપથના ભોમિયા

અધ્યાત્મનો પથ ગુરુ વિના અગમ બની રહે છે. શાસ્ત્રો અનેક છે. વાણી ને પાણીનો પાર નથી અને તર્કની શૃંખલા અતૂટ છે. આવા ગહન રસ્તે ભોમિયા વિના

જવામાં ભ્રાંતિ સિવાય કાંઈ હાથ ન આવે. પૂર્ણ બ્રહ્મ સિવાય આ માર્ગમાં પૂર્ણતા આવી શકતી નથી. કારણ કે પૂર્ણબ્રહ્મ એ જ્ઞાનના પ્રત્યક્ષાનુભવી છે.

જવારજના ભાઈલાલભાઈને મન શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલી સમજણ કેવળ ગપ્પું જ હતી. સ્વામીશ્રીને તેઓએ આ સંદર્ભમાં પત્ર લખ્યો. તેઓની ગેરસમજ દૂર કરવા સ્વામીશ્રીએ તેઓને પાંચ પાનાનો પત્ર લખ્યો :

'...શાસ્ત્રીજી મહારાજે જે સમજણ પ્રવર્તાવેલ છે તેમાં મહારાજના સિદ્ધાંતને કોઈ બાધ આવે તેમ નથી. આ તો દૂરથી ગમે એવી વાતો સાંભળી અનુમાન કરી કહેવા જેવી વાતો છે. અક્ષર વિના પુરુષોત્તમને ન ચાલે એવો સિદ્ધાંત જ નથી. તે સમજણ નથી. અક્ષર એ મહારાજનું ધામ, ભક્ત, સેવક છે અને મહારાજ તો અક્ષરના પણ આધાર છે. પણ મહારાજનું ધામ અક્ષર છે અને તે રૂપ થઈને આપણે મહારાજની ઉપાસના કરવાની છે. ઉપાસના અક્ષરની નહીં મહારાજની કરવાની છે. લોયા ૧૨માં ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત લખી છે, દરરોજ સંધ્યા આરતીમાં પ્રાર્થના કરીએ છીએ તેમાં માંગીએ છીએ 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ....' અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય તમારો થાય.... મહારાજે એમાં કહેલ છે કે અષ્ટાવરણ યુક્ત જે અનંત કોટી બ્રહ્માંડ તે અક્ષરના એક રોમમાં ઊડતા ફરે છે તેવું પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે તેને નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય....

પ્ર. ૨૧માં મહારાજે અક્ષરના બે સ્વરૂપ કહેલ છે. એક ધામરૂપ ને બીજું સેવામાં છે.... ધામરૂપે એ મહારાજને ધારી રહેલ છે. મહારાજને ધાર્યા તેથી મહારાજ કાંઈ નાના નથી થઈ જતા. મહારાજ તો મોટા જ છે. જેમ ઘોડી ઉપર મહારાજ બેઠા, જે ઘોડીએ મહારાજને ધાર્યા તેથી મહારાજ નાના થયા નથી. પણ મહારાજ તો ઘોડીનો આધાર છે તેમ અક્ષરના પણ મહારાજ આધાર છે. મહારાજ તો સ્વતંત્ર છે એટલે પોતાને પ્રતાપે કરી અક્ષરને પણ પોતે લીન કરીને સર્વે મુક્તોને ધારવા સમર્થ છે. એટલે અક્ષર અને મહારાજને આમ સ્વામી-સેવકપણું રહે છે. મહારાજ સ્વામી (અધિપતિ) અને અક્ષર સેવક. એ આપણી સમજણ સ્પષ્ટ છે.

સંપ્રદાયના તત્ત્વજ્ઞાનના સંદર્ભોની સ્પષ્ટતા માટે યોજાયેલી એક તત્ત્વજ્ઞાન શિબિરમાં ઊભી થયેલી ગૂંચવણ શ્વેતવૈકુંઠ સ્વામીએ પત્ર દ્વારા સ્વામીશ્રીને જણાવી :

'સારંગપુરના સત્તરમાં વચનામૃતમાં મુક્તના ભેદની વાત આવે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે અક્ષરધામમાં તો શ્રીહરિના સુખમાં કોઈ તારતમ્યપણું નથી તો બ્રહ્મરૂપ થઈને ધામમાં પહોંચેલા મુક્તમાં ભેદ ક્યાંથી સંભવે ? વળી મધ્યનું સડસઠમું કહે છે કે, ભક્તે ભગવાનને જેવા જાણ્યા હોય, ભગવાનનો મહિમા જેટલો જાણ્યો હોય... તે

ભક્ત જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે એની સામર્થિ અને રૂપ પણ એવાં જ થાય છે. અહીં પણ મહારાજ દેહ મૂક્યા પછી ધામમાં જનારાની તારતમ્યતાનું પ્રતિપાદન કરે છે. આ લોકના ભેદની તો વાત જ નથી તો અક્ષરધામમાં મુક્તના ભેદ પડે છે ? આ વિરોધાભાસ કઈ રીતે ટળે ?'

આ દ્વિધાનું અદ્‌ભુત રીતે સ્વામીશ્રીએ નિરાકરણ કર્યું :

'સારંગપુરના સત્તર પ્રમાણે મુક્તના ભેદ છે તે ઉપાસના ભેદ છે. એટલે તે તે ધામના ઉપાસકો માટે વાત છે. પણ અક્ષરધામમાં તેવા ભેદ નથી. માટે આ લોકમાં ભેદ છે તેમ કહેવા કરતાં તે તે ધામમાં ઉપાસનાએ કરીને તે તે ધામને પામે તે ભેદ છે....'

આવું શાસ્ત્રીય જ્ઞાન જો શબ્દોમાં જ સીમિત બની રહે તો એ આડંબર સિવાય કશું જ રહેતું નથી. સ્વામીશ્રીએ આ જ્ઞાનને વ્યવહારમાં ઉતાર્યું છે અને પોતાના આશ્રિતોમાં પ્રવર્તાવ્યું છે.

અથાગ પ્રયત્નો પછી પણ લંડનના હેરો વિસ્તારમાં આવેલી વિશાળ જમીનમાં મંદિર બનાવવા માટેની મંજૂરી ન મળી પરિણામે સમગ્ર સત્સંગ મંડળને આઘાત લાગ્યો હતો એ અસહ્ય હતો. આ આઘાતનાં કારણોમાં મૂળ તો આ પ્રશ્ન સમગ્ર ભારતીય સમુદાયની પ્રતિષ્ઠાનો હતો અને મંજૂરી ન આપવાનાં કારણોમાં વજૂદ કરતાંય રાજકારણ વિશેષ હતું. આમ તો આ સમગ્ર ઘટનામાં સ્વામીશ્રીની પ્રતિષ્ઠાને સૌથી વધુ હાનિ પહોંચે એમ હતી. છતાં સ્વામીશ્રીને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેમની સ્વસ્થતા ગજબની હતી. હરિભક્તો પણ સ્વસ્થતા ન ગુમાવે એ માટે સ્વામીશ્રીએ તાત્કાલિક સમગ્ર સત્સંગ મંડળ ઉપર ૯ પાનાનો પત્ર લખ્યો. આ પત્રના અંશમાં સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞતાનાં દર્શન થાય છે : ".... મહારાજની પહેલેથી આ રીત છે. 'એની રીતે રીત આપણી રે બીજી રીતે બાધ.' તે જે કરતા હશે એ સારું કરતા હશે.... આવા પ્રસંગોએ આપણી નિષ્ઠા, સમજણ, ભક્તિ, સેવાની કસોટી છે. મહારાજને (આપણને) પાકા કરવા છે.... એમાં પણ આપણું શ્રેય છે. જેમ કરશે તેમ તે સારું કરશે. તેમ રાજી રહેવું...."

સ્વામીશ્રીના આવા શબ્દોની એક અવર્ણનીય અસર હોય છે. કારણ કે દુઃખીઓની ભૂમિકામાં પ્રવેશી, એના દુઃખની અનુભૂતિ સાથે તેઓ લખતા હોય છે.

સંસ્થાના સારંગપુર મંદિરની ગૌશાળામાં રહેતો રાષ્ટ્રીય સ્તરે ઈનામી પાડો ભૂતનાથ માંદગીને લીધે મરી ગયો. સ્વામીશ્રીએ ગૌશાળામાં સેવા કરતા તપોધન ભગત અને ખેતીવાડી વગેરેની સંભાળ રાખતા આરુણિ ભગતને આ અંગે લોસ એન્જલસ (અમેરિકા)થી પત્ર દ્વારા આશ્વાસન આપ્યું : 'એક સમાચાર જાણકાર દુઃખ

હુવા. ભૂતનાથ ભી ચલે ગયે અને તપોધન આરુણી બહુત દુઃખી હો ગયે. તો ઉસમેં દુઃખી હોનેસે ક્યા હોગા ? કથા વારતામેં આતા હૈ - મરના ઝરણા સંસાર હૈ, સબકુ જાના હૈ. જીવતે લાખના, મુવે સવા લાખના તો ઉસને સંતના (સંતકા) સમાગમ હુવા (કિયા), સેવા કિ... તો ઉસકી અચ્છી ગતિ હોગા. દુસરા જન્મ અચ્છા આયગા.... તો ઐસા સોચકર સોચ મત કરના. જો જાતા હૈ વો આતા નહિ તો યાદ કર કર દુઃખી ક્યા હોના ?....'

સૌ પ્રથમ સ્વામીશ્રીએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું અને પછી જ્ઞાન તથા સમજણની વાત લખતી વખતે ભાષા અને વ્યાકરણનો પ્રયોગ એવો કર્યો કે અડધું દુઃખ તો એમાં જ હળવું થઈ જાય. સ્વામીશ્રીની આ પણ એક શૈલી છે. જે શૈલીમાં ઉપદેશ, ઉપદેશ જેવો નહિ પણ હૂંફ જેવો અનુભવાય છે.

એકવાર આ જ રીતે સારંગપુરમાં સંતોને ભણાવતા સંસ્કૃતના પંડિતો શ્રી ચિંતામણિ અને શ્રી વેદવ્યાસના અચાનક ચાલ્યા ગયાના સમાચાર સાંભળીને સંતો ઉપર લખેલા પત્રમાં એ જ શૈલીનો ઉપયોગ કર્યો :

'વ્યાસો નારાયણો હરિ.'

ઉપરોક્ત વાક્ય સુણકર શ્રુતિ* જરા તર્ક કરેંગે, વૈદો નારાયણો હરિ ઐસા વાક્ય હૈ તો વ્યાસો ક્યાં લિખા ? તો ઉસકા અર્થ અન્તમેં મિલેગા, શ્રુતિ તો તર્ક પઢતે હૈ.... લેકિન પ્રશ્ન ઉઠના મનુષ્ય કા સ્વભાવ હૈ !

શ્રુતિકા મનોરથ અચ્છા થા લેકિન આનેકી સાથ ચિંતામણિ ચલી ગઈ સુણ્યા હૈ કી વ્યાસજી પણ ચલે ગયે હૈ એટલે શ્રુતિને તો ભાંડકા દુના જૈસા હુઆ હૈ. દોનુ તરફસે ખોયા. મુંબઈ છોડા, કાશી વિશ્વનાથ આયેંગે તો આયા નહિ ઔર ચિંતામણિ-વ્યાસ ચલે ગયે. અબ સોચને લગે ક્યાં હોગા ? સોચને સે ક્યાં ફાયદા ?...

શ્રુતિ સમજમાં આયા ? ચિંતામણિ ગઈ પરમચિંતામણિ રહી. વ્યાસ ગયે નારાયણ રહે. પરમ ચિંતામણિ સંત અને નારાયણ-સ્વામિનારાયણ દો રહે તો સબ રહે હૈ. તો વો દૃઢ રખના. વો કભી ન જાય ઐસા દૃઢાવ કરકે અભ્યાસ કરના. બોલો શ્રુતિ 'વ્યાસો નારાયણો હરિ....'

સ્વામીશ્રીનું માર્ગદર્શન પાત્ર, પરિમાણ અને પરિણામના વિચાર સાથેનું હોય છે. એના ફળરૂપે સલાહ લેનાર પોતાની પ્રગતિની દિશા અને ગતિની સમતુલા જાળવી શકે છે. જરૂર પડ્યે સ્વામીશ્રીનો મૃદુભાવ જરા કડક થતો પણ જોયો છે. પરંતુ એ ભાવ તે વ્યક્તિના ઉત્કર્ષ માટે શિલ્પીનું ટાંકણું બની રહે છે.

---

* શ્રુતિપ્રકાશ સ્વામી

ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન માટે અતિશય શ્રદ્ધા રાખીને મંડેલા એક સત્યાનંદજી નામના સંન્યાસીએ સ્વામીશ્રીને પત્ર લખીને પોતાની મનોવ્યથા ઠાલવતાં લખ્યું : 'મૈં પ્રભુ કૃપા સે ૩૬ વર્ષકી ઉમરમેં સાધુ બના ઔર ચાર વર્ષ સ્વર્ગાશ્રમ રહા. ઔર ગંગોત્રીમેં રહતા હૂઁ. એક શીતકાલ ગૌમુખ કે પાસ રહા હૂઁ ઔર એક વર્ષ ગૌમુખકે ઉપર તપોવનમેં ભી રહા હુઁ. અબ હમારી આયુ ૫૬ વર્ષ કી હૈ. ગુરુસેવા, સંતસેવા ક્રિયા, વિચારમાલા, વૈરાગ્યશતક, વિચાર ચન્દ્રોદય, વિચાર સાગર, ગીતા-રામાયણ ા દ્વારા પઢા, યાદ ભી કિયા. ડોંગરે મહારાજ કા ભાગવત ૭૦ સે ૮૦ બાર પઢા આર સ્વામી અખંડાનંદજીકા ભાગવત ભી ૪-૫ બાર પઢા. મેરા ઈષ્ટ શ્રીકૃષ્ણ ભગવાન હૈ ઔર મંત્ર 'ૐ શ્રી કૃષ્ણાય નમઃ હૈ।' પહલે ઉસકા રોજ એક લાખ જપ કિયા. પીછે વિષ્ણુસહસ્ત્ર યાદ કરકે રોજ ૧૦૮ બાર કરતા થા (ગુરુ મહારાજકો પૂછકર) લગભગ ૧૦-૧૧ વર્ષ નિયમિત રૂપ સે બારહ મહિના ગંગા સ્નાન ગંગોત્રીમેં કરતા રહા.... આજકલ મન ઔર શરીર બહુત મંદ હૈ. મનમેં બહુત ડર લગતા હૈ કિ જીવન શાયદ પ્રભુ પ્રાપ્તિ કે બિના તો નહિ ચલા જાયગા ?... કૈસા ભી હોવે ભગવાન કી પ્રાપ્તિ ઈસી જન્મમેં હોવે, ઐસા માર્ગદર્શન કરેં ઔર મેરી સાધનામેં ક્યા રુકાવટ હૈ વહ ભી બતાને કી કૃપા કરેં....'

સ્વામીશ્રીને આ પત્ર મળ્યો. વાંચ્યો ત્યારે તેઓની સાધના અને શ્રદ્ધા જોઈને અતિશય પ્રસન્ન થયા. તેઓને સ્વામીશ્રીએ લખ્યું : '.... જે કરો છો એ સારું છે. સાધના ચાલુ રાખવી. મંત્ર ચાલુ રાખવો. ભગવાનની કૃપા થશે જ.' જ્યારે તેઓ મુંબઈમાં સ્વામીશ્રીને મળવા આવ્યા ત્યારે તેઓને વિશેષ માર્ગદર્શન સ્વામીશ્રીએ આપ્યું.

સાધનાની અજાણી કેડી ઉપર દિશા અને ગતિ બરાબર છે કે નહિ એવા માલમી અને લક્ષ્યના પ્રત્યક્ષાનુભવી સદ્ગુરુ સિવાય કોણ બતાવી શકે ? સાધના એ ા હોય તો સત્પુરુષ એ દોરો છે. એમના વગર ક્યારેય એકસૂત્રતા સંભવી ન શકે. ...ેક સાધનામાં એવા સત્પુરુષનું પ્રાધાન્ય રહેવું જોઈએ. તો જ સાધના ફળે છે. એક સંતના પત્રના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ લખેલા ૧૩ મુદ્દા આ સંદર્ભમાં સમજવા જેવા છે :

૧. સત્પુરુષમાં મનુષ્યભાવ આવે નહીં એ નિરંતર જોવું અને એમાં સંપૂર્ણ દિવ્યભાવ રાખવો.
૨. એમની સંપૂર્ણ ગરજ રાખીને સેવા કરવી.
૩. તેઓના પ્રતાપે અને મરજીથી સર્વે કાર્ય થાય છે. આપણાથી કાંઈ થાય એમ નથી તેમ જાણપણે રહીને તેઓ રાજી થાય તે જ અને તેટલી જ ક્રિયા કરવી.

૪. સત્સંગ કાર્ય છે અને સત્પુરુષ તેનું કારણ છે આ વાતનું અનુસંધાન : સત્સંગ, મંદિરો, સંતો, હરિભક્તો કે જે જે વિકાસ થાય છે તે સર્વેનું કારણ સત્પુરુષ છે માટે તે રાજી થાય તે જ કરવું.

૫. તેથી (એ પુરુષથી) મોક્ષ છે, તે માટે જ ત્યાગી થયા છે. બાકી આપણને કોઈ ગમે તેટલો ફાયદો કરે, ગમે તેવી સેવા કરે, હેત કરે કે આપણે (પોતે) ગમે તેવું કઠણ કાર્ય કરી શકીએ, કરાવી શકીએ પણ તેમાં મોહ ન પામતાં સત્પુરુષ જ મુખ્ય રહે. તે કહે તેમજ કરવું તેમાં ભલે આપણને દુઃખ આવે તો પણ તે જ કરવું.

૬. બીજાના કહેવાથી દુનિયાનું રાજ મળે, ગમે તેવી મોટપ મળે તો તે ન્યૂન છે તે જાણપણું રાખીને સત્પુરુષ પ્રધાન રહે તેમ કરવું. તે કહે તેમ રાજી રહેવું.

૭. બાપાની દયાથી સત્સંગની ગરજ છે તેવી કાયમ રહે ને કોઈનો સંગ ન લાગે.

૮. બીજો મમત્વ ન થાય. એક જ સત્સંગનો ને સત્પુરુષનો મમત્વ. બાકી બીજા કોઈ મમતે ચઢવું નહિ તે ધ્યેય રાખવો ને તેમાં જ સુખ ને શાંતિ રાખવી.

૯. સેવા, કથા, વાર્તા, ભજન (પ્રવૃત્તિ) સાધુતામાં રહીને કરવી.

૧૦. આપણું શોભે તે કરતાં બાપાનું શોભે તેમ કરવું તો બળ રહેશે.

૧૧. આપણે શું કરવા આવેલ છે તે નિરંતર વિચાર કરવો.

૧૨. મહિમાની વાતો કરવી. મહિમા કહેવો સાંભળવો. મહિમાથી જ સુખ અને બળ રહે છે માટે તે મહિમાનું અંગ દૃઢ રાખવું. આજ્ઞામાં રહીને સેવા, કથાવાર્તા ભજન કરવું. તેમાં જ સુખ છે.

સ્વામીશ્રીનાં આ મહાવાક્યો એમના પોતાના જીવનના પ્રતિબિંબ છે. જે કોઈ મુમુક્ષુ છે એના જીવનમાં ગુરુની શું ભૂમિકા હોઈ શકે એ આ મુદ્દાઓ ઉપરથી સ્પષ્ટપણે ખ્યાલ આવી શકે એમ છે.

સાધનાનો માર્ગ અમસ્તો જ અસિધારા નથી કહ્યો. સાધના કરતાં કરતાં જો ગુરુનો હાથ અને સંગાથ ન હોય તો ક્યારે ફંગોળાઈ જવાય એની ખબર ન પડે.

એક સક્રિય કાર્યકરનો આ જાત અનુભવ છે. વર્ષો સુધી નિષ્ઠાથી તેઓ સત્સંગની સેવા કરતા હતા. એક વિશાળ મંડળના તેઓ ખજાનચી પણ હતા પરંતુ કંઈક ગેરસમજ અને કંઈક વ્યવહારના અણબનાવોનો ભોગ તેઓની આ સાધનામાં ભળ્યો અને ફંગોળાયા. મન ઉપર વહેમનો એવો પડદો રચાઈ ગયો કે અત્યાર સુધી

કરેલી સેવાઓ ઉપર પૂર્ણવિરામ મુકાઈ જાય. આ મતલબનો પત્ર પણ તેઓએ કડક શબ્દોમાં સ્વામીશ્રી ઉપર લખી નાંખ્યો.

સ્વામીશ્રી તેઓના અહં અને અવિશ્વાસની અસમતોલ માનસિક ભૂમિકાને સમજી ગયા. મનમાં પડેલા ઘાને રૂઝવવા કેવળ સલાહ કામ નહિ આવે એ બરાબર જાણતા સ્વામીશ્રીએ તેઓને પહેલો પત્ર આ રીતે લખ્યો : '.... આપે અત્યાર સુધી કોઈની પણ સામું જોયા સિવાય નિઃસ્વાર્થપણે, મહિમાથી સત્સંગની સેવા કરી કરાવી છે. સત્સંગ વધે તે માટે સંપૂર્ણ ભોગ આપેલ છે. એટલે આપ સાચા છો... આપે લખેલ વાતોથી (અમને) જરા મનોમંથન કે દુઃખ થાય એ સ્વાભાવિક છે, આપ સેવા ચાલુ રાખશો તેવી મારી આગ્રહપૂર્વક વિનંતી છે... તમારી ભક્તિ, સેવા ને નિષ્ઠાનો મને ખ્યાલ છે. આપ કુટુંબ સગાં અને સત્સંગીઓ માટે ઘસાયા છો એનો પણ મને ખ્યાલ છે....' અંતરની લાગણી વડે લખાયેલા સ્વામીશ્રીના શબ્દોની ધારી અસર થઈ. સ્વામીશ્રીની નમ્રતા જ પેલા કાર્યકરને એટલી સ્પર્શી ગઈ કે એમાં પોતાની ગેરસમજ અને અહં ક્યાં ઓગળી ગયા એ ખબર જ ન પડી. વહેમ વિલાઈ ગયો. તેઓએ પોતાના દૃષ્ટિભેદનો એકરાર કર્યો.... તેઓની મનોભૂમિકાની સપાટી શુદ્ધ બન્યા પછી સ્વામીશ્રીને જે સમજણ આપવી હતી એ આપી : 'આપણે તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો વિચાર કરવો... તેઓને કાંઈ અધૂરું ન હતું પણ આપણને શીખવવા માટે છેલ્લા શ્વાસ સુધી સેવા કરી... સેવા કરતાં તેઓને જીવનમાં અનેકનું સહન કરવું પડેલ છે. અને દરેકને સાચવીને, સહન કરીને સેવા કરી છે. માટે આપણે તેઓના છીએ. જેમ કુટુંબ, દીકરા-દીકરી, પરિવારનું સહન કરીને કાર્ય કરીએ છીએ તો તેવો જ ભાવ સત્સંગમાં ભગવાનના ભક્તનો સમજીને (સેવા) કરીએ તો વાંધો નહીં આવે. મંદિરને પોતાનું ઘર માનીએ, સત્સંગ પોતાનો અને તે અંગેનું કાર્ય પણ પોતાનું અને હરિભક્તો પોતાના સ્વજન મનાય તો પછી કોઈ ધક્કો ન લાગે કે મન પાછું ન પડે. માટે રાજી થકા સેવા કરો છો એમ કરશો.'

સાધના માર્ગમાં સ્વામીશ્રી જેવા સદ્ગુરુ આ જ રીતે ખરાબે ચઢેલા વહાણને સમતોલ કરે છે. ક્યારેક પોતાના અંગત અનુભવો દ્વારા પણ સ્વામીશ્રી પ્રેરણા આપતા હોય છે. એક સંતને સ્વામીશ્રીએ લખ્યું : '.... મારા માથે નાની ઉંમરે વેહવારિક બોજો આવેલ.... તે ઘણાં અનુભવ થયેલ પણ એક જ ધ્યેય ને વિચાર. શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા તે તાન એટલે શાંતિ, આનંદ રહેતો ને છે.... આ તો જીવનઘડતર છે... આ ઉપરથી તને મારો ખ્યાલ આવે કે ચિંતા કરવા બેસું તો પાર ન આવે પણ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ છે તો કાર્ય થાય છે....'

આદર્શ શિલ્પી

નાનામાં નાની વ્યક્તિના સ્વીકારમાં જેમ સ્વામીશ્રીની એક વિશિષ્ટ દૃષ્ટિ છે એવી એના દોષની સામે ટકોર કરવામાં પણ છે. પ્રત્યેકમાં છુપાયેલી અપાર ક્ષમતા ક્યારે ઊગી નીકળે ? જ્યારે સ્વભાવનું કોચલું ફૂટે ત્યારે. આ કોચલાને તોડવા માટે સ્વામીશ્રીએ હથોડાનો ઉપયોગ નથી કર્યો પરંતુ જમીનમાં ધરબીને જળ સિંચવાનું કાર્ય કર્યું છે. જેથી આપોઆપ એ બીજ કોચલું ભેદીને પોતે જ અંકુરાય અને વિરાટ વૃક્ષ બનીને અન્યને પણ છાંયો આપે. સ્વામીશ્રીની વ્યક્તિ અને સમાજના ઉત્થાનની આ શૈલી ખરેખર અદ્‌ભુત છે. વ્યક્તિને દોષિત ઠેરવવા કરતાં એ પોતે ભૂલ કબૂલવા પ્રેરાય છે. એ માટે સ્વામીશ્રીએ ક્યારેક ટકોર કરી છે ખરી પરંતુ એ તો માત્ર વાતાવરણ ઊભું કરવા પૂરતી જ. આ ભાવના અને દૃષ્ટિ સાથેના મહિમાના ગોલીટા અને ટકોરનાં ટપલાં વડે સ્વામીશ્રીએ વ્યક્તિના ઘાટ ઘડ્યા છે. હરિભક્તોનો મહિમા અને હરિભક્તોને ટકોર... સંતોનો મહિમા અને સંતોને ટકોર. આ બન્ને વિરોધાભાસી બિંદુઓની વચ્ચે જે રેખા છે એ સ્વામીશ્રીના પ્રેમની રેખા છે.

યુ.કે. સત્સંગ મંડળના પ્રમુખ શ્રી સી.એમ. કાકાના અક્ષરનિવાસ વખતે સ્વામીશ્રીના મુખ ઉપરનો વિષાદ અને ત્યાર પછી તેઓના અગ્નિસંસ્કારની વિધિ માટે જાતે કરેલી વ્યવસ્થા અને એ સંદર્ભમાં રાજેશ્વર સ્વામીને લખેલાં સૂચનો જોતાં સ્વામીશ્રીનો હરિભક્તો પ્રત્યેનો મહિમા જણાયા વગર નહીં રહે.

સ્વામીશ્રીએ અગ્નિસંસ્કાર માટે વિમાન દ્વારા તેઓના દેહને અટલાદરા મંગાવ્યો હતો. અગ્નિસંસ્કારની વિધિ માટે સ્વામીશ્રીએ રાજેશ્વર સ્વામીને ચૌદ પાનાનો પત્ર લખ્યો :

- સી.એમ. પટેલના દેહને લઈને તેઓના દીકરા અને સગાઓ, હરિભક્તો આવે છે. તેઓ વડોદરા ઍરપોર્ટ ઉપર ૭-૩૦ વાગ્યે સવારે આવશે. પેટીમાં પેક તેઓનો દેહ હશે તે સારી રીતે વહેલી તકે ઍરપોર્ટથી નીકળી જાય તેવી તમામ વ્યવસ્થા કરશો. આ અંગે સરકારી અધિકારીઓને અગાઉથી મળીને વિધિ કરવાનો હોય તે કરશો.
- ઍરપોર્ટ ઉપર પાંચેક ગાડી હરિભક્તો માટે અને પેટી (કોફીન) માટે લાંબુ મેટાડોર જેવું જુદું વાહન રાખવું.
- ઍરપોર્ટથી મોટરો સીધી છાત્રાલય લઈ જવી. હરિભક્તોને ત્યાં સ્નાન કરવું હોય કે મોંઢુ ધોવું હોય તે માટે બાથરૂમ, જાજરુ સાફ કરાવી રાખવા.
- તેઓનો સામાન એક રૂમમાં, તેઓની રૂબરૂમાં ગોઠવીને રૂમને મજબૂત તાળુ

મારીને ચાવી તેઓને આપવી. સામાન સચવાય તે માટે ખાસ વિશ્વાસુ બે માણસો ગોઠવવા. ત્યાંથી આઘાપાછા ન થાય એ ખાસ કહેવું.

- જે જગ્યાએ અગ્નિ સંસ્કાર કરવાનો છે તે જગ્યા એટલે આખું ખેતર સાફ કરાવવું જેથી તે વખતે બધા બેસી શકે. થોડી ખુરશીઓ પણ એક તરફ રાખવી જેથી વૃદ્ધ હરિભક્તો બેસી શકે.
- એક તરફ મહિલાઓનું ગોઠવાય તેમ કરશો જેથી તેઓને પણ લાભ મળે.
- અગ્નિ સંસ્કાર મોટાસ્વામીનો થયેલ છે ત્યાં નજીકમાં થાય તેમ કરશો... ત્યાં અગાઉથી લાકડાં મુકાવી દેશો. ચંદનના પાંચ સાત ટુકડા હોય તો તે રાખશો અને ઘી, તલ વગેરે પણ તૈયાર રાખશો.
- આપણા સમ્પ્રદાય મુજબ પાલખી જેવું તૈયાર કરવું. ન હોય તો સુથાર પાસે કરાવી લેશો. હું આવું એટલે મને બતાવશો જેથી રૂબરૂ ફેર હોય તો કરાવી શકાય.
- તેઓનો દેહ મુખ્ય દરવાજાની બાજુમાં અનુકૂળ હોય ત્યાં ગોઠવવો. જૂની સ્કૂલ તરફ મંડપ બાંધી, સ્ટેજ જેવું રાખવું જેથી સભા જેવું ત્યાં રાખી શકાય. માઇક પણ ગોઠવવું.
- સભામાં સર્વે નીચે બેસે તે માટે બેસવાની જગ્યા સાફ કરાવશો. ખુરશી પણ રાખશો જેથી વૃદ્ધો બેસી શકે.
- મને યાદ આવ્યું એટલું લખ્યું છે તે ઉપરાંત બીજી વ્યવસ્થા કરવા જેવી હોય તે કરશો.

સ્વામીશ્રીની મહિમાની દૃષ્ટિનાં આ પત્રમાં સાંગોપાંગ દર્શન થાય છે. અંબાલાલ (બકરીપોળ), અંબાલાલ (કલ્યાણ યોજના) વગેરે ઘણા હરિભક્તોના અક્ષરવાસ વખતે એમણે લખેલા પત્રોમાં પણ એ દર્શન થાય છે. સી.એમ. કાકાને સત્સંગ મંડળના પ્રમુખને નાતે જ્યારે જરૂર પડી ત્યારે સ્વામીશ્રીએ ટકોર પણ કરી છે. ખાસ કરીને જ્યારે સંપ્રદાયના પાયાના નિયમોમાં જાણતાં કે અજાણતાં શિથિલતા આવી હોય ત્યારે એ જાણપણું આપવાનું સ્વામીશ્રી ચૂક્યા નથી.

લંડનમાં ભારતીયોના એક સંમેલનમાં આપણા યુવક મંડળે રસોડાની સેવા માથે લીધી. એમાં શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારની રસોઈ પીરસવાની આવી. સ્વયંસેવકોએ જો કે કુશળતા વાપરીને નિષિદ્ધ કર્મ ટાળ્યું. પરંતુ સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા એટલે તરત જ સી.એમ. કાકા અને ટ્રસ્ટીઓ ઉપર પત્ર લખ્યો : '.... દારૂ કે માંસાહાર અપાતા હોય એવી પાર્ટીમાં આપણા યુવકો સેવા આપે તે યોગ્ય ન કહેવાય ને તે ન થવું જોઈએ... સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં આપણા મોટેરા

હરિભક્તો કે ટ્રસ્ટીઓ જાય એ સારી વાત છે પણ એમાં આપણા નિયમ વિરુદ્ધ યુવકોને કે મોટેરાઓને કરવાનું હોય તે ન થવું જોઈએ. પહેલેથી આ અંગે તમામ (ઇન્કવાયરી) પછી જ જવું... સંસ્થાના પ્રતિનિધિ તરીકે તો નિયમ વિરુદ્ધ ન જ થવું જોઈએ.'

રાજસ્થાનનું બિલાડા સ્ટેટ મોભાદાર ગણાય. સ્ટેટના રાજમાતા રાજકુંવરબા દાજીબાપુનાં સુપુત્રીના નાતે સત્સંગના રંગે રંગાયેલા. ઢળતી ઉંમરે તેઓ વર્ષોથી સ્વામીશ્રીને પોતાના સ્ટેટમાં પધારવાનું કહેણ મોકલ્યા કરતા હતા. તેઓના આ કહેણમાં મીરાં જેવી ભક્તિનાં દર્શન થાય છે : '....શરીર રહે કે ન રહે પણ... આપ હજૂર હાથીની સવારીએ પધારો ને મારા રંક વરણની દાસની દાસીનો સંકલ્પ પૂરો કરો. દાજી બાપુની ઇચ્છા હતી... મારે કુબામાં હાથી પધરાવવો છે... બાપા ! મારી પાસે પ્રાર્થના કરવા શબ્દ નથી. આપ કૃપા કરીને પ્રોગ્રામ ફરમાવો તો આપના યોગ્ય ભક્તોને મોકલી તૈયારી કરાવું. હું તુલસીપત્ર હાજર કરીશ. આ રંક દાસીની હાર્દિક પ્રાર્થના છે. મારવાડનું પાણી, દવા સારી છે. આપણને માફક આવશે. મારા બેટા, બેટી, જમાઈને આપનાં દર્શનનો લાભ મળે. બાપા ! દાસની ઔર ઇચ્છા કે મારું મૃત્યુ સુધારજો. અંત વખતે તેડવા પધારજો.' શ્રીજીમહારાજ જેમ કુશળકુંવરબાની ભક્તિને વશ થયા એમ સ્વામીશ્રી પણ રાજકુંવરબાની ભક્તિને વશ થઈને '૯૧ના વર્ષમાં બિલાડા પધાર્યા હતા. અને વિશેષ તો તેઓની માંગણી પ્રમાણે અંતકાળ સુધારવા જ જાણે પધાર્યા હોય એવું તે વખતે અનુભવાયું. તેઓના સુપુત્ર માધવસિંહ દીવાનને સ્વામીશ્રીએ પત્રમાં જણાવ્યું : '.... મીરાંને જેમ અનન્ય ભક્તિ હતી એથી વિશેષ ભક્તિ (એમને) છે. માટે પૂ. યોગીબાપાની એ સાઈઠ વરસથી સેવા કરેલ ઠાકોરજીનાં તેઓને દર્શન થાય તે માટે પધારેલ છે. તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિ કરી મહારાજની મૂર્તિના મહિમાથી દર્શન કરીને તેમાં અખંડ વૃત્તિ રાખે જેથી શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ તેઓને મહારાજની અખંડ સેવામાં બોલાવી લે....'

સમ્પ્રદાયના ઇતિહાસમાં આ કુશળકુંવરબા જેવો જ અજોડ પ્રસંગ છે. અનન્યભક્તિનું આ અનેરુ ઉદાહરણ છે.


સમ્પ્રદાયના સિદ્ધાંતોથી થોડાક અલગ રીતે કથા વગેરે કરતા એક મહિલાના સમાચાર સ્વામીશ્રી સમક્ષ પહોંચ્યા. એટલે તરત જ તેઓના પતિને પત્ર લખીને જણાવ્યું, 'મંડળમાં કથાવારતા કરે પણ એમાં અહં ન આવે અને કથાવારતા કરતા બીજા કોઈનો અભાવ-અવગુણ ન આવે એ જાણપણું રાખવું. જો અભાવ-અવગુણ વધતો હોય તો કથા કરવાનો આગ્રહ ન રાખવો. ટૂંકમાં પોતાને અને બીજાને શાંતિ રહે તેમ જ રહેવું. પક્ષાપક્ષી થાય તેમ ન કરવું. મંડળમાં શાંતિ રહે, એકબીજાનો

મહિમા રહે તે રીતે કરવું.'

✡

૧૯૮૭ના ભયંકર દુષ્કાળ વખતે સ્વામીશ્રીની આજ્ઞાથી શરૂ થયેલા કેટલકૅમ્પોમાં સંતોએ ખૂબ જ પ્રયત્ન કર્યો હતો. સૌ સંતો પ્રત્યેની લાગણી સર્વમંગલ સ્વામી ઉપર લખેલા પત્રમાં સુંદર રીતે રજૂ થાય છે : '.... આપે દુષ્કાળમાં ખૂબ દાખડો કરેલ છે ને આપ બધા સંતોએ તનતોડ સેવા કરી છે તેનો બદલો સો જન્મે પણ આપી શકાય તેમ નથી....'

ઘનશ્યામચરણ સ્વામી પરના પત્રમાં સ્વામીશ્રીએ જાતે જ 'ચરણ' શબ્દને ચિત્રાત્મકતા અર્પી. એમાં પણ પરસ્પરના નિખાલસ સંબંધોનું દર્શન થાય છે.



બીજી બાજુ સ્વામીશ્રી સંતોને ટકોર કરતાં પણ અચકાતા નથી. એક સંતને સ્વામીશ્રીએ લખ્યું, : '.... હમણાં નિયમ લીધેલ છે કે દુનિયા કરતાં સાધુતાનું જાણવું. સ્વામી મહારાજનો મહિમા જાણવો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં કાર્યને જાણવું (એથી આનંદ). દુનિયાનું ખૂબ જાણ્યું ને માણ્યું પણ સારા દેખાયા નહિ, તેથી જીવ ઉજરડાઈ જાય. નદી કિનારે બાવળ હોય તે ઉનાળામાં રેત ફૂંકાતા ઉજરડાઈ જાય તેમ દુનિયાનું જાણવામાં જીવ એવો થાય છે. માટે એમાંથી પાછી વૃત્તિ વાળીને સાધુનો માર્ગ શું છે એમાં પ્રવીણતા મેળવવી તે ઉત્તમ કાર્ય છે. જે વેપાર કરવા બેઠા એનો જ વિચાર કરવાનો હોય, બીજા વિચારથી શું ફાયદો ? જે સાથે લગ્ન તે વખતે દુનિયાની વાતો રૂપ મરસિયા શોભે નહીં....'

એક બીજા સંતને પણ સ્વામીશ્રીએ ટકોર કરી હતી : '....તમો જાતે કેમેરાથી ફોટા લો છો તે બરાબર નથી. તે માટે તમોને આજ્ઞા નથી. મને વાત મળી છે એમાં મારો કર્ણદોષ હોય તો માફ કરશો.'

સત્સંગનું કોઈપણ અંગ હોય, સ્વામીશ્રીની ટકોર અને સ્વીકારમાં એ સૌના ઉત્કર્ષની ભાવનાનાં દર્શન થાય છે. ગતિ કરવા માટે પગલાંને ઊંચકવાની જેટલી જરૂર છે એટલી જ જરૂર પગલાંને નીચે કરવાની પણ છે. બન્ને વિરોધાભાસની વચ્ચે

અંકાયેલી પ્રેમરેખામાં કેવળ એકાંગી નહિ પરંતુ સર્વાંગી, નિખાલસ અને શુદ્ધતાનાં દર્શન અવશ્ય થાય છે. સ્વામીશ્રીનો આ પ્રેમ એટલો સહજ છે કે જનરેશન ગેપનો કોઈ સાંધો એમાં નજરે પડતો નથી. આ રીતે સૌમાં સ્વામીશ્રી ઓતપ્રોત થયા છે અને સૌને શ્રીજીમહારાજની નજીક લઈ આવ્યા છે.

જે સૂતા હતા એને બેઠા કર્યા છે. જે બેઠા હતા એને દોડતા કર્યા છે. જે દોડતા હતા એની ગતિને સ્થિરતા આપી છે. સ્થિર ગતિવાળાને ઊર્ધ્વ દિશા તરફ વાળ્યા છે. જેની દિશા સાચી એને માટે સ્વયં સેતુ બનીને સ્વામીશ્રી પથરાયા છે. એ સૌને માટે અક્ષરનાં દ્વાર ઉઘાડી આપ્યા છે. આવી કેટલીય જુદી જુદી ભૂમિકાઓનાં દર્શન આ પત્રવ્યવહારમાંથી આપણને સાંપડે છે.

આ મૂર્તિના ચમત્કાર

જરૂર પડ્યે સ્વામીશ્રીએ ભક્તોની સાથે હેત કરવા માટે પોતાના ઐશ્વર્યનો પણ ઉપયોગ કર્યો છે.

લંડન રહેતો હિતેશ મોતીભાઈ પટેલ સ્વામીશ્રીનો એક વર્ષ સુધી લાભ લઈને જઈ રહ્યો હતો. એણે પાંચમી સપ્ટેમ્બરની પાન-એમ એરલાઇન્સમાં ટિકિટનું બુકીંગ કરાવ્યું. પરંતુ રાત્રે સ્વામીશ્રીએ દર્શન દઈને પ્રેરણા કરી કે 'આ તારીખ રદ કરાવીને કોઈ બીજી તારીખનું બુકીંગ કરાવ.' બીજે જ દિવસે એણે બુકીંગ રદ કરાવીને સાતમીનું કરાવ્યું. સ્વામીશ્રીની આ પ્રેરણા એને ફળી કારણ કે પાંચમીના પાન વિમાનનું કરાંચીથી અપહરણ થઈ ગયું હતું. સ્વામીશ્રીને એણે પત્ર લખીને આ હકીકત વર્ણવીને આભાર માન્યો હતો.

મહારાષ્ટ્રમાં આવેલા બારસી ગામના એક મૌલવીને રાત્રે સ્વપ્નમાં સાપ દેખાયો. મુસ્લિમ માન્યતા પ્રમાણે આ રીતે સાપનું દર્શન એટલે મૃત્યુનું જ દર્શન. સાપનાં દર્શનથી મૌલવીને શરીરે પરસેવો બાઝી ગયો. મૃત્યુનો ભય એવો લાગ્યો કે બેહોશ થઈ ગયા. ત્યાં સ્વામીશ્રી પ્રગટ થયા અને તેઓ બચી ગયા. મૌલવીએ આ ઘટના ઉર્દુભાષામાં સ્વામીશ્રીને જણાવી હતી.

અમેરિકામાં શિકાગો શહેરમાં રહેતા મૂળ કણભાના વિષ્ણુભાઈએ પત્રમાં પોતાને થયેલા ચમત્કારની વાત લખી :

'મારી દુકાન એવા વિસ્તારમાં છે કે આપણી નજરચૂક થઈ હોય તો અવશ્ય વસ્તુ ચોરાઈ જ જાય. મુફલિસોથી ભરચક એ વિસ્તારમાં શુક્રવારે સાંજે મેં દુકાન બંધ કરી પણ ભૂલમાં ચાવી તાળામાં જ રહી ગઈ. હું ઘરે આવતો રહ્યો. શનિ-રવિ દુકાન બંધ હોય એટલે ચાવી પણ સાંભરી નહીં. સોમવારે ત્યાં ગયો ત્યારે મારા એક રોજના

ગ્રાહકે મને કહ્યું કે શુક્રવારે સાંજે હું અહીંથી પસાર થયો ત્યારે મેં એક ભગવા વસ્ત્રધારી ચોકીદારને તારી દુકાનની ચોકી કરતા જોયો હતો. જો કે એ દિવસે મેં (ગ્રાહકે) દારૂ પીધો હતો એટલે ભ્રમ થયો હશે એમ માની બીજે દિવસે પણ આવ્યો. તો ત્યારે પણ એ ચોકીદાર હાજર હતો. એક બાઈ આવી અને એણે પણ વાત કરી કે ભગવાં વસ્ત્રવાળો ચોકીદાર તારી દુકાનની ચોકી કરતો હતો. એટલે મેં એને દુકાનમાં રાખેલો આપનો ફોટો બતાવ્યો તો કહે : 'બસ ! આ જ માણસ. એણે હાથમાં માળા પણ રાખી હતી.' ખરેખર ! આપે જો રક્ષા કરી ન હોય તો મારી દુકાનમાંથી કશું બચ્યું ન હોત.'

સ્વામીશ્રીને જ્યારે આ સંબંધી સ્પષ્ટતા કરવા મેં પૂછ્યું, 'આપ ખરેખર ગયા હતા ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'આપણે ક્યાં જવાનું હોય ? એ તો મહારાજ જાય.'

સ્વામીશ્રીનાં ચિત્રો

બ્રહ્મવિહારી સ્વામીએ એકવાર ચિત્રાત્મક પત્ર સ્વામીશ્રી ઉપર મોકલ્યો અને લખ્યું કે આ પત્રનો જવાબ કોઈ ચિત્ર દોરીને આપશો. સ્વામીશ્રીએ તેઓને લખ્યું - 'મને ચિત્ર દોરતા તો આવડતું નથી પરંતુ આ સંતો, આ હરિભક્તો એ બધાં મારાં ચિત્રો છે.'

આત્મીયતાના કેનવાસ ઉપર પોતાના લોહીના રંગ વડે સ્વામીશ્રીએ ચિત્રો આપ્યાં છે એ સમાજ માટે અમૂલ્ય ભેટ બની રહે એવા છે.

વડોદરાના અરવિંદભાઈ પટેલ મૂળ ચરોતરના. સત્સંગ થયા પહેલા દારૂના અઠંગ આદતી. પરંતુ સ્વામીશ્રીના યોગમાં આવતાં જ ચમત્કાર બન્યો. એમના જીવનને નવી દિશા મળી અને ઘરના કલેશ મટી ગયા. એમના મિત્રોને પણ એમણે દારૂ મુકાવ્યો. એ દ્વારા રચનાત્મક કાર્ય માટે સમાજને મહિને લગભગ ૨૦,૦૦૦ રૂ.ની ભેટ ધરી. તેઓએ સ્વામીશ્રીને પત્ર દ્વારા જણાવેલા બે પ્રસંગો અત્યંત પ્રેરક છે :

(૧) 'તા. ૨૮-૩-૯૩ના રાત્રે ૮-૦૦ વાગ્યે. મારા બનેવી અમેરિકાથી મારા ઘરે આવ્યા. સાથે દારૂ લાવેલા તે મૂકી અને મને ઑફર કરી. અડધો કલાક પ્રયત્ન ક્યો પરંતુ મેં ના જ પીધો. તેમણે મને કહ્યું કે જો તમે ના પીઓ તો જિંદગીમાં તમારે ઘરે ના આવું. તો મેં એમને કહ્યું, 'જેવી પ્રમુખસ્વામી બાપાની મરજી.' તા. ૧-૨-૯૪ થી તા. ૨૦-૨-૯૪ સુધી તેઓ ભારતમાં રહ્યા અને વડોદરા પણ આવ્યા છતાં મારે ઘરે આવ્યા નથી. જેવી બાપાની મરજી.'

(૨) બીજો પ્રસંગ એમના શબ્દોમાં વાંચતાં પહેલાં એની પૂર્વભૂમિકા સમજવા જેવી છે. અરવિંદભાઈનો બદલાયેલો અભિગમ જોઈને મુંબઈના એમના મિત્રે નક્કી

કર્યું કે અરવિંદભાઈને ગમે એમ કરીને ચલિત કરું. તેઓએ અરવિંદભાઈને મુંબઈ બોલાવ્યા. શરત કરી. અરવિંદભાઈ કહે, 'તું ગમે એ કર. પ્રમુખસ્વામીના પ્રતાપે હું નહિ જ બગડું.' ત્યાર પછીનું પ્રસંગ વર્ણન સુરુચિ જળવાઈ રહે એ રીતે અરવિંદભાઈના જ શબ્દોમાં જોઈએ :

'તા. ૨૧-૨-૯૪. શાંતાક્રુઝ પાસેનો સારંગ ડીસ્કો બાર. સમય રાત્રે ૭-૩૦ થી ૯-૩૦ સુધીનો દારૂ પાનારી અને ડાન્સ કરનારી ૧૪ થી ૨૩ વર્ષની ૧૪ છોકરીઓની વચ્ચે મને બેસાડવામાં આવ્યો. ડીસ્કો ડાન્સ, સેન્ટની સુગંધી માદક વાતાવરણ... જે મને દારૂ પીવડાવે એને ૫૦૦ રૂ.નું રોકડું ઈનામ. જે મને સમજાવવા આવે એને ૧૦ રૂ. તાત્કાલિક... બધી જ છોકરીઓએ બધી જ હરકતો કરી મને ડગાવવા કોશિશ કરી પણ હું ના ડગ્યો. હૉટલના માલિકે તો મને જે કરવું હોય એ મફત કરવાની લાલચ આપી. મેં તેઓને કહ્યું કે 'પોઈઝન આપવું હોય તો હસતાં હસતાં પી જઈશ પરંતુ દારૂ અને વેશ્યાગમન તો નહિ જ કરું....' આપની કૃપાથી મારી જીત થઈ.... હૉટલના માલિકે પૂછ્યું : 'તારા ગુરુ કોણ ?' મેં કહ્યું, 'પ્રમુખસ્વામી.' એ તરત જ બોલ્યા : 'દાદરવાળા ને ?' આ તમાશો જોનારા ગ્રાહકો અંદરોઅંદર કહેતા હતા : 'જેનો ચેલો આવો હોય તો ગુરુ કેટલા મહાન હશે !' આ પહેલાં હું જ્યારે મુંબઈ આવતો ત્યારે આ લાઈનમાં ૪-૫ હજાર રૂ. ખર્ચી નાંખતો.'

અરવિંદભાઈને બારમાં ઢસડી જવાનો નિષ્ફળ પ્રયત્ન કરનારા જગદીશભાઈએ તા. ૧૦-૩-૯૪ના પત્રમાં લખ્યું : 'હજી સુધી મને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી આવતો કે તમે મુંબઈ આવ્યા ત્યારે આપણે ડીસ્કો બારમાં ગયા હતા. તમને ઘણું આગ્રહપૂર્વક કહ્યું પણ તમે દારૂ તથા બીયરને હાથ લગાડ્યો જ નહિ. તમારી દૃષ્ટિ પણ ચલિત થઈ નહિ. જ્યાં જવાન છોકરીઓ ડાન્સ કરતી હોય ને દારૂની રેલમછેલ ચાલતી હોય એવા સંજોગોમાં તો મને લાગે છે કે વૈરાગી પણ એકવાર સંસારમાં આવવા વિચારે પણ તમે તો તટસ્થ રહ્યા. આ એક ઈશ્વરીય ચમત્કાર કહેવાય. બાકી તો અરવિંદભાઈ પહેલાંના અને અત્યારના તમારા સ્વભાવ, વિચાર, વાણી, દૃષ્ટિમાં તો આસમાન જમીનનો ફરક થઈ ગયો છે. મારે પણ સ્વામિનારાયણની કંઠી પહેરવી છે. પહેલાં તો તમને તમાકુવાળાં પાન, દારૂ તથા એવી અનેક બાબતોનો જબરો શોખ હતો પણ તમારો ઈશ્વરીય ચમત્કાર જોઈને મને પણ વ્યસનો પ્રત્યે નફરત થઈ ગઈ છે.'

૧૯૮૪ની સાલમાં નાઈરોબીથી લંડન જતા સ્વામીશ્રીના હાથમાં એક પત્ર હતો. કેન્યાના રાષ્ટ્રપ્રમુખ ડેનીયલ મોઈના ભત્રીજા આરપ ટનુઈનો એ પત્ર હતો. સ્વામીશ્રીના યોગમાં આવ્યા પછી એમણે દારૂ-માંસ ન લેવાનો નિયમ લીધો હતો. ત્યાર પછી એકવાર આ નિયમમાંથી તેઓ ચલિત થઈ ગયા. આ સંદર્ભમાં તેઓએ

સ્વામીશ્રીને જણાવ્યું હતું, 'આપે મને માંસ ન ખાવાનો નિયમ આપ્યો હતો પરંતુ એકવાર હું મોમ્બાસા ગયો ને ત્યાં મારાથી માંસ ખવાઈ ગયું. પરંતુ એ જ દિવસે મને ઊલટીઓ થઈ. હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. આપનો આદેશ ન પાળ્યો એનું ફળ મળી ગયું. હવે હું ક્યારેય નહિ ખાઉં.'

કેન્યાના લેન્ડ સેટલમેન્ટ ખાતાના તત્કાલીન મંત્રી જોસેફ મટુરિયાને તેઓ સ્વામીશ્રીના આમંત્રણથી સને ૧૯૮૫માં ભારત આવ્યા ત્યારે સ્વામીશ્રીએ દારૂ મૂકાવ્યો હતો. ત્યાં ગયા પછી તેઓએ લખ્યું : **'My pledge not to take a beer is growing stronger every day! In fact, I am stronger than ever over this friend of mine called beer. My family is really thankful to the International Convention for Better Living held in India.**

I feel also very strong at my work, both in my Ministry and my Constituency. I have no time to waste! Thank you once again and please pray for me!

(...દારૂ ન પીવાની મારી પ્રતિજ્ઞા રોજ ને રોજ મજબૂત બનતી જાય છે. હું પહેલાં કરતાં દારૂ સામે વધારે મજબૂત બન્યો છું. આપે યોજેલા 'ઇન્ટરનેશનલ કન્વેન્શન ફૉર બેટર લીવિંગ' માટે મારું કુટુંબ ખુબ આભાર માને છે. હું મારા રોજિંદાં કાર્યમાં પણ સ્ફૂર્તિ અનુભવું છું અને મારા પ્રધાનમંડળમાં પણ મારું સ્થાન મજબૂત બનતું જાય છે. મારી પાસે બગાડવા માટે સમય છે જ નહિ. આપનો ફરી આભાર. મારા વતી આપ પ્રાર્થના કરશો.')

ઉબેરના એક હરિજન બંધુએ સ્વામીશ્રીને લખ્યું : 'મેં આપનાં દર્શન અટલાદરા કર્યાં અને હું પોતે સદંતર માનતો ન હતો. પરંતુ આપની દૃષ્ટિ મળી અને જાણે જાદુ થઈ ગયો. હું તથા કુટુંબ માંસ ખાતાં હતાં અને તે પણ દર ત્રીજા દિવસે જોઈએ જ. સાથે દારૂ પણ જોઈએ. સાથે સિગારેટ પણ પીતો. તેમાં ખૂબ ક્રોધ હતો. જે આપનાં દર્શન થવાથી આજે આઠ માસ થવા આવ્યા, ૧૦૦ ટકા સદંતર છૂટી ગયું છે. એનો વિચાર સરખો પણ આખા કુટુંબને આવતો નથી. મારી વ્યભિચારની ટેવ પણ ૧૫૦ ટકા સદંતર નાશ પામી ગઈ છે. આપનો રાજીપો મેળવી હું ખૂબ જ ધન્યતા અનુભવું છું.'

હૉલેન્ડ રહેતા એક ડચ સ્ત્રી હરિભક્ત જેનેટે પોતાની દૃઢતાનો પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું કે : **In 1989, I tried to go to Nepal or India with a group, making a trek in the mountain. I had booked already but some weeks before departure, I heard that for the other people's dinner, chicken would be killed. Then immediately I cancelled the whole trip.**

(...'૧૯૮૯માં મેં મારી જાતે એક ગ્રુપ સાથે નેપાલ અથવા ઇન્ડિયા જવાનો

પ્રયત્ન કર્યો હતો. ટ્રેકીંગ કરવાની ઇચ્છા હતી. મેં બુકિંગ કરાવી નાખ્યું હતું. પણ થોડાં અઠવાડિયાં પહેલાં સાંભળ્યું કે એ ગ્રુપમાં તો મરઘાં મારવામાં આવશે એટલે મેં મારી યાત્રા તત્કાળ રદ કરાવી નાંખી.')

તેઓના આ પત્રનો એક યુવક દ્વારા પત્ર લખાવતા સ્વામીશ્રીએ કહ્યું, 'આમ (મર્યાદાને લીધે) એ ભલે દૂર છે પણ નિયમ-ધર્મ પાળે છે એટલે ભગવાન અને સંતની નજીક જ છે. હિમાલય યાત્રા કરતાંય આ દૃઢતા રાખી એનું પુણ્ય વિશેષ મળશે.'

અમદાવાદ રહેતા રજનીભાઈ રાવળે પોતાના મૃત્યુ પછી કોઈ અત્યંત ગરીબ અને જરૂરતમંદને પોતાની કીડની દાન આપવાની પ્રતિજ્ઞા પણ સ્વામીશ્રીને જણાવી હતી.

લાખો સત્સંગીના જીવનનું ગુરુત્વમધ્યબિંદુ સ્વામીશ્રી છે. આ જ કારણે આજના ભૌતિકવાદી અનેક પ્રલોભનોના ઝંઝાવાતમાં એ દૃઢ રહી શક્યા છે. ફંગોળાઈ જતા નથી. સ્વામીશ્રીનું સમાજ ઉત્કર્ષનું અને વિશ્વશાંતિનું દર્શન જ આ છે. કાદવમાં કમળનું ઊગવું, બગીચામાં એક પુષ્પનું પમરવું અને ભડભડતી બપોરે કોયલનું ટહૂકવું સમગ્ર માહોલમાં રંગત રેલાવી દે છે, એમ નૈતિકતાનાં અધઃપતન તરફ દોડતા અને આધ્યાત્મિકતાથી વિમુખ થતા જતા સમાજમાં એક આદર્શ વ્યક્તિનો ઉગમ કરી દેવો એ જ સ્વામીશ્રીની સહજ ક્રાંતિ છે. આ ધીમું પણ નક્કર કાર્ય સ્વામીશ્રી કરી રહ્યા છે. તેઓએ ક્યારેય આ કાર્યને ક્રાંતિના વાઘા પહેરાવીને સમાજના શૉ રૂમમાં મૂક્યા નથી. એમની આ ક્રાંતિનાં પાત્રો વ્યક્તિ પોતે જ છે. જે આદર્શ બનીને વાટદીવડો બનીને સમાજને ઉજાગર કર્યા કરે છે.

નમું પત્રમૂર્તિ...

સ્થાયીરૂપે સ્વામીશ્રીના આ પત્રવ્યવહારના સેવક તરીકે વર્ષોથી ધર્મચરણ સ્વામી રહ્યા છે. શરૂઆતનાં વર્ષોમાં આ કાર્ય ડૉક્ટર સ્વામી અને સત્યપ્રકાશ સ્વ સંભાળતા. પ્રાસંગિક રીતે આ સેવાનો કિંચિત્ અનુભવ કોઠારી સ્વામી, વિવેકસાગર સ્વામી, શ્રીહરિ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, દેવચરણ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી, શ્વેતવૈકુંઠ સ્વામી, નારાયણભૂષણ સ્વામી, ભગવદ્જીવન સ્વામી, વિવેકસ્વરૂપ સ્વામી, અમૃતદર્શન સ્વામી અને મારા સહિત ઘણાને મળ્યો છે. સૌએ સ્વામીશ્રીની કર્મરતિ અને આંતરિક ભાવના તથા ગુણોનો જાત અનુભવ કર્યો છે.

લાખોની સંખ્યામાં પત્ર લખીને લાખોને શાતા પમાડનાર સ્વામીશ્રીની પત્રમૂર્તિની લાક્ષણિકતાઓ પણ દર્શનીય છે.

છેલ્લાં પાંચેક વર્ષથી સંસ્થા તરફથી છપાતાં લેટરપેડમાં હાંસિયો છાપ્યો હોવા

છતાં લેખન દરમ્યાન હાંસિયો છોડવાની સ્વાભાવિક પ્રકૃતિ સ્વામીશ્રીની છે.

પત્રલેખનની અક્ષરોની દિશા લાઈન કરતાં સહેજ ઉપર તરફ સહેજે જ ચઢતી રહે છે, જે ઉચ્ચ આદર્શનું દ્યોતક છે. મોટા અને જોડિયા અક્ષરો લખવાની ટેવ પત્રલેખનનો વ્યાપ વધવાની સાથે જ પડી છે. પત્ર લખતાં લખતાં થોડી જ વિગત બાકી રહી હોય તો પત્રને આડો કરીને હાંસિયાની જગ્યામાં લખે છે અને તેમ છતાં ક્યારેક વળી વિગત હજી બાકી રહી ગઈ હોય તો પોતે જ લખેલી બે લાઈનોની વચ્ચે વચ્ચે પણ લખે છે. પત્રલેખન કરતી વખતે ખાસ જમણી દાઢ દબાવતા હોય એ રીતે મુખનાં કપોલ હાલે છે. પત્ર વાંચી કે લખી લીધા પછી ક્યારેક પત્રવ્યવહાર માટે બાજુમાં બેઠેલા સેવક તરફ તે પત્ર પડતો મૂકવાની ટેવ છે.

અગત્યના પત્રો કે દસ્તાવેજો ખાસ ઠાકોરજી આગળ પ્રસાદીના કરવા મોકલે અને ત્યાર પછી જ પોસ્ટ કરાવે છે. આવેલો કોઈપણ પત્ર ઓછામાં ઓછા પંદર દિવસ સુધી સાચવવાનો આગ્રહ રાખે છે, જેમાં અતિ અગત્યના પત્રો પોતે જ જુદા સાચવે છે અને ખાનગી પત્રો જાતે વાંચીને ફાડી નાંખે છે અથવા તો લખનાર વ્યક્તિ જો હાજર હોય તો હાથોહાથ પાછો આપે છે. પત્ર લખનાર મુદ્દાસર અને ખોટાં વર્ણનો વગરની વિગતો લખે એ ગમે છે. મંદિરોમાં ઉત્તરાયણના દિવસે ઝોળી માંગવા ગયેલા સંતોના પત્રો આવ્યા હોય કે વિચરણ કરીને આવેલા સંતોના પત્રો આવ્યા હોય તો જમતી વખતે વંચાવે છે. અને ક્યારેક કોઈ એવા પ્રેરણાદાયી પત્રો આવ્યા હોય તો સૌને પ્રેરણા મળે એ માટે પત્રવાંચન વખતે જ સામે બેઠેલા સૌને વાંચી સંભળાવે છે અને નિરૂપણ કરે છે.

ઘણીવાર પત્રવ્યવહાર સંભાળતા સેવક એક પછી એક પત્ર પૂછતા જાય અને સ્વામીશ્રી ઉત્તર આપતા જાય છે. તો ઘણીવાર પત્રો એક સામટા જ વાંચી લઈને અનુકૂળતાએ ઉત્તર લખાવે છે. બહારની સંસ્થાના પત્રો આવ્યા હોય તો સાથે ફરતા વિવેકસાગર સ્વામી કે મને આપીને ઉત્તર લખાવે છે. ક્યારેક ચાલુ મોટરે અથવા તો સભામાં પત્રોની થપ્પી વાંચવા આપી હોય તો થપ્પી ઉપરનું રબર જમણા પગના અંગૂઠે ભરાવીને પત્રો વાંચી લે છે અને ત્યારબાદ થપ્પી ઉપર પાછું ભરાવી દે છે.

પત્રલેખન દરમ્યાન ફોન આવી જાય કે કોઈ મળનારું આવી જાય તો પેનને જમણા પગના અંગુઠા અને આંગળી વચ્ચે ભરાવી દે છે. ક્યારેક ખ્યાલ ન રહે ને બાજુમાં જ ખુલ્લી પેન મૂકી દે તો ધોતિયામાં સહીનો ડાઘો પડી જાય છે. પત્ર લખવામાં 'ણ'ની જગ્યાએ 'ન' અને 'ન'ની જગ્યાએ 'ણ', 'ળ'ની જગ્યાએ 'ડ' અને ક્યારેક 'ણ'ની જગ્યાએ પણ 'ડ' લખે છે. 'અમો' કે 'અમારે'ની જગ્યાએ 'હમો' કે 'હમારે' લખે છે. પત્રલેખનમાં ક્રિયાપદની લઢણમાં 'કરી'ને બદલે 'કરેલ' જેવી ભાષાશૈલી વાપરે છે.

પત્ર લખનાર દરેક વ્યક્તિને 'પૂજ્ય' લખવાનો સહજ સ્વભાવ સ્વામીશ્રીના નિર્માનીપણાને છતું કરે છે.

સામાન્યપણે પત્રનું પાનું પૂરું કર્યા પછી તારીખ અને સ્થળ ઉપરની જમણી બાજુએ લખવાની ટેવ છે. મહાપર્વના દિવસે કે મહાતીર્થમાં પત્રો લખતા હોય તો એનો નિર્દેશ અચૂક કરે છે. ક્યારેક સમૈયા કે પ્રસાદીના સ્થળનું કે ચાલુ સભાનું પણ વર્ણન પત્રોમાં કરે છે.

અગાઉનાં વર્ષોમાં નિર્જળા ઉપવાસને દિવસે આખી બપોર જાગીને પત્રો લખતા હતા. અત્યારે આટલી પ્રવૃત્તિ હોવા છતાં રોજના બે કલાક સરેરાશ પત્રો લખે છે. પત્રની એક લાઈન લખતાં ચાર સેકન્ડ થાય છે. અત્યાર સુધીમાં આવેલા ૪,૩૫,૦૦૦ પત્રો પોતે વાંચીને એના ઉત્તર આપ્યા છે. માંદા હોય ત્યારે સેક્રેટરી પાસેથી સાંભળીને ઉત્તર લખાવે છે.

વર્ષો પહેલાં પારકરની ઈંડીપેન વાપરતા. ત્યારપછી પેન્ટલની રોલર પેન અને છેલ્લાં આઠેક વર્ષથી પેપરમેટની રોલર પેનનો ઉપયોગ કરે છે. દિવાળીના દિવસોમાં લાલ પેનથી લખવાનો આગ્રહ રાખે છે. પેનની રીફિલ ઝાંખી થઈ જાય ત્યાં સુધી બદલવા દેતા નથી.

સ્ત્રીવર્ગમાંથી આવેલા પત્રોના જવાબ હરિભક્તો પાસે લખાવે છે.

ક્યારેક કથાપ્રવાહમાં વૃત્તિ પ્રબળપણે તણાઈ જાય ત્યારે સ્વગત બોલતાં બોલતાં પત્રો લખે છે. તો ક્યારેક અન્ય વિચારોમાં હોય તો અક્ષરલેખનની ગતિ ઘટી જાય છે અને ચેકચાક પણ થાય છે. ગ્રંથોમાં છાપવા માટે આશીર્વાદ લખવાના હોય ત્યારે કાચું લખાણ કર્યા પછી ફરી એકવાર લખે છે.

ક્યારેક ડાબા પગે જમણો પગ ચઢાવીને, ઉપર ૨૦-૨૫ અંશના ખૂણે પેડ મૂકીને પત્રો લખે છે, તો ક્યારેક સોફા ઉપર આડા બેસીને હાથા ઉપર પગ લંબાવીને આરામથી પત્રો વાંચે-લખે છે. ક્યારેક જમ્યા પછી પાટલા પર જ પેડ મૂકીને પત્રો લખે છે. તો ક્યારેક ઉતાવળ હોય તો ઊભાં ઊભાં પત્ર વાંચી-લખી લે છે. ક્યારેક દીવાલને ટેકવીને તો ક્યારેય કોઈ ડાયરી કે મેગેઝીનના ટેકે ઊભા ઊભા જ પત્ર લખી આપે છે. નીચે બેઠા હોય તો ક્યારેક પલાંઠી વાળીને તે ઉપર પેડ મૂકીને લખે છે તો ક્યારેક બે પગ સહેજ પહોળા કરી વચ્ચે ઓશીકું મૂકીને લખવાની ટેવ છે. તો ક્યારેક જમણો પગ ઊંચો કરીને એના પર પેડ ટેકવીને લખે છે.

એક અનોખું દર્શન

ધુવારણમાં સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. દર્શન કરી રહેલા જનમંગલ

સ્વામીએ પૂછ્યું, 'આખો દિવસ લખ્યા કરો છો તે કંટાળો નથી આવતો ?' સ્વામીશ્રી કહે, 'આમાં શું કંટાળો ? આ તો મહારાજની સેવા છે.' જનમંગલ સ્વામી કહે, 'આપના અક્ષર ઘણાંને ઉકલતા નથી. શું લખો છો એ ખ્યાલ પણ આવતો નથી.' તેઓનું આ વાક્ય સાંભળીને ભાવમાં આવીને સ્વામીશ્રી કહે, 'આ અક્ષરનાં દર્શન કરે ને ધડાકા થાય. કામ થવા માંડે.'

મુકુંદચરણ સ્વામીનો અનુભવ છે. પૂર્વાશ્રમમાં લંડન હતા ત્યારે આંતરિક પ્રશ્નો માટે ભાંગીતૂટી ગુજરાતીમાં તેઓએ સ્વામીશ્રી પાસે માર્ગદર્શન મંગાવ્યું. સ્વામીશ્રીનો ઉત્તર મળ્યો તો ખરો પરંતુ અક્ષર તો ઉકલે જ નહિ. તેઓ પોતાનો અનુભવ લખે છે : 'મને અક્ષર તો ઉકલતા જ ન હતા પરંતુ પત્ર હાથમાં આવતા જ જાણે મારા પ્રશ્નો ઓગળવા મંડ્યા. મનને સમાધાન મળતું ગયું. મનમાં દિવ્યતા જણાવા લાગી.' તેઓનો આ અનુભવ એ સૌનો અનુભવ છે.

લોકસંગ્રહની પ્રવૃત્તિને લોકસાધનાના ક્ષેત્રમાં લઈ જવી અને જાહેર જીવનનું આધ્યાત્મિકીકરણ કરીને મનુષ્ય જીવનનાં તમામ પાસાંને આધ્યાત્મિક સંસ્કારોથી વિભૂષિત કરવા એ સ્વામીશ્રીના પત્રવ્યવહારનો ધ્યેય છે.

સ્વામીશ્રીજીમાં રખાયેલી આસ્થાની પ્રચંડ તાકાતનો પરિચય કરાવવો એ આ પત્ર વ્યવહારનો મધ્યવર્તી વિચાર છે.


આ પત્ર વ્યવહાર દુનિયાના પ્રચલિત વ્યવહારથી કંઈક નવી ભાત પૂરી પાડે છે. આ દ્વારા સ્વામીશ્રીએ મફત સલાહો સાંભળવા ટેવાયેલી દુનિયાને એક નવો માર્ગ ચીંધતો કર્યો છે. સ્વામીશ્રીએ જે નૂતન ક્રાંતિની ધુરા સંભાળી છે એની જડોમાં કે શાખા-પ્રશાખાઓમાં જે રસ વહે છે તે દુન્યવી વ્યવહાર કરતાં જુદો છે. પિતૃ સ્થાનેથી આજ્ઞા સાંભળવાને ટેવાયેલી, ગુરુસ્થાનેથી ઉપદેશ અને નેતૃત્વના સ્થાનેથી ફરમાનો સાંભળવા ટેવાયેલી દુનિયાને આ પત્રવ્યવહાર નવી દિશા ચીંધે છે.

આ પુસ્તકમાં જે લખાયું છે એ નથી લખાયું અને જે નિહીત છે એની અનંતતાને દર્શાવવા માટે જ લખાયું છે. સાગરના એક બિંદુમાં સાગરની બધી જ ગુણવત્તા હોઈ શકે પરંતુ એમાં વિશાળતા ક્યાંથી સંભવે ? આ પુસ્તક પણ સ્વામીશ્રીના વિશાળ પત્રસાગરનું એક બિંદુ છે.


સ્વામીશ્રીના એક અનોખા દર્શનની ઝાંખી કરવાનો આ એક અલ્પ પ્રયાસ છે.

આ પત્રવ્યવહારની પાછળ વ્યક્તિના આધ્યાત્મિક ઉત્થાન દ્વારા ભવ્ય સમાજ રચના, આદર્શ નેતૃત્વ અને આધ્યાત્મિકતાના રહસ્યમંત્રો પડેલા છે. આ મંત્રોના દ્રષ્ટાની આ એક ટૂંકી પત્રયાત્રા છે. તેઓના એક અજાણ્યા વ્યક્તિત્વનું આ દર્શન સદા સૌની આંખોમાં રમતું રહે.


વધતી જતી ઉંમરે તેઓની આંગળીઓની ગતિ પણ વધતી જાય છે.



(૪૦ના દાયકાની સહી)




(૫૦ના દાયકાની સહી)



(૬૦ના દાયકાની સહી)



(૭૦ના દાયકાની સહી)




(ઉતાવળમાં કરાયેલી સહી)




(૮૦ના દાયકાની સહી)



(૯૦ના દાયકાની સહી)



(હિન્દીમાં લખેલા...)



(અંગ્રેજીમાં લખેલા...)



સ્વામીશ્રીનો વિરાટ પત્રવ્યવહાર એટલે
નાના-મોટા તમામ હરિભક્તોના ઘરે દોડી જઈને
એને સુખી જોવાની સ્વામીશ્રીની કરુણાસભર ઝંખના.
સ્વામીશ્રી સૂર્ય છે. પોતાનાં પત્રકિરણો દ્વારા
નાના-મોટા, ગરીબ-તવંગર, ઊંચ-નીચ, દેશ-વિદેશ
બધે જ તેઓ પહોંચ્યા છે અને પ્રકાશ પાથર્યો છે.
મનુષ્ય જીવનનાં તમામ પાસાંને આધ્યાત્મિક સંસ્કારોથી
વિભૂષિત કરવા એ સ્વામીશ્રીના પત્રવ્યવહારનો ધ્યેય છે.
આસ્થાની પ્રચંડ તાકાતનો પરિચય કરાવવો
એ આ પત્ર વ્યવહારનો મધ્યવર્તી વિચાર છે.
આ પત્ર વ્યવહાર દુનિયાના પ્રચલિત વ્યવહારથી
કંઈક નવી ભાત પૂરી પાડે છે.
આ દ્વારા સ્વામીશ્રીએ મફત સલાહો સાંભળવા ટેવાયેલી દુનિયાને
એક નવો માર્ગ ચીંધતો કર્યો છે.
પિતૃ સ્થાનેથી આજ્ઞા સાંભળવાને ટેવાયેલી,
ગુરુસ્થાનેથી ઉપદેશ અને
નેતૃત્વના સ્થાનેથી ફરમાનો સાંભળવા ટેવાયેલી દુનિયાને
આ પત્રવ્યવહાર નવી દિશા ચીંધે છે.

अमृत महोत्सव '९५

BG512